કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • વર્ષ ૬૫મું • માહે ફેબ્રુઆરી ૧૯૯૨ • સળંગ અંક ૭૬૮


તંત્રી

ધીરુ પરીખ


સંપાદક


બિહારીલાલ ટાંક





સોળમા જૈન તીર્થંકર શ્રી શાંતિનાથની સ્તુતિરૂપ પ્રાચીન ગુજરાતી કાવ્ય 'શાંતિનાથ–બોલી'ની સંવત ૧૩૫૦ (ઈ. ૧૨૯૩)માં જૈનાચાર્ય જિનેશ્વરસૂરિના શિષ્ય વિનયસમુદ્રે લખાવેલી એક હસ્તપ્રતનું અંતિમ પૃષ્ઠ.





'ગજસ્તંભ' નામના હસ્તી–ચિકિત્સા વિષયક એક સચિત્ર ગ્રંથમાંનું પ્રાચીન ચિત્ર.

નીચે : 'મધુમાલતી' નામક પ્રસિદ્ધ પ્રાચીન પ્રણયગાથાની ૧૦મા શતકના પૂર્વાર્ધની એક સચિત્ર હસ્તપ્રતમાં યુદ્ધરત કથા નાયક મધુસુતનું ચિત્ર.

ઉપર :
જૈન કલ્પસૂત્રમાં કાલકાચાર્ય કથાનકનું એક પ્રસંગચિત્ર.



આ તથા પૂઠા પરના બધા બ્લૉકો લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સૌજન્યથી

'કુમાર'   વર્ષ પાંસઠમું

ફેબ્રુઆરી ૧૯૯૨ • સળંગ અંક ૭૨૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-લઘુકથા-લઘુનવલ

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૩૫૦

આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર'ના ડિસેમ્બર ૧૯૯૧ના અંકમાં છપાએલો તમારો લેખ 'નિહારિકાઓ' વાંચ્યો. આમ જ લખતા રહેજો. કેટલીક વિગતો નીચે અનુસાર ધ્યાન રાખશો તો આનંદ થશે.

નિહારિકા શબ્દ Nebula છે. જૂના જમાનામાં Extra Galactic Nebula શબ્દ વપરાતો હતો. હવે તે નથી વપરાતો. કારણ આપણા 'આકાશગંગા વિશ્વ' જેવાં જે અનેક નાનાંમોટાં તારાવિશ્વો બ્રહ્માંડમાં આવેલાં છે તેમાં પણ આપણા તારવિશ્વની પેઠે નિહારિકાઓ (Gas clouds) આવેલી છે. હવે શબ્દપ્રણાલી નીચે અનુસાર યોજાય છે.

Cosmos = બ્રહ્માંડ
Universe = બ્રહ્માંડ (વિશ્વ નહિ)
Galaxy = મંદાકિની વિશ્વ
(આપણું તારા વિશ્વ, જેમાં G કેપિટલ લખાય છે.)
galaxy = તારાવિશ્વ
દેવયાની તારાવિશ્વ = Andromeda galaxy

તમે કર્ક નિહારિકાને રીતસરની (જેમાંથી તારા જન્મ લઈ શકે તેવી) નિહારિકા માની લેવાની ભૂલ કરી છે. એ તો પરમ વિસ્ફોટના અવશેષની આજુબાજુનું વાયુવાદળ છે, જેમાંથી તારો જન્મવાનો નથી. ગ્રહરૂપનું તેવું જ છે.

તમે આકાશગંગાનો તારાવિશ્વ તરીકે ઉલ્લેખ કર્યો છે, પણ એ વાજબી નથી. આકાશગંગા તો દૂધિયો તારાપટ છે. અંગ્રેજીમાં એને Milky Way કહે છે. પણ એ Way ની બહાર જે તારા વિસ્તરેલા છે તે સમગ્રનું ભેગું નામ Milky Way Galaxy છે. એટલે ગુજરાતીમાં એને આકાશગંગા વિશ્વ યા મંદાકિની વિશ્વ કહીએ છીએ.

- છોટુભાઈ સુથાર (આણંદ)

ગુર્જિએફના ચરિત્રલેખ અંગેનો મારો પત્ર 'કુમાર'ના ડિસેમ્બર '૯૧ના અંકમાં છપાયો છે તેમાં સરતચૂકથી થોડું છપાયું નથી તેમ લાગે છે. આમ થવાથી જે પુસ્તકો વાંચવાની ભલામણ થઈ છે તેના લેખકનું નામ રહી જાય છે તે તરફ ધ્યાન દોરું છું.

(પૃ. ૫૮૨ ત્રીજા કોલમમાં)... 'દૈનિક ગૃહસ્થીમાં રહીને ઉત્ક્રાંતિ સાધવાનો આ ચોથો માર્ગ તેને The Fourth Way તરીકે ઓળખાવ્યો છે. તેની રૂપરેખા જાણવા માટે પી.ડી. ઑસ્પેન્સ્કીનું નાનકડું પુસ્તક The Psychology of Man's Possible Evolution વાંચવું ઘટે.'

- કિશોર ગોહિલ (રાજકોટ)

ડિસેમ્બર '૯૧ના કુમારમાં કિશોર ગોહિલે ગુર્જિએફ વિષે થોડી માહિતી આપી છે, પરંતુ તેમાં સૌથી અગત્યની વિગત રહી ગઈ છે, જે અહીં રજૂ કરું છું.

ગુર્જિએફની સાધના વિષે વિશ્વમાં ઘણાં કેન્દ્રો ચાલે છે, જેમાં પ્રયોગાત્મક ધોરણે કદાચ ભારતભરમાં એકમાત્ર સક્રિય કેન્દ્ર ગુજરાતના જૂનાગઢ જિલ્લાના માધવપુર (ઘેડ) ગામે ચાલે છે! સ્વામી બ્રહ્મવેદાંત કેટલાંક વર્ષોથી પ્રાયોગિક રીતે ગુર્જિએફ-સાધનાનો અભ્યાસ નિયમિત શિબિરો દ્વારા કરી-કરાવી રહ્યા છે. ત્યાં તેમનો વિશાળ 'રામદુલારે આશ્રમ' છે.

ગોહિલે ભારતનાં કેન્દ્રોના ફોન નંબર આપ્યા છે, પરંતુ બ્રહ્મવેદાંતની માહિતી આપવાનું ચૂકી ગયા છે. વળી, ગોહિલ બ્રહ્મવેદાંતના આશ્રમમાં જઈ આવ્યા છે એવુ માનું છું. (બ્રહ્મવેદાંતે મને આ વાત રૂબરૂમાં કહ્યાનું સ્મરણ છે.) માધવપુરની માહિતી ન આપવામાં ગોહિલ ઊણા ઊતર્યા છે.

ગુર્જિએફમાં રસ ધરાવતી વ્યક્તિઓમાં સર્વશ્રી માવજી સાવલા (ભૂજ), પુષ્કર ગોકાણી (દ્વારકા), ડૉ. બી. જી. ચંદરાણા (ગોંડલ) અને સ્વામી પ્રેમચૈતન્ય (જૂનાગઢ)નું સ્મરણ થાય છે.

ઑસ્પેન્સ્કીના પુસ્તક The Fourthનું ગુજરાતી ભાષાંતર શ્રી પ્રેમચૈતન્યે કર્યું છે. Tertium Organumનું ભાષાંતર ૧૯૬૦માં મેં વાંચેલું.

ગોહિલ કહે છે કે ગુર્જિએફ અને તેમના વિચારો વિશે ગુજરાતમાં જે પ્રકાશનો જોવામાં આવ્યાં છે તેના મારફત તેની વિશિષ્ટતાઓનો સાચો અને પૂરતો ખ્યાલ આવતો નથી. ત્યારે ગોહિલ જે બે અંગ્રેજી ગ્રંથોને મહત્ત્વનાં ગણે છે તેનો ગુજરાતી અનુવાદ પોતે કરે તો ?

- ડૉ. શબ્દસરન (મહુવા)

'કુમાર'માં કલાને લગતા લેખોમાં 'સ્ક્રીન પ્રિન્ટિંગ'ને લગતો વિગતવાર ખાસ લેખ પ્રસિદ્ધ કરશો તો કલાના ક્ષેત્રમાં પડેલ અનેકને ઉપયોગી થઈ પડશે. - આર. આર. રાજ (જંબુસર)

ડિસેમ્બરના અંકમાં સ્વ. મહાદેવભાઈ દેસાઈની જન્મશતાબ્દીને લગતા પુસ્તકનું અવલોકન આપ્યું છે તેમાં તેનું પ્રાપ્તિસ્થાન* જણાવ્યું નથી તો તે જણાવવા વિનંતિ.

- તુષારકાન્તિ દોશી (હૈદરાબાદ)

(* પ્રાપ્તિસ્થાન : ગ્રંથાગાર, મ્યુનિ. માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૯)

'કુમાર'ના જૂના અંકો

મારી પાસે 'કુમાર'ના વરસેવરસના બાંધેલા તેમજ કેટલાક છૂટા અંકો છે. કોઈ સંસ્થા કે લાયબ્રેરી જે પોતાના વાચકોને તેનો લાભ આપવા માગતી હોય તેમને આ જૂના અંકો વિનામૂલ્યે આપવા તૈયાર છું, પણ તેનો સદુપયોગ થવાની ખાતરી મળવી જોઈએ. આ અંકો પસ્તીમાં ન જવા જોઈએ. એનો બહોળો ઉપયોગ થાય એવી અપેક્ષા છે.

લીનેશ એલ. શાહ. (૧૮/૧૦, આર. એ. કિડવાઈ રોડ, ૭/પ્રેમમિલન. પહેલો માળ, વડાલા, મુંબઈ-૪૦૦ ૦૩૧. ફોન : ૪૧૨ ૩૪૭૬.)

મારી પાસે 'કુમાર'ના કેટલાક અપ્રાપ્ય જૂના અંકો કાઢી નાખવાના છે. જરૂરી વિગત માટે લખવા વિનંતિ. દિનકરરાય કા. ભટ્ટ (પ્લોટ નં. ૫૪૨ (બી), માણેકવાડી, સ્ટેશન પાસે, કૃષ્ણનગર, ભાવનગર)

અમારી પાસે 'કુમાર'ના ૫૦ વર્ષના અંકો છે જે વેચાતા આપી દેવા છે.

Narayandas Visanji
(9/270, Beach Road, Calicut
(Kerala) - 673001

લૂ વહે ત્યાં

(વસંતતિલકા)

ત્હારું ન કૂજન મુહુર્મુહુ હોત આવું,
હે કોકિલા,
તપન-ઉગ્ર હવા દહે ત્યાં
તો...
કિન્તુ કૂજન મુહુર્મુહુ,
ને હું જાણે
કો નિર્ઝરીની કલ-શીકર શીત ભીનો !

રાજેન્દ્ર શાહ

*

ભાતું

(શિખરિણી-સૉનેટ)

'કરો ચિંતા શાને ? દીસત વધુ સામાન તદપિ
પથે, યાત્રા-વચ્ચે, વજન ઘણું યે ખાલી જ થશે...'
- જતાં યાત્રા પહેલાં ગૃહિણી સમજાવે જ મુજને;
ફરી પાછાં આવ્યાં, વજન નીરખું શું વધી ગયું ?
હતું તેનાથીયે ખરીદી કશી ક્યાં વસ્તુ નવીયે ?
- વિચારું; ત્યાં સ્પષ્ટીકરણ ગૃહિણી મર્મથી કરે;
પથે છૂપે છૂપે કીમતી - ઉપયોગી કંઈ ચીજો
ભળી ગૈ સામાને - નકી વજન-જથ્થો વધી ગયાં:
ઘણા સંપર્કો, વા અનુભવ, સ્મૃતિ, જ્ઞાન નવલાં
હું દામ્પત્યે પામું સહ-સફર આનંદમધુ - જે
અમારા સામાને અજબ રીતથી એ ભળીભળી
પ્રવાસે સૌ ભાતું જીવનપથ સમૃદ્ધ કરતાં;
પ્રવાસે છો આયુ-વયની વખરી શેષ બનતી
છતાં તેમાં વસ્તુ નવી ઘણી ભળ્યે પુષ્ટ જ પુનઃ !

દિનેશ મોદી

વિચાર થાય છે

(ગઝલ)

દરરોજ અંધકારનો પ્રચાર થાય છે,
તો પણ અજાયબી છે કે સવાર થાય છે.
જંગલનો કાયદો બધે જ છે અમલ મહીં,
જેની ગતિ હો મંદ એ શિકાર થાય છે.
રફતાર મારી છે કે સમયની, ખબર નથી,
જાણું છું એ જ કે બધું પસાર થાય છે.
ઘરબાર છોડીને ઘણાય નીકળ્યા હશે,
એ ત્યાગ થઈ જો ના શકે, લટાર થાય છે.
ઝરમર નહીં ઓ મેઘ ! તું કરી દે જળપ્રલય,
બળવાનનો જ વિશ્વમાં સ્વીકાર થાય છે.
ખડકો ઘસાઈ જાય છે અહીં વખત જતાં,
મારી ગઝલ વિષે મને વિચાર થાય છે.

હેમેન શાહ

*

અંધારું

અંધારું આંગણાંમાં આવીને બેઠું,
અંધારું કોને પૂછીને અહીં પેઠું,
અંધારું પંખીની સાથ ઊડ્યું પાંખે,
અંધારું ઊડતું જોયું મેં નરી આંખે.
અંધારું આખીયે સીમ મહીં ફરતું,
અંધારું રાતના તળાવ મહીં તરતું.
અંધારું પરભાતે ખીણ મહીં પડતું,
અંધારું રાત પડે પર્વત પર ચઢતું.
અંધારું ઝરણાંની સાથ વહી જાતું,
અંધારું નીરને તે શુંય કહી જાતું !
અંધારું દીવાની જ્યોત થકી ખાળો,
અંધારું સૂરજનાં કિરણોથી વાળો.
અંધારું મારે છે પોપચાંને તાળું,
અંધારું આટલું તે કેમ હશે કાળું !

ઉમેશ ઉપાધ્યાય

રાજા રમન્નાનો જન્મ 'પૅન્શર્સ પૅરેડાઈસ' એવા માઈસોર શહેરમાં કર્ણાટકની હેબ્બર શ્રીવૈષ્ણવ પેટાજ્ઞાતિમાં થયો હતો. તેમના વડવા બી. વેંકટાચાર કન્નડ ગદ્યસાહિત્યના શિલ્પી હતા. તેમના પિતા શ્રી બી. રમન્ના માઈસોર રાજ્યના ન્યાયખાતામાં નોકરી કરતા હતા અને તેઓ ટેનિસ, બિલિયર્ડ તથા બ્રીજના અચ્છા ખેલાડી હતા, સામાજિક રીતે થોડાક અતડા પણ હતા. તેમનાં માતા રૂક્મિણીઅમ્મા જિલ્લા જજનાં પુત્રી હતાં. તેમની માતાએ શેક્સપિયર, ડિકન્સ અને સર વોલ્ટર સ્કોટ જેવા કેટલાક અંગ્રેજી સાહિત્યકારોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. રૂક્મણીજી અંગ્રેજી સાહિત્યમાં તરબોળ હોવા છતાં ધાર્મિક અને અંધશ્રદ્ધાળુ હતાં. રાજા રમન્નાના કાકા કાવેરી નદી ઉપરના કૃષ્ણરાજસાગર બંધના કાર્યપાલક ઈજનેર હતા. રાજા રમન્નાને બીજા ત્રણ ભાઈઓ અને બે બહેનો હતી. આ બધામાં રાજા સૌથી નાના હતા. હેબ્બર શ્રીવૈષ્ણવ જ્ઞાતિના મોભી શ્રીકૃષ્ણ આયંગરના વિધવા પત્નીએ શ્રી રૂક્મિણીજીને રાજા રમન્નાના જન્મ પહેલાં કહેવડાવેલું કે પુત્રનો જન્મ થાય તો તેનું નામ કૃષ્ણરાજા રાખવું. પુત્રનો જન્મ થયો. નામ પણ કૃષ્ણ (ક્રિશ્ન)રાજા રાખ્યું. સમય જતાં કૃષ્ણ (ક્રિશ્ના)નો લોપ થતાં તે રાજા કહેવાયા. માઈસોરના મહારાજાના સચિવ અને બૅંગલોર કૉર્પોરેશનના કમિશનર શ્રી કે. નરસિંહ આયંગરની પુત્રી માલતી સાથે રાજાનું લગ્ન ૧૯૫૨માં થયું હતું. તેમને બે પુત્રીઓ અને એક પુત્ર છે. મજબૂત મનોબળ અને સમર્પણની ભાવનાવાળાં રૂક્મિણીજીનું જીવન વૃંદાવન ઉદ્યાન જેવું ભાતીગળ અને સ્ફૂર્તિપ્રેરક હતું. તેમના પિતૃપક્ષેથી સાહિત્ય અને સંસ્કારોની ગંગોત્રી વહેતી હતી. આથી રાજાના ઉછેર અને વિકાસમાં કોઈ કચાશ રહી નહોતી. બાળપણથી જ રાજાના જીવનમાં ભારતીયતા, સ્વદેશીપણું અને ખુલાપનના ખ્યાલો વણાયેલા હતા.

રાજાનું કુટુંબ તો સંસ્કારોથી સભર હતું જ, પણ તેમનું રાજ્ય માઈસોર તો ઘણું જ પ્રગતિશીલ હતું. માઈસોરના મહારાજા કૃષ્ણરાજ વાડિયાર (ચોથા) તેમનાં ડહાપણ, શક્તિ અને સદ્કાર્યો માટે ખ્યાતનામ હતા. તેમણે ભારત-ભરમાં પ્રથમ એવું હાઈડ્રોલિક પાવર મથક ૧૯૦૪માં તૈયાર કરાવેલું. મહારાજા શ્રી વાડિયારે વિશ્વ-વિખ્યાત ઈજનેર અને રાષ્ટ્ર-પુરુષ શ્રી વિશ્વેસરૈયાની સહાયથી ભદ્રાવતી સ્ટિલ પ્લાન્ટ,



રાજા રમન્ના અગિયાર વર્ષની વયે

કૃષ્ણરાજસાગર બંધ અને માઈસોર યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. મ્હેકથી મધમધતા માઈસોર રાજ્યનો રાજાના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો રહ્યો છે.

રાજાએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માઈસોરમાં લીધેલું. રાજા સંગીતના ભારે શોખીન અને ચાહક. સંગીતનો તલસાટ અને ઝંખના રાજાને જીવનની કેટલીક ગંભીર પળોમાં હળવાશની ઝાંખી કરાવતાં હતાં. માઈસોર રાજ્યના આશ્રિત જર્મન સંગીતજ્ઞ ઓટો સ્મિટ્ અને અન્ય ભારતીય સંગીતજ્ઞોની ઉપસ્થિતિમાં રાજાએ સંગીતની સાધના કરી હતી. રાજાની તેજસ્વિતા અને સંગીતપ્રિયતાને કારણે મહારાજા તેમની પૂરતી કાળજી રાખતા હતા. તે સમયે માઈસોર પણ ગંદવાડથી મુક્ત ન હતું. કારણ કે કેટલાક રાજ્યાશ્રિત સંગીતકારો રાજા તથા અન્ય શક્તિશાળી સંગીત-સાધકોને અંતરંગ વર્તુળની બહાર રાખતા હતા. આથી બિથોવન કોન્સર્ટમાં રાજાને ઇરાદાપૂર્વક પાછળ રાખ્યા હતા. આવી બધી ધાલમેલો તરફ ધ્યાન ન આપતાં રાજાએ તો સંગીત-સાધનાને પોતાનું લક્ષ્ય બનાવેલું. તે સમયે માઈસોર રાજ્યે ટ્રિનિટી કૉલેજ ઑફ મ્યૂઝિકમાં સંગીત શીખવા માટે રૂપિયા ૭૦૦૦ની શિષ્યવૃત્તિ રાજાને એનાયત કરી હતી. પણ આ રકમ રાજા સુધી પહોંચે તે પહેલાં માઈસોરના રાજાનું ૧૯૪૦માં અચાનક અવસાન થયું. ત્યારબાદ તો રાજ્યાશ્રિત ઈર્ષાળુઓએ અષ્ટમ્‌પષ્ટમ્ કરીને રાજાને શિષ્યવૃત્તિથી વંચિત રાખ્યા. આ રીતે રાજા દુર્ભાગ્યના ભોગ બન્યા. સંગીત અને પોતાની વચ્ચેના અનુનાદથી રાજાનું દિલ બેશક આનંદથી ઊછળી ઊઠતું, જ્યારે સંગીતશાળાઓમાં થતા સંઘર્ષોથી તેમના દિમાગને સંતુલનનું શિક્ષણ પ્રાપ્ત થયું. ત્યારબાદ રાજાએ સંગીતનું શિક્ષણ બિશપ કોટન સ્કૂલ તથા ગુડ શેફર્ડ કોન્વેન્ટમાં લીધું હતું. તે સમયે સંગીત બ્રિટિશરો અને ભારતીયોને જોડતી એક કડી હતી. જેમ જેમ રાજા બ્રિટિશરોની નજીક ગયા તેમ તેમ એમને ખાત્રી થઈ કે મિશનરીઓ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાને મરણતોલ ફટકા મારવાનું કદાપિ ચૂકતા ન હતા. આથી રાજાને બ્રિટિશરો પ્રત્યે ભારોભાર તિરસ્કાર જન્મ્યો. પણ સંગીત બ્રિટિશરો સાથેના પ્રેમનું કારણ બની રહેતું હતું. આથી બ્રિટિશરો પ્રત્યે રાજાને પ્રેમ અને તિરસ્કારની મિશ્ર લાગણીનો અનુભવ થયો હતો. જર્મન સંગીતજ્ઞ લિઝ્ટનું રાજાના દિલમાં અનોખું સ્થાન હતું, કારણ કે લિઝ્ટમાં સંગીતની વૈશ્વિક પ્રકૃતિની સમજ હતી. રાજા, ભાભા અને આઈન્સ્ટાઈનના દિમાગમાં ભૌતિકશાસ્ત્ર અને દિલમાંથી સંગીત નીતરતું હતું.

૧૯૪૦ અને ત્યારબાદ આઝાદીની ચળવળ પૂરબહારમાં ચાલતી હતી. આખોય દેશ ગાંધીજીની અસર નીચે હતો. રાજાના ઘર આગળ જ બ્રિટિશ માલની હોળી કરવાની અન્ય રાજકીય પ્રવૃત્તિઓ ચાલતી હતી. આથી રાજાના માનસપટ ઉપર રાષ્ટ્રિય ભાવના વધુ ઘેરી બનતી હતી. 'વિભાજિત કરો અને રાજ્ય કરો'ની નીતિને કારણે બ્રિટિશ શાસને માઈસોરના કેટલાય બ્રાહ્મણો અને ભારતીય નાગરિકોનાં જીવન અંધકારમય બનાવી દીધાં હતાં. આથી કેટલાય ભારતીય નાગરિકો અમેરિકા અને અન્ય વિદેશો પ્રત્યે આકર્ષાયા હતા.

રાજા બેંગલોરની સેંટ જોસેફ કૉલેજમાં ઇન્ટરમિડિયેટ પૂરું કરીને તાંબારામની મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાં જોડાયા. આ કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્રના વિષય સાથે બી.એસસી. (ઓનર્સ) થયા. અહીં અને અન્ય બ્રિટિશ શિક્ષણ સંસ્થાઓમાં ભારતના પ્રખર પ્રાધ્યાપકો અને તજ્જ્ઞો સંનિષ્ઠાપૂર્વક અધ્યાપન-કાર્ય કરતા હોવા છતાં તેઓની ગણના બીજી-ત્રીજી


કક્ષાના નાગરિકોમાં થતી હતી. પરિણામે ભારતીય પ્રાધ્યાપકો શૈક્ષણિક નૂર અને સર્જનશક્તિ ગુમાવી બેઠા હતા. ભૌતિકશાસ્ત્ર માત્ર પરીક્ષા પૂરતું ઉપરછલ્લું જ ભણાવાતું હતું અને વિષય સાથે તાદાત્મ્ય કેળવવાની કોઈ તક આપવામાં આવતી નહોતી તેવો રાજાને ઠોસ અનુભવ થયો. આથી રાજાને અસલ ભારતની એક ઝાંખી થઈ.

૧૯૪૭માં ભારતના ભાગલા સાથે બ્રિટિશ સામ્રાજ્યનો ભારતમાં અંત આવ્યો. ભારતના બહુજન સમાજને આઝાદીનો આનંદ હતો, પણ રાજા જેવા સંસ્કારી અને સંવેદનશીલ નાગરિકોને ભારતના ભાગલાની વેદના અસહ્ય હતી. આઝાદી ટાણે જ સમગ્ર ભારત કોમવાદી વાયરસના ભરડામાં આવી ગયું ત્યારે આ વેધક પરિસ્થિતિનો અંત લાવવા ગાંધીજી આમરણ ઉપવાસ ઉપર ઊતર્યા હતા. ગાંધીજીના ઉપવાસને નૈતિક બળ તથા અનુમોદન આપવા રાજા અને તેમના મિત્રો પ્રતીક ઉપવાસ પર બેઠા હતા. બરાબર તે જ સમયે મુસ્લિમ વિદ્યાર્થીઓએ તેમની સામે 'બડાખાના'ની મહેફિલ યોજીને ગાંધીજીનો સખત વિરોધ કર્યો હતો. આ પ્રસંગથી પારદર્શક બનેલા ભાવિમાં રાજાને કોમવાદી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓનાં દર્શન થયાં, જે આજે સૌ કોઈ અનુભવી રહ્યા છે. રાજાની શક્તિ અને નિર્ભિકતાને કારણે તેમને સામ્યવાદી પક્ષમાં ખેંચી જવા માટે ઘણાં દબાણો થયાં હતાં. પણ તેમણે તો ગાંધીચીંધ્યા માર્ગે જ લડવાનું મુનાસિબ માન્યું હતું.

રાજાની સૌથી મોટી બહેન (એમ.એ. અર્થશાસ્ત્ર)ના અકાળ અવસાન, તેમના મોટાભાઈની બેકારી, બ્રિટિશ અમલદારોની બેહદ શોષણવૃત્તિ અને સમાજની ગુલામો કરતાં વધારે બદહાલત જોઈને રાજા જ્યારે બ્રિટિશ અમલદારના મકાન આગળથી પસાર થતા ત્યારે તે મકાન ઉપર સંવેદના સાથે પથ્થરોના ઘા કરવાનું ચૂકતા નહીં ! તે રીતે ૧૯૩૫-૪૫નો ગાળો રાજાના જીવનનો અતિ સંઘર્ષમય સમય હતો. ૧૯૪૧માં રાજાએ એક મહિના માટે તીર્થયાત્રા કરી. તે દરમ્યાન તેમને એક તરફ ભારતની સામાજિક જટિલતાઓ, વિચિત્રતાઓ, બેહદ ગરીબી, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, ગરમી, પ્રદૂષિત પાણી અને મચ્છરો તથા બીજી તરફ લોકોની તાકાત અને ગુંજાશનાં દર્શન થયાં. ભારતના અસલ જનસમાજની આ બીજી ઝાંખી હતી.

૧૯૪૫ના સપ્ટેમ્બરમાં રાજાને ટાટાની શિષ્યવૃત્તિ મળતાં તે લંડન યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના સંશોધન માટે ગયા. સુએઝ આગળ સ્ટીમર થોભી ત્યારે ફેરિયા પાસેથી કશું જ ન ખરીદતાં ફેરિયાએ 'અરે કાફિર હિંદુ' કહીને રાજા પ્રત્યે રોષ વ્યક્ત કર્યો. રાજા સ્તબ્ધ બની ગયા. ભારતની બહાર પણ મુસ્લિમોના હિંદુવિરોધી માનસનો અનુભવ થતાં રાજા અત્યંત વ્યથિત થયા. ફેરિયા જેવા સામાન્ય માણસ સુધી પહોંચી જઈને અંગ્રેજોએ કરેલા વિષવમનથી રાજા સાથે સ્ટીમરમાં પ્રવાસ કરતા ડૉ. શંકરદયાલ શર્મા, ઇતિહાસવિદ્ એસ. ગોપાલ, દિલ્હીની વડી અદાલતના ન્યાયમૂર્તિ દિલીપ કપૂર તથા દિલ્હીના પ્રાણીસંગ્રહાલયના બાબુ પિટરનાં પણ આ શબ્દોથી ભવાં ચઢી ગયાં હતાં.

રાજા કિંગ્ઝ કોલેજમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચ.ડી કરવા ગયા હતા. આ કોલેજમાં ખ્યાતનામ ભૌતિકશાસ્ત્રીઓ કલાર્ક મેક્ષવેલ, ચાર્લ્સ વ્હીટસ્ટોન, વિલિયમ રિચાર્ડસન અને એડવર્ડ એપ્લેટોને સંશોધનની કેડી કંડારેલી. રાજાને પીએચ.ડી.માં પ્રવેશ મળ્યો હોવા છતાં ડૉ. એફ. સી. ચેમ્પિયને તો



જીવનના ખડકાળ માર્ગે અડીખમ રહી ધીરજ અને કુનેહથી કામ લેનાર રાષ્ટ્રપ્રેમી ભૌતિકવિજ્ઞાની

રાજા રમન્ના

• પ્રહ્લાદ છ. પટેલ •

તેમને એમ.એસસી. કરવા ફરજ પાડી. રાજાને ભારે આઘાત લાગ્યો. સંશોધનક્ષેત્રે ચોપાટ ખોરી, જોહુકમી તથા કાવાદાવાની રાજાને દુર્ગંધ આવી ગઈ. પણ સદ્ભાગ્યે થોડાક દિવસમાં કેનેડામાં પરમાણુ ઊર્જાની યોજના ઉપર કાર્ય કરીને આવેલા ડૉ. એલન નન મેના હાથ નીચે રાજાને પીએચ.ડી કરવાનો મોકો મળ્યો. રાજાના કામથી પ્રસન્ન એવા ડૉ. એલને આગળ ધપવા માટે રાજાને પ્રોત્સાહિત કર્યા. પણ કમનસીબી રાજાનો પીછો કરતી હોય તે રીતે અને રાજાની કસોટી કરવા માટે સમય સંકટોની વણઝાર સાથે સામે આવીને ઊભો રહ્યો. પરમાણુ ઊર્જાનાં રહસ્યો રશિયાને 'લીક' કરવાના આક્ષેપ સાથે ડૉ. એલનની ધરપકડ કરવામાં આવી. રાજા તો આઘાત સહન કરવા હવે ટેવાઈ ગયા હતા. રાજાને મજબૂરી સાથે ફરીથી ડૉ. ચેમ્પિયન પાસે આવવું પડ્યું. ધ્યેયસિદ્ધિને વરેલા રાજાએ આ ઘટનાને સરળતાથી પચાવી







પિતા બી. રમન્ના (૧૮૮૯-૧૯૫૫) વચ્ચે : માતા રૂક્મિણી અમ્મા (૧૮૯૩-૧૯૮૦) અને (જમણી બાજુ) પત્ની માલતી રમન્ના.

લીધી. તે પછી રાજાને યુદ્ધના વિજ્ઞાની તરીકે કામગીરી સોંપી, સાથે સાથે જે.ડી. રિન્ડાલના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવાનો અવસર મળ્યો. અંધારિયા, દુર્ગંધ મારતા, હવાઉજાસના અભાવવાળા બંધિયાર ભોંયરામાં પોતાનાં સાધનો લઈ જઈને સંશોધન કરવા રાજાને ફરજ પાડી. રાજાની 'ડેડસ્ટોક' જેવી હાલત કરવામાં આવી. માર્ગદર્શન માટે કોઈ આવે જ નહીં. આવી બદતર અને તરછોડાયેલી પરિસ્થિતિએ રાજામાં ભારે વિશ્વાસ અને ધગસ પેદા કર્યા. રાજા તો પૂરા હોશ અને જોશ સાથે કામ કરવા કટિબદ્ધ થયા.

૧૯૪૭માં કિંગ્ઝ કોલેજમાં રાજા તેમના આયન-ચેમ્બર વડે ન્યૂક્લિઅર ભૌતિકશાસ્ત્રના અભ્યાસ માટે પોલોનિયમ દ્રાવણનો ઉપયોગ કરતા હતા. આ ચેમ્બર વડે વધુ સારા પરિણામ મેળવવા માટે તે સમયે ન્યુટ્રોનના શોધક જેમ્સ એડ્વિકે યુરેનિયમ (૨૩૫)નો ઉપયોગ કરવા સૂચન કર્યું. રાજાએ આ સૂચન પોતાના પ્રાધ્યાપક સમક્ષ રજૂ કર્યું. પણ 'સીક્રસિ'ના મુદ્દા ઉપર રાજાને યુરેનિયમ આપવાની ચોખ્ખી ના પાડી દેવામાં આવી. અપૂરતાં સાધનો તથા વિપરિત પરિસ્થિતિઓ હોવા છતાં સખત મહેનત, કોઠાસૂઝ, ધીરજ અને અડગ આત્મવિશ્વાસથી કરેલા સંશોધન બદલ રાજાને ૧૯૪૮માં 'ડૉક્ટરેટ'ની ઉપાધિ મળી.

આઝાદી બાદ હોમી ભાભાની પ્રયોગશાળામાં જોડાવા માટે તેમને આમંત્રણ મળ્યું. ભારત પાછા જવા માટેનું ખર્ચ મંજૂર કરાવા રાજા તે સમયે ઇંગ્લેન્ડના હાઈ કમિશનર શ્રી વી. કે. મેનનને મળ્યા. ત્યારે મેનને ભાભા પ્રત્યે વ્યક્ત કરેલા અણગમાથી રાજાના પગ તળિયેથી જમીન સરકી જવા લાગી. ડે. હાઈ કમિશનર શ્રી પી. એન. હક્સરે જરૂરી ખર્ચ મંજૂર કર્યું. આ ખર્ચનાં નાણાં મેળવતાં રાજાને ધોળે દિવસે તારા દેખાયા હતા અને સ્વીકારવું પડ્યું કે મંજૂર થયેલાં નાણાં મેળવવા માટે કમિશનર કરતા કારકુનો મોટા હોય છે!

સર જમશેદજી ટાટા એવા પ્રથમ ભારતીય હતા, જે વિજ્ઞાન અને ટેકનોલૉજિનું મહત્ત્વ સમજ્યા હતા. આથી ટાટાએ યુનિવર્સિટીની બહાર રહીને વિજ્ઞાન અને ટેક્નોલૉજિના સંશોધન માટે બેંગલોરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ભાભા એટમિક રિસર્ચ સેન્ટર જેવી સંશોધન સંસ્થાઓની સ્થાપના માટે સહકાર ને પ્રેરણા આપ્યાં. સર સી. વી. રામનને ઇ. ઇ. ઑફ. સા.ના નિયામક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સખત પરિશ્રમ અને સંશોધનમાં સ્વદેશી સાધનોના આગ્રહી એવા રામનને ભારે સંઘર્ષ કરવો પડતો હતો. ભારતના વિકાસ માટે કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપવાની બાબતે રામન અને શ્રી નેહરુ વચ્ચે ભારે મતભેદ પ્રવર્તતો હતો. સ્વદેશ-ભાવનાથી સભર એવા રામનને નિયામકપદેથી છૂટા કરી દીધા. શ્રી રામનને જે સંશોધન માટે નોબેલ પારિતોષિક મળ્યું છે તે સંશોધન સ્વતંત્ર રીતે અને સ્વદેશી સાધનો વડે જ રામને કર્યું હતું. આ ઘટનાનો રાજા રમન્ના ઉપર સારો એવો પ્રભાવ પડ્યો અને રાજાની સ્વદેશભાવના ભારે સદ્ધર બની. એટલું જ નહીં પણ ભભકદાર નેહરુના પછડાયામાં લપાયેલા કેટલાક વિજ્ઞાનીઓને 'અસલી' માણસનો પરિચય થયો. પશ્ચિમની હવાથી તરબતર મગજવાળા નેહરુએ મૃત્યુ સુધી સ્વદેશ-ભાવનાથી રંગાએલા કેટલાંય 'રામનરત્નો'ને કચરાપેટીમાં ફેંક્યાં છે.

રાજા ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં જોડાયા ત્યારે અણુ ઊર્જા પંચના ઉપક્રમે સૌપ્રથમ 'સ્વિમિંગ પુલ રિએક્ટર' રચવાનો નિર્ણય કરવામાં આવ્યો અને તેની જવાબદારી રાજા રમન્ના, એન.એસ.રાવ, એન.એસ. પ્રસાદ, એચ. એન. શેઠના તથા કે. એસ. સિંઘવીને સોંપેલી. આ રિએક્ટર જ્યારે ૪-૮-૧૯૫૬ના રોજ કાર્યરત બન્યું ત્યારે રાજાને મળેલી પ્રથમ સિદ્ધિ માટે અનહદ આનંદ થયેલો. આ રિએક્ટરનું નામ 'અપ્સરા' રાખવામાં આવ્યું હતું.

૧૯૫૫માં જીનીવા ખાતે અણુ ઊર્જાના શાંતિમય ઉપયોગ માટે પરિષદ યોજાઈ, જેમાં રાજા અને ભાભાએ હાજરી આપી હતી. ત્યારબાદ રાજા, રાવ, શેઠના અને કે. એસ. ક્રિષ્ને રશિયાની મુલાકાત લીધી. તે પછી ૧૯૬૯માં તારાપુર ખાતે ઉત્પાદન માટે અણુ પાવર મથક અને ટ્રોમ્બે ખાતે કેનેડા ઇન્ડિયા રિએક્ટર' ઊભાં કર્યાં. આ બંને રિએક્ટર સંપૂર્ણપણે ભારતીય બનાવટનાં છે.

ઇન્ટરનેશનલ એટમિક એનર્જિ એજન્સી (આઈ.એ.ઇ.એ.)માં રાજાએ ભારત વતી અણુ ઊર્જાના શાંતિમય ઉપયોગો માટે મહત્ત્વનો ચાવી રૂપ ભાગ

ભજવ્યો હતો. અણુ ઊર્જાના ઉત્પાદન અને વિજ્ઞાનના વધુ વિકાસ માટે વધુ નાણાં ફાળવવાની બાબતે રાજાને નેહરુ સાથે અવારનવાર ચડભડ થતી.

વિમાની દુર્ઘટનામાં ભાભાનું ૨૩-૧-૬૬ ના રોજ અવસાન થયું ત્યારે અણુ ઊર્જાપંચના અધ્યક્ષ તરીકે અમેરિકાસ્થિત ખગોળવિદ શ્રી એસ. ચંદ્રશેખરને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, પણ ભારતની અમલદારશાહીથી વાજ આવી ગયેલા શ્રી ચંદ્રશેખરે સદર પદ માટે સ્પષ્ટ ના પાડી દીધી. ત્યારબાદ વિક્રમ સારાભાઈને અણુ ઊર્જા પંચના અધ્યક્ષ બનાવ્યા. તેમનું પણ ૩૦-૧-૭૧ના રોજ હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું. શ્રી સારાભાઈના અનુગામી તરીકે શ્રી એચ. એન. શેઠનાને લેવાયા ત્યારે રાજાને ભાભા એટમિક રિસર્ચ સેન્ટરના નિયામક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

આઈ.એ.ઈ.એ.ના પ્રમુખપદ માટે પાકિસ્તાન સારાભાઈનો સતત વિરોધ કરતું હતું. આ વિરોધ માટે પાકિસ્તાને તેના અણુ ઊર્જાપંચના અધ્યક્ષ અને પાછળથી નોબેલ પારિતોષિક વિજેતા થએલા શ્રી અબ્દુલ સલામને હોળીનું નાળિયેર બનાવ્યા. જ્યારે પાકિસ્તાને શ્રી સલામને બિનવફાદારીનો એવોર્ડ આપ્યો ત્યારે તે ઇટાલીના ટ્રાયેસ્ટી સેન્ટરના નિયામક તરીકે પહોંચી ગયા. આ સેન્ટરની સંચાલન સમિતિમાં જોડાવા માટે સલામે રાજાને આમંત્રણ આપ્યું. પણ ભારત-પાકના વણસેલા સંબંધોને અનુલક્ષી રાજાએ તેનો અસ્વીકાર કર્યો ; કારણ કે તેમને મન ભારત પ્રથમ હતું અને ભારત સિવાય બીજું કશું જ ખપતું ન હતું.

૧૯૬૯ અને ૧૯૭૨માં રાજાએ અમેરિકાની મુલાકાત લીધી હતી. ૧૯૮૬માં આઈ.એ.ઇ.એ.ની જનરલ પરિષદ ભારતમાં ભરાઈ ત્યારે રાજા તેના પ્રમુખ તરીકે પસંદગી પામ્યા હતા. આ સમયે રાજા અણુ ઊર્જાપંચના અધ્યક્ષ બની ચૂક્યા હતા. આઈ.એ.ઇ.એ.ની પરિષદમાં પાકિસ્તાનનું પોત ફરીથી પ્રકાશમાં આવ્યું. તે વખતે પાકિસ્તાન અણુ ઊર્જાપંચના અધ્યક્ષ ડૉ. મુનીરખાન હતા, જે મિતભાષી, મૃદુ સ્વભાવના અને રાજાના અંગત મિત્ર હતા. પાકે તે સમયે મુનીરખાનને હાથો બનાવી ભારતની અણુ નીતિનો તેમની પાસે સખત વિરધ કરાવ્યો.

૧૯૭૩માં શ્રીમતી ઇન્દિરા ગાંધીએ રાજા અને અન્ય જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને અણુવિસ્ફોટ કરવાનો નિર્ણય કર્યો. રાજાને બધી કાર્યવાહી સોંપવામાં આવી અને પ્રાયોગિક અખતરા માટે આદેશ આપવામાં આવ્યો. વસ્તી, વનસ્પતિ, ઉદ્યોગો જેવાં બધાં જ પાસાંઓનો ખ્યાલ કરીને અણુધડાકાનું સ્થળ પોકરણ અને દિવસ ૧૮-૫-૭૪ નિયત કરવામાં આવ્યો. રાજાની નિશ્રામાં અણુધડાકો નિર્ધારિત સમય મુજબ સફળતાપૂર્વક કરવામાં આવ્યો.

૧૯૭૮ના જૂન મહિનામાં રાજાને સંરક્ષણ ખાતાના સલાહકાર વિજ્ઞાની તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. રાજાએ દિલ્હીના ખેલમાં કાળજીપૂર્વક પ્રવેશ કર્યો. રાજાને સંરક્ષણ-સંશોધન માટે માન્ય કર્યા, પણ સંરક્ષણ આયોજન બોર્ડની બહાર રાખ્યા. દિલ્હીના ખેલનો રાજાને આ પ્રથમ આંચકો હતો. અમલદારશાહીનો અનુભવ તો રાજાને ભૂતકાળમાં સારી પેઠે થયો હતો, પણ દિલ્હીના દરબારમાં તો રાજાને અમલદારની મેમસાહેબાઓનો ઘણો માઠો અનુભવ થયો. કોઈપણ કાર્યક્રમમાં કારકુનોની બેહદ બોલબોલાથી રાજા આંખો ચોળતા થઈ ગયા. જ્યારે સંરક્ષણ ખાતાનાં રહસ્યો કારકુનોના હાથમાં રહેતાં જોયાં ત્યારે રાજાને આખું દિલ્હી ડોલતું દેખાયું.

૧૯૮૧માં રાજા તમન્ના ભાભા એટમિક રિસર્ચ સેન્ટરના નિયામક તરીકે ફરીથી પાછા આવ્યા ત્યારે સંરક્ષણ સચિવ તરીકે તેમની સેવાઓ ચાલુ રાખવામાં આવી હતી. મુંબઈ પાછા આવીને ધ્રુવ તથા કલપક્કમના 'ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિએક્ટર'ની કામગીરી ઝડપી બનાવી. પરિણામે રાજાની પ્રેરણાથી ૧૦૦ મેગાવોટની ગુંજાશવાળું ધ્રુવ રિએક્ટર ૧૯૮૩માં અને ૧૪ મેગાવોટનું એફ.બી.ટી.આર. ૧૯૮૫માં કાર્યરત બન્યું. આ સાથે સાથે ૧૦,૦૦૦ મેગાવોટ ન્યૂક્લિઅર પાવર પેદા કરવાનું લક્ષ નક્કી કર્યું.

૩૧-૧૦-૮૪ના રોજ અણુ ઊર્જાપંચની એક બેઠક રાજાના અધ્યક્ષ સ્થાને ટ્રોમ્બે ખાતે મળી. આ બેઠકમાં વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના મુખ્ય સચિવ શ્રી પી.સી. એલક્ઝાંડર, કેબિનેટ સચિવ શ્રી રાવ, નાણાં સચિવ શ્રી પી. કે. કૌલ હાજરી આપવા આવ્યા હતા . જ્યારે રાજાનું પ્રવચન ચાલતું હતું ત્યારે બરાબર સવારે ૧૦ વાગે ઇન્દિરા ગાંધીની હત્યાના સમાચાર રાજાને ચાલુ પ્રવચને આપવામાં આવ્યા. જ્યારે પ્ર. ઝૈલસિંહ, રાજીવ ગાંધી અને બધા જ મુખ્ય સચિવો બહાર હોય ત્યારે શ્રીમતી ઇન્દિરાની હત્યા થઈ તેથી રાજાને દુ:ખ અને આશ્ચર્ય ઉપરાંત હત્યામાં ગંભીર કાવતરાની ગંધ આવી હતી. તે જ દિવસે રાજીવ ગાંધીની વડાપ્રધાનપદે વરણી થઈ. રાજીવે વડાપ્રધાન બનતાંની સાથે 'ગતિશીલતા બનાવવા' ઝડપી ફેરફારો શરૂ કર્યા. દિલ્હીના દરબારમાં દેખાતા ધોળાવાળવાળાઓને 'Fussy old man' ગણી ને શોધી શોધીને રીંગણાની માફક ફેંકી દીધા; તેમાં રાજા પણ ખરા, કારણ કે રાજા પરદેશથી ન્યૂક્લિઅર રિએક્ટર ટેકનોલૉજિ ખરીદવાનો વિરોધ કરતા હતા. રશિયન રિએક્ટર ટેક્નોલૉજિ સક્ષમ નથી એવો રાજાનો અને ભાભા એટમિક રિસર્ચ સેન્ટરના નિયામક ડૉ. પી. કે. આયંગરનો અભિપ્રાય તેમને ભારે પડ્યો. રાજીવ ગાંધીની આસપાસનાઓએ સ્વદેશી ટેક્નોલૉજિથી સુસજજ થતા ન્યૂક્લિઅર કાર્યક્રમો રાજીવ પાસે રદ કરાવીને જરૂરી સાધન સામગ્રી પરદેશથી આયાત કરવાનું નક્કી કર્યું, આ રીતે મહાત્મા ગાંધીજીની સ્વદેશ-ભાવનાનો હ્રાસ થતો અને ભારતીય વિજ્ઞાનીઓનું નૈતિક બળ તૂટતું જોઈ રાજા તો હતપ્રભ થઈ ગયા. ૩૧-૧-૮૭ના રોજ અણુ ઊર્જાપંચના અધ્યક્ષ તરીકે રાજાને નિવૃત્ત કરવામાં આવ્યા !!

નિવૃત્તિ બાદ તરત જ રાજા અને ટાટાએ ફ્રાન્સના નિષ્ણાતોની મદદથી, સરકારના બેબુનિયાદ વાંધા-વચકાં હોવા છતાં, બેંગલોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના પ્રાંગણમાં 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સડ સ્ટડીઝ' નામની સંસ્થા ચાલુ કરી. તેવામાં વિ. પ્ર. સિંહની સરકારે રાજાને સંરક્ષણ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન બનાવી તેમની સેવાઓ લીધી.

નેહરુની આભામાં પાંગરેલી અને ઇન્દિરા તથા રાજીવ ગાંધીના સમયમાં ઉડાઉ બનેલ કૉંગ્રેસને કશું જ સ્વદેશી ખપતું ન હોય અને તેમની સરકારને બધી જ રીતે પરદેશી સાધનોથી સંપન્ન થવામાં જ રસ હોય તે રીતે નવી સરકારે રાજાને ફરીથી પેન્શનર્સ પૅરેડાઈસમાં રવાના કરી દીધા. આ કોની કમનસીબી કહેવાય ? રાજાની ? વિજ્ઞાનની ? વિકાસની ? કે દેશની ? રાજાનું જીવન એટલે

સંગીતના સૂરો વચ્ચે સંશોધન
સંશોધનના સૂરો વચ્ચે સંગીત. □

અપૂર્વ

વસુધા ઇનામદાર

ટ્રીન...ટ્રીન...ટ્રીન...સતત સંભળાતી ટેલિફોનની ઘંટડી સામે ઋચા અન્યમનસ્કપણે જોઈ રહી. સ્મિત સહેજ અંકાયું ન અંકાયું ને એના હોઠ મક્કમતાથી ભિડાઈ ગયા. તેના વિશાળ ડ્રોઈંગરૂમમાંથી ઋચા બહાર નીકળી ગઈ. ફોન ન ઉપાડવામાં પોતે સફળ થઈ શકી તેનું પોતાને જ આશ્ચર્ય થયું. પોર્ચમાં પડેલી નવી જ ગાડી સંધ્યાના આછા ઉજાસમાં ચમકતી હતી. ઋચાને ગમતા સફેદ રંગની એ ગાડી ગૌરવે તેને ભેટ આપી હતી, પણ ગૌરવ જે દિવસે એ ગાડી લાવ્યો તે દિવસે અપૂર્વની પ્રથમ પુણ્યતિથિ હતી. પોતે એ વાત ભૂલી જ ગયો હતો એમ કહી ગૌરવે અનેક વાર ઋચાની માફી માગી હતી. ઋચાએ આશ્ચર્યચકિત થઈને પૂછયું હતું :

'તું તારા પુત્રની પ્રથમ પુણ્યતિથિને ભૂલ્યો ? મારા શ્વાસેશ્વાસમાં વહેતા અપૂર્વને હું ક્ષણ માટેય ભૂલી શકતી નથી અને તું ? તું આ ગાડી મારા માટે લાવ્યો તે બદલ હું તારી લાગણીની કદર કરું છું, પણ એ માટે તેં જે દિવસ નક્કી કર્યો એ વિશે હું તને ક્યારેય માફ નહીં કરી શકું, ગૌરવ !'

પોતાની મહામૂલી ભેટની અવગણના ગૌરવ સહી શક્યો નહોતો. તે ગુસ્સામાં બરાડી ઊઠ્યો હતો : 'અપૂર્વ... અપૂર્વ...તારી જેમ અપૂર્વની રટણા કરવા મારી પાસે સમય નથી. વીતી ગયેલી ક્ષણોને હું ચૂઈંગગમની જેમ મમળાવતો નથી.' ગૌરવ કારની ચાવીઓ ફર્શ પર ફેંકીને જ જતો રહ્યો. ઋચા ક્યાંય સુધી એ ચાવીઓ સામે જોઈ રહી. ગૌરવને પાછા બોલાવવાની ઇચ્છા હોવા છતાં ઋચાના હોઠમાંથી શબ્દો ન નીકળી શક્યા, એને કહેવું હતું, 'અપૂર્વનું અવસાન એ મારા જીવનની મોટામાં મોટી હાર છે. તેના મૃત્યુએ મને મારા જીવન પ્રત્યે શંકાશીલ બનાવી છે. શો અર્થ છે આ જીવનનો, જો અપૂર્વની જેમ ચાલ્યા જ જવાનું હોય તો ?'

લગ્ન પછીના લાંબા ગાળાની પ્રતીક્ષા બાદ અપૂર્વનું તેમના જીવનમાં આગમન થયું હતું. એ ક્ષણ ઋચા માટે અપૂર્વ હતી. બેચાર વર્ષના અનુભવમાં જ લાખોનો બીઝનેસ કરતો ગૌરવ તેને ગૌરવવંતો લાગ્યો હતો. પણ ધીરે ધીરે ગૌરવ ઘરથી દૂર થઈને પૈસા પાછળ દોડવા લાગ્યો. તેને કહેવાનું ઋચાને મન થતું, 'ગૌરવ, પૈસા તને મૃગજળની જેમ આકર્ષતા રહ્યા છે. તું વનરાજીને છોડીને રણ તરફ દોડી રહ્યો છે. તારો એક હાથ મને ખેંચી રહ્યો છે. અરે, રણમાંય તારી સાથે દોડવાની મારી તૈયારી છે. પણ તને ખબર છે ? એ રીતે દોડતાં તારું લક્ષ્ય તો મૃગજળ પાછળ છે.'

ગૌરવ જવાબમાં કહેતો, 'ઋચા, તનેય આ પૈસા વૈભવનો મોહ છે, તું મારી સખીઓ પાસે અવાર-નવાર તારી સમૃદ્ધિનું દર્શન નથી કરાવતી ? પૈસા તો...' પણ ઋચા તેનું વાક્ય પૂરું થાય તે પહેલાં બોલી હતી, 'ગૌરવ, તું કે તારા પૈસા મને મારો અપૂર્વ પાછો આપી શકશો ? તેના સ્મિતથી મારા હૃદયમાં ઊઠતી સ્નેહની સરવાણીઓ ફરી વહેવડાવી શકશો ? મારા જીવનની દરેક ક્ષણ મેં તને સમર્પિત કરી હતી. ક્યાં છે મારી એ જીવંત ક્ષણો? આ મરતી ક્ષણોનો ભાર હું સહી શકતી નથી. ગૌરવ, મારા એકાંતને મેં એકલીએ જ વાગોળ્યું છે. મને એમાં તારો સાથ જોઈએ છે, એ આપીશ તું ?' ઋચાએ ઊંચી દૃષ્ટિ કરીને જોયું ત્યારે ગૌરવ ત્યાં નહોતો.

અત્યંત આધુનિકતાથી સજાવેલા ડ્રોઈંગરૂમની સજાવટમાં હવે ઋચાને ઝાઝો રસ નહોતો. એ જડ વસ્તુમાંય અપૂર્વના સ્પર્શને જોવાનો પ્રયત્ન એ કરતી. તેથી જ કદાચ છેલ્લાં બેએક વર્ષમાં એની સજાવટમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર તેને માન્ય નહોતો. ક્યારેક ગૌરવ તેની અપૂર્વ પ્રત્યેની ઘેલછાની ઉપેક્ષા કરતો, કોઈક વખતે તેને સમજાવવા પ્રયત્ન કરતા કહેતો, 'ઋચા, અપૂર્વનું સ્થાન લઈ શકે એવા બાળકની તને અને મને જરૂર છે. એક અપૂર્વ ગયો, તો બીજો જન્મશે.' ઋચાને પોતાની સર્વ શક્તિથી ગૌરવનું મોઢું બંધ કરવાની ઇચ્છા થઈ. તે બરાડી ઊઠી, 'એ શક્ય નથી ગૌરવ. અપૂર્વનું મહત્ત્વ મારા જીવનમાં શું એટલું ક્ષણિક હતું કે બીજાના આગમને હું એને ભૂલી જાઉં? કદાચ કાલ ઊઠીને હું મરી જાઉં તો તું પણ મારા સ્થાને...' ગૌરવ મંદ હસીને બોલ્યો હતો : 'હાં ઋચા, એ જ જીવનની નક્કર વાસ્તવિકતા છે. કદાચ હું જ કોઈ અકસ્માતમાં...' ગૌરવનું વાકય પૂરું થાય તે પહેલાં ઋચાએ તેની હથેળી ગૌરવના મુખ પર દબાવી દીધી. તે છલકાતી આંખે બોલી : 'જૂનાં મકાન પાડીને નવી ઇમારત બાંધવા જેટલું એ સહેલું નથી, ગૌરવ?'

સંધ્યાના આછા ઉજાસમાં દૂર દૂર સુધી ફેલાયેલાં મકાનોના વનને તે જોઈ રહી. આ સહુમાં પોતાનો બંગલો નિરાળો છે એ વાતનું તેને પહેલાં કેટલું અભિમાન હતું. એટલી વારમાં ફરી ફોનની ઘંટડી રણકી. ઋચાને ખબર હતી. વળી પાછો ગૌરવનો જ ફોન હશે : 'ઋચા ડાર્લિંગ, તૈયાર થઈ જજે. બસ હું વીસેક મિનિટમાં આવું છું. ને જો પેલી વાયોલેટ કલરની સાડી લાવ્યો છું ને તે જ પહેરજે...હાં...હાં. શું કહે છે, સિલ્કની પહેરવાની છે? અરે જોજે એ સફેદ સાડી પહેરતી. નો...નો...માય સ્વીટ હાર્ટ...' ફરી ફોનની ઘંટડી રણકી. ઋચાએ રિસીવર ઉપાડયું... 'હેલો...હું તૈયાર નથી થવાની અને આજની પાર્ટીમાં આવવાની પણ નથી, સમજ્યો ?...' સામે છેડેથી અવાજ આવ્યો, 'અરે, ભાભી. હું...હું નિખિલ બોલું છું. કેમ આજે કાંઈ બહુ ગુસ્સામાં છો ?' ઋચા હસી. એના ચહેરા પરના ભાવો બદલાઈ ગયા તે મૃદુતાથી બોલી. 'સોરી હાં, નિખિલભાઈ. હું તો સમજી કે ગૌરવનો ફોન હશે. ક્યારે આવો છો ઘરે? રવિવારે...આવો...આવો જરૂરથી હાં...હાં. ખૂબ વાતો કરીશું.' ઋચાએ રિસીવર મૂક્યું. સામે ગૌરવ ઊભો હતો.

ઋચાએ કહ્યું, 'નિખિલભાઈનો ફોન હતો.' ગૌરવે તેની વાત સાંભળી ન સાંભળી ને કહ્યું, 'પણ...પણ...હજી તું તૈયાર નથી થઈ? તને ખબર છે ને આજે શિવરામનની બર્થ ડે છે ? કહેતો હતો, ઋચાભાભી નહીં આવે તો બર્થ ડે કેક નહીં કપાય.' ઋચા એકદમ બોલી ઊઠી : 'તને એની બર્થ ડે કેકની પડી છે. હું અહીં આખીને આખી કપાઈ રહી છું...પ્લીઝ આજે મારી ઇચ્છા નથી.'

ગૌરવ તેની નજીક સરીને ખભે હાથ મૂકતા બોલ્યો, 'ડાર્લિંગ ઋ...જો આ પાર્ટી માટે હું ખાસ એક નવો જ હીરાનો સેટ લાવ્યો છું. તું પહેરે ને બધા જોયા કરે. તારી સાડી સાથે મેચ થઈ જશે. પ્લીઝ આઈ રિક્વેસ્ટ યૂ...'

'નહીં ગૌરવ, આ કપડાં, આ દાગીના, મને આમાનું કશું જ નથી જોઈતું. મને મારા એકાંતમાં તું જોઈએ છે...અને અને અપૂર્વની સ્મૃતિઓ...પાર્ટી અને ક્લબોમાં તેં આપણા એકાંતની સતત લહાણી કરી છે.'

ગૌરવ થોડી ચીડ સાથે બોલ્યો, 'આ બધું તારા માટે તો કરું છું, તારા સુખ ખાતર' ઋચા ચીસ પાડી ઊઠી : 'ના...ના...મારે એવું સુખ નથી જોઈતું, જ્યાં ગૌરવ ન હોય, જ્યાં અપૂર્વની સ્મૃતિઓ ન હોય...' ગૌરવે કહ્યું : 'ઋચા,

આજની આ છેલ્લી પાર્ટી બસ, હવે પછી હું તને ક્યારેય નહીં કહું. પણ આજે તારે આવવું જ પડશે.' ઋચા ગૌરવની મક્કમતા આગળ ઝૂકી પડી, ને બોલી, 'ગૌરવ ક્યાં સુધી મને શણગારેલા શબની જેમ તારી પાર્ટીઓમાં ફેરવ્યા કરીશ?'

ગૌરવની ઇચ્છાને ઋચા અવશપણે અનુસરતી. ઋચાની બાજુમાં જ નવી સાડીનું પેકેટ હતું. તેણે એ ખોલ્યું. આછા ગ્રીન રંગની સાડીની મુલાયમતાને તે સ્પર્શતી રહી - પસવારતી રહી. તે ક્યાંય સુધી એમ ને એમ બેસી રહી. ઠંડી ઉદાસ સંધ્યા ઢળવા માંડી હતી. ઋચા પણ જાણે ઓગળીને વહેવા માંડી. એના પ્રવાહમાં અપૂર્વ બાથોડિયાં ભરતો તેની નજીક આવી રહ્યો હતો. 'ઋચા', તેણે જોયું, ગૌરવ સફારી સૂટમાં તૈયાર થઈને સામે ઊભો હતો. તેણે અત્યંત સ્નેહથી ઋચાને બે હાથ વડે પકડી ઊભી કરતાં કહ્યું, 'ઋચા, પ્લીઝ...' ઋચાને ગૌરવની આંખમાં અપૂર્વનું ધૂંધળું પ્રતિબિંબ દેખાયું. પણ ના. તેણે ધારીને જોયું - ગૌરવની આંખમાં પાંચ લાખના સોદાની વ્યાકુળતા હતી.

આમ કેટલીય પાર્ટીઓમાં ઋચા મન મારીને જતી હતી, દરેક પાર્ટી છેલ્લી જ સમજીને. પાર્ટીમાં તે સૌના આકર્ષણનું કેન્દ્ર બનતી. શેકહેન્ડ માટે લંબાતા તેના હાથ હવે આપોઆપ નમસ્કાર કરતા ત્યારે ગૌરવની આંખોનો તીવ્ર કટાક્ષ એનાથી અછતો નહોતો રહેતો. ઉદાસીનતામાં ડૂબેલી તેની આંખો ભૂતકાળમાં ઘસડાઈને ચાલતી. લોકોને ઋચા સૌંદર્યની કરુણામૂર્તિ જેવી લાગતી. પાર્ટીઓમાં ગૌરવ ગૌણ બની જતો. ઋચાનું હાસ્ય ગૌરવના લાખો રૂપિયાના સોદા પર મહોર મારી દેતું.

ગઈ કાલની પાર્ટીથી ગૌરવ ખુશ હતો. સવારના ઊઠતાં જ તેણે ઋચાને કહ્યું, 'ઋચા, આ કામ પતે એટલે બે દિવસે આપણે ક્યાંક ફરી આવીશું. તું ઇચ્છે એવા એકાંતમાં તું અને હું. તારી સ્મૃતિઓ દ્વારા અપૂર્વને ફરી જીવતો કરીશું. તું એના ફોટાઓનું આલ્બમ લઈ લેજે અને એના દરેક ફોટાનો ઇતિહાસ તું દોહરાવજે, હું સાંભળીશ. આપણે ક્યાં અને ક્યારે જવાનું તે તારે જ નક્કી કરવાનું છે.' ઋચા આશ્ચર્યથી ગૌરવની સામે જોઈ રહી. અપૂર્વનું નામ ગૌરવના મોઢે સાંભળીને તે પુલકિત થઈ. ઋચા કશું કહે તે પહેલાં ગૌરવ હાથમાં ગાડીની ચાવીઓ ઝુલાવતો ગેરેજ પાસે પહોંચી ગયો. ઋચાને થયું ગૌરવને બોલાવીને કહું... પણ ગાડી કમ્પાઉન્ડની બહાર નીકળી ચૂકી હતી.

ઋચાએ ગૌરવને કહેવું હતું,'ગૌરવ, અપૂર્વની સ્મૃતિ તાજી કરવા ક્યાંય બહાર જવાની જરૂર નથી. આ ચાર દીવાલોમાં શ્વસતી અપૂર્વની સ્મૃતિઓ જો અહીં કણકણ બની વેરાયેલી છે. એ અહીં જ રમ્યો હતો, હસ્યો હતો અને રડ્યો હતો. આ જ ટી.વી.ના પાછળના ખૂણામાં હળવે રહીને સંતાયો હતો.' તેને થયું ચાલ જોઈ આવું એ જગ્યાએ - રખેને અપૂર્વ સંતાઈ રહ્યો હોય. ઋચા ઊઠી. તે દરવાજા પાસે પહોંચી, સામેથી માળીને આવતો જોઈ દરવાજો ખુલ્લો રાખીને તે ફરી સોફા પર બેઠી. માળીએ બંગલાના ઓટલાના પગથિયેથી જ બૂમ પાડી, 'બહેન'.

ઋચા વિચારી રહી 'કેમ આવ્યો હશે ? હજી પાંચેક દિવસ પહેલાં તો પૈસા લઈ ગયો છે.' માળીએ કહ્યું, 'બહેન, બસ્સો રૂપિયા આપોને. મારી વહુ દવાખાને છે, બાબો આવ્યો છે.'

'શું કહું ?' ઋચા માળીની સામે જોઈ જ રહી. હજી તો પહેલા બાબાને મરી ગયે માંડ એકાદ વર્ષ થયું હશે, ત્યાં તો...' હાં બહેન, બાબો અસ્સલ, પહેલાનો હતો એવો જ છે, હોં બહેન.'

ઋચાએ જ્યારે માળીના હાથમાં પૈસા મૂક્યા ત્યારે માળીની ખુશી જોઈને તેને આશ્ચર્ય થયું. તે વિચારવા લાગી. : પહેલાનું સ્થાન બીજાના આગમને આમ ઝટ ભૂંસાઈ જતું હશે?

તો શું ગૌરવ સાચું જ કહે છે ? જીવનમાં આમ જ હોય. કોઈનીય ગેરહાજરીથી જીવન થંભી જતું નથી. અપૂર્વને ભૂલી જવાનો માર્ગ છે આપણે ત્યાં બીજા બાળકનો જન્મ. ઋચા તીવ્રતાથી બોલી, 'શું મારો અપૂર્વ એટલો ક્ષણજીવી હતો કે તેના જવાની સાથે જ એના વિશે બધું ભૂલી જવાનું? જો મૃત્યુ નિશ્ચિત હોય તો માનવીના જન્મનો શો અર્થ? માનવીના અસ્તિત્વની આટલી બધી ઉપેક્ષા શા માટે? મારા અપૂર્વની સ્મૃતિઓથી હું છૂટી જવા નથી માગતી. હું ક્ષણે ક્ષણે એને જીવંત કલ્પું છું, ગૌરવ !'

ગૌરવે જવાબમાં શાંત ચિત્તે કહ્યું, 'એનો કશો અર્થ નથી, ઋચા. મૃત બાળકનાં સ્મરણોમાં અટવાઈને તું તારા જીવનની ઉત્તમ ઘડીઓ ગુમાવી રહી છે. આ સંસાર, આ સમાજ અને પશુ-પંખીઓને જો, કેટલાં મુક્ત છે તેઓ ! સ્નેહનાં બંધનોમાં અટવાઈને તારી જેમ તેમણે પોતાનો જીવનવ્યવહાર અટકાવી દીધો નથી. એકવાર ચૂંટાઈ ગયેલાં ફૂલનાં સ્થાને નવાં ખીલેલાં, મહેકતાં ફૂલોને તેં શું નથી જોયાં ?'

ગૌરવની દરેક દલીલનો જવાબ આપવાનો પ્રયત્ન ઋચા કરતી હતી. એ એકની એક વાત દોહરાવતા કહેતી, 'ગૌરવ, તું મારી વાતને નહીં સમજી શકે. અપૂર્વનું મારા જીવનમાંથી દૂર થવું એ મારા અસ્તિત્વનો ઉપહાસ છે. કોઈ રમતા બાળકના હાથમાંથી રમકડું ખૂંચવી લેવા જેવું એ દુઃખ નથી. મારા અણુ અણુમાંથી મેં સર્જાવેલો મારો અપૂર્વ...' ઋચાનો સાદ ભારે થઈ જતો, ગૌરવ ચિડાઈને કહેતો, 'તું તો જાણે કોઈનું બાળક જ ન મરી ગયું હોય એવી વાત કરે છે.'

એક વાર ગૌરવે તેને પ્રેમપૂર્વક સમજાવતાં કહ્યું હતું : 'તને બુદ્ધ ભગવાનની આ વાત ખબર છે? તારા જેવી જ પુત્રશોકથી વ્યાકુળ એક માતા પોતાના પુત્રને પુનર્જીવિત કરવા વિનંતી કરે છે.' પણ ગૌરવની વાત પૂરી થતા પહેલાં જ ઋચા બોલી ઊઠી હતી : 'જાણું છું હું એ બધું. બુદ્ધ ભગવાનની તો વાત જ ન કરશો. અન્યનાં દુઃખોને જોઈને સંસાર ત્યાગનારા એ મહાન પુરુષ પોતાના પુત્રના મૃત્યુનો શોક સહી શક્યા હોત? મારા અપૂર્વનું મૃત્યુ હું કઈ રીતે સહી શકું, ગૌરવ ? બહારગામ જનારાને આપણે આવજો કહીએ છીએ. હું તો અપૂર્વને કશું જ કહી ન શકી.' ગૌરવ અસહાય બનીને વ્યાકુળ ઋચાને જોઈ રહેતો.

ઋચા અપૂર્વની સાથે જીવી રહી હતી. હસતો-રમતો અપૂર્વ અચાનક બે દિવસની બીમારીમાં ચાલ્યો ગયો. તેના રોગનું નિદાન પણ થઈ ન શક્યું. તેના જન્મ પછી ઋચા અપૂર્વમય બની હતી. એક દિવસ તોફાને ચઢેલા અપૂર્વે બૉલ-બૅટની જીદ કરી. ગૌરવને તે લાવતાં મોડું થયું હતું. ઊંઘને કારણે અપૂર્વની આંખ મીંચાતી હતી. ઋચાએ પૂછ્યું હતું : 'તું પપ્પાની રાહ જુએ છે ?' અપૂર્વે કહ્યું હતું, 'ના, મારા બૅટ-બૉલની રાહ જોઉં છું.' ઋચા તે રાતે ગૌરવ સાથે ઝઘડી હતી. ઋચા સરી ગયેલી ક્ષણોના તાંતણામાં ઝૂલવા માંડી ત્યારે ડોરબેલ રણકી.

ઋચાએ દરવાજો ખોલ્યો, તે આશ્ચર્યથી બોલી ઊઠી, 'અરે, તિથિ તું?' તિથિએ હસતાંહસતાં કહ્યું, 'ઋચા, ઘરમાં નથી આવવા દેવી કે શું? ને આમ ધારીધારીને શું જોઈ રહી છે ? ...તો...તો...શું મેં સાંભળેલી વાત ખોટી હતી? તારા કપાળનો ચાંદલો ? શું આનંદ જીવે છે ને?' તિથિ મુક્તપણે હસી પડી

ને બોલી, 'ઋચા, એ વાતને તો બે વર્ષ થઈ ગયાં. હું એના જ એક મિત્ર સાથે ફરી પરણી ગઈ. ને હવે તો હું એના બાળકની મા પણ બનવાની છું.' ઋચાએ એની ચીસ ગળામાં જ દબાવી દીધી. તેની આંખમાં આંસુ આવી ગયાં. નિથિ નજીક સરીને ઋચાને જોઈ રહી. તે અપરાધભાવ અનુભવતાં બોલી : 'તને મારા લગ્નની વાત જણાવવાનો સમય નહોતો, સૉરી ઋચા.'

'નહીં નિથિ, મારે તને અભિનંદન આપવાં જોઈએ. પણ...'પણ...તું આનંદને કઈ રીતે ભૂલી શકી ? શું આનંદ સાથેનું તારું પ્રેમલગ્ન...' નિથિ હસીને બોલી, 'અરે, તું તો હજી આપણે નાનાં હતાં તેવી જ રહી છે ! ઋચા, તને યાદ છે, આપણે ઢીંગલા-ઢીંગલીની રમત રમતાં હતાં? એકવાર તારી ઢીંગલી મારાથી તૂટી ગઈ, તું ખૂબ રડી. ત્યાર પછી તારી મમ્મીએ તને કેટલી ઢીંગલી લાવી આપી ! પણ તું તો બસ એ તૂટેલી ઢીંગલીની સાથે જ રમતી. તારાં રમકડાં મારાથી તૂટે નહીં એની તો પછી હું એટલી બધી કાળજી રાખતી કે આગળ જતાં તારાં રમકડાંથી રમવાનું જ હું ભૂલી ગઈ.' ઋચા તેની વાતોથી અકળાઈને બોલી : 'બસ કર નિથિ.'

નિથિને ઋચાની ઉદાસીનતા સ્પર્શી ગઈ. ગૌરવ સાથે ઋચાનાં લગ્ન કરાવવામાં તેનો અને આનંદનો મોટો ફાળો હતો. ઋચા ઊભી થઈ. નિથિએ તેને હાથ પકડીને ફરી નીચે બેસાડી. ઋચાએ નોકરને બૂમ પાડી ને ચ્હા-નાસ્તો લાવવાનું કહ્યું. ક્યાંય સુધી મૌનનો મહાર્ણવ એ બંને સખીઓ વચ્ચે ઘૂઘવતો રહ્યો. ઋચા અને નિથિના સ્વભાવ વચ્ચે જમીન-આસમાનનું અંતર હતું. ઋચા કોલેજમાં ભણતી હતી ત્યારે તેને નિથિ સિવાય કોઈની સાથે મૈત્રી નહોતી. નિથિને કેટલાય મિત્રો હતા - જો કે તેમના સ્વભાવની ભિન્નતા મૈત્રીમાં દખલરૂપ નહોતી. થોડાક સમય બાદ બાલ્યકાળની કંઈ કેટલીય વાતો નિથિ કરતી રહી, ઋચા સાંભળતી રહી.

નિથિએ અચાનક ઋચાને પૂછ્યું, 'અપૂર્વ પછી તને બીજા બાળકની ઇચ્છા નથી થતી?' ઋચાએ કહ્યું, 'ના નિથિ, અપૂર્વનું સ્થાન અન્ય કોઈ બાળક લે તેમ હું ઇચ્છતી નથી. આપણે કોઈને જન્મ નથી આપતાં નિથિ ! આપણે દરેક જન્મનારને મૃત્યુ આપીએ છીએ. કદાચ તેથી જ બીજા અપૂર્વને મૃત્યુની ભેટ આપવા મારે હવે કોઈને જન્મ નથી આપવો.' નિથિ મૂંઝાઈ. તે બોલી ઊઠી, 'ઋચા, તું આમ ને આમ તારા દામ્પત્યના સુખની ઘડીઓ ગુમાવી રહી છે. તારા આ એકાંતમાં તું ગૂંગળાઈ જઈશ. મારી સામે જો, હું મારા જીવનનો સરવાળો સુખમાં પરિણમે એવા સતત પ્રયત્ન કરું છું. જ્યારે તું સુખના સરવાળાને બદલે બાદબાકી કરી રહી છે.'

'નિથિ, સુખની વ્યાખ્યા જ સાપેક્ષ નથી.. ? તું જેને - અથવા તમે સૌ જેને સુખ માનો છો એમાં મને સુખ ન પણ લાગતું હોય અને તમે જેને...'

નિથિએ ઋચાને અટકાવતાં કહ્યું, 'ઋચા....' ઋચાએ પોતાની વાત આગળ ચલાવી 'નિથિ, તારી કે ગૌરવની વાત વ્યવહારુ હોવા છતાં મને રુચતી નથી. જીવનની કેટલી બધી ક્ષણો મેં અને અપૂર્વે એકીસાથે શ્વસી છે? 'નિથિને ઋચાની વેદના સ્પર્શી ગઈ, પણ પોતેય એ વહેણમાં તણાઈ ન જવાય એની તકેદારી રાખતાં બોલી, 'છોડી દે ઋચા, આ બધી વેવલાઈ. જીવન ફક્ત વહી ગયેલી ક્ષણોના આધારે નથી જીવી શકાતું. મારું માન તો તું એકાદ વાર પ્રયત્ન કરી જો. વારંવાર ખેડાતી ધરતી દરેક વખતે કેટલી પ્રફુલ્લ અને પ્રસન્ન ભાસે છે. તું બીજા બાળકને જન્મ આપીશ તો જરૂર તારી આ ઉદાસીનતા-નિરાશામાંથી મુક્ત થઈશ. ગૌરવ પણ ફરી વખત પિતા બનવા માટે ઉત્સુક હશે. પ્લીઝ ઋચા...'


'નિથિ'

'હા, ઋચા. તારા આ મુરઝાઈ ગયેલા માતૃત્વને ફરી એકવાર મહેકતું કર. એ બાળકના મધુર હાસ્યમાં તને અપૂર્વનો સાક્ષાત્કાર થશે.' નિથિએ જોયું, ઋચાની સ્વપ્નિલ આંખોમાં અપૂર્વની છબી ઝિલાઈ. ઋચા ગદ્‌ગદ્ કંઠે બોલી : 'નિથિ. હું પ્રયત્ન કરીશ. જો મારા દૂઝતા જખમ પર મલમપટ્ટા થઈ શકતા હોય તો હું જરૂર પ્રયત્ન કરીશ. અમે થોડા સમય માટે કોઈ હિલ સ્ટેશન પર જઈ રહ્યાં છીએ. એ કુદરતના સાંનિધ્યમાં ગૌરવ મારી સાથે રહેવાનો છે. કદાચ એમાંથી કોઈ એકાદ જીવંત ક્ષણે...'તેનું વાક્ય પૂર્ણ થાય તે પહેલાં નિથિ ઋચાને ભેટી પડી. તેની આંખો આંસુથી છલકાઈ ઊઠી. ઋચા એમાં નાનકડા અપૂર્વને જોઈ રહી.

દૂર દૂર સુધી ફેલાયેલી લીલીછમ વનરાજીને ઋચા ગ્રીનલેન્ડ હોટલમાંથી નિહાળી રહી હતી. સવારના ગાઢ ધુમ્મસમાં ઘેરાયેલું વન જાગતું હોવા છતાં ઘેનમાં પડી રહેલા શિશુ જેવું તેને લાગ્યું. સૂર્યોદય થવાની તૈયારી હતી. ગઈ કાલની રાત ગૌરવ સાથે રહીને અપૂર્વની સ્મૃતિથી ભરી ભરી હતી. ટેબલ પર અપૂર્વના ફોટાનું આલ્બમ હતું.

ગૌરવે ગઈકાલે અપરાધભાવ અનુભવતા બીઝનેસની વાતો ફોન ઉપર કરી હતી. ઋચા જરા નારાજ હતી, પણ દરેક રીતે ઋચાને ખુશ રાખવા મથતા ગૌરવે વિચાર્યું કે બધા જ ફોન રૂમમાં નહીં, પણ હોટલ મેનેજરના નામે મંગાવું. અગત્યનો હશે તો પોતે નીચે જઈને ફોન કરી આવશે એમ વિચારી તે મેનેજરની ઑફિસમાં ગયો. ઋચા બારીમાંથી કુદરતી સૌંદર્યને માણી રહી હતી. રૂમમાં ફોનની ઘંટડી રણકી. ઋચાએ નક્કી કર્યું હતું કે આજે કોઈ પણ ફોન ઉપાડવાનો નથી, પણ ન રહેવાયું. તેણે થોડાક ગુસ્સામાં ફોન ઉપાડ્યો. સામે છેડેથી ગૌરવ સાથે વાત કરવા આગ્રહ થઈ રહ્યો હતો. ઋચાએ કહી દીધું, 'આજે ગૌરવ સાથે વાતચીત નહીં થઈ શકે'. તેણે વિજયી મુદ્રાથી ફોનનું રિસીવર મૂકી દીધું.

ઋચા ખુશ હતી. સવાર કૂણાં કૂણાં કિરણોથી જંગલને પસવારતી હતી. ઋચાએ તેના મુલાયમ વાળ ઉપર હાથ ફેરવીને અરીસામાં જોયું. દરવાજો ખોલીને ગૌરવ અંદર આવ્યો. તેણે દરવાજો બંધ કર્યો, ને હળવેકથી ઋચાને આલિંગીને કહ્યું, 'ઋચા, ડાર્લિંગ, તું ડીસ્ટર્બ ન થાય માટે હું નીચે જ ફોનની વ્યવસ્થા કરીને આવ્યો. નરેશ શાહનો દિલ્હીથી ફોન આવશે, ઋચાની ચળકતી આંખોમાં શિશુસહજ ચમક હતી. તેણે કહ્યું 'તું નીચે હતો ત્યારે જ નરેશનો ફોન હતો. તારી સાથે વાત કરવાનો આગ્રહ કરતો હતો, પણ મેં તો એને કહી દીધું કે આજે ગૌરવ સાથે વાતચીત નહીં થઈ શકે.' 'ઋચા,' ગૌરવે ત્રાડ પાડી. ફાટી ગયેલા સાદે તે બોલ્યો, 'મારો પંદર લાખનો સોદો આજે કેન્સલ થશે. મારે હમણાં જ દિલ્હી જવું પડશે, બાજુમાં પડેલી બ્રીફકેસ પકડીને ગૌરવ લગભગ દોડતો જ રૂમમાંથી બહાર નીકળી ગયો. ઋચાની આંખમાં આંસુ હતા. તે બબડી : 'તારો તો પંદર લાખનો સોદો કેન્સલ થયો પણ મારો તો...' અનેક મનોમંથન પછી સર્જાયેલી ક્ષણના ટુકડેટુકડા થયા. બારી પાસેના સોફા પર ઋચા ફસડાઈ પડી. દૂર દૂર સુધી વિસ્તરેલા જંગલ ઉપર ઝડપભેર દોડી રહેલા અપૂર્વને તે જોઈ રહી. બસ જોઈ જ રહી !! □



લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અને તેનો હસ્તપ્રત-ભંડાર

ડૉ. રમણીક શાહ

તક્ષશિલા અને નાલંદાના ગ્રંથભંડારોનો નાશ થવાથી ભારતીય જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રને કેટલી ક્ષતિ પહોંચી છે તે તો ભારતીય સંસ્કૃતિના ચાહકો જ સમજી શકે. ગુલામીકાળમાં આવી અનેક વિદ્યાપીઠોનો નાશ થયો હોવા છતાં દીર્ઘદષ્ટા પૂર્વજોએ વિવિધ પ્રકારે આપણા જ્ઞાન-વિજ્ઞાનના વારસાને જાળવી રાખવા જે પ્રયત્નો કર્યા છે તેના ફળરૂપે હજી યે ભારતભરમાં વિવિધ ધાર્મિક સ્થળો, જ્ઞાનભંડારો અને વ્યક્તિગત સંગ્રહોમાં લાખો હસ્તલિખિત ગ્રંથો બચી જવા પામ્યા છે. ગુજરાતમાં આવી હસ્તપ્રતોને સાચવવાનું ઘણું મોટું શ્રેય જૈન જ્ઞાનભંડારોને ફાળે જાય છે. પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત, લીંબડી, જામનગર, કોડાય, છાણી (વડોદરા), ખેડા અને અનેક નાનાં નાનાં ગામોના જૈનાશ્રિત જ્ઞાનભંડારો આની સાક્ષી પૂરે છે. પરંતુ વર્ષો જતાં આ ગ્રંથસામગ્રીની જાળવણી અને તેના ઉપયોગ વિશેના અજ્ઞાનને કારણે કેટલીક હાનિ પણ થવા પામી છે.

મોનિએર વિલિયમ્સ, પીટર્સન, બુહ્લર, જેકોબી, ટોડ, ફાર્બસ જેવા વિદેશી વિદ્વાનોના આપણે ઋણી છીએ કે જેમણે આપણા આ મહામૂલા વારસા તરફ ફરી આપણું ધ્યાન દોર્યું. કલકત્તાની રોયલ એશિયાટિક સોસાયટી અને પૂણેની ભાડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ જેવી સંસ્થાઓ આ દિશામાં કાર્ય કરવા લાગી.ગુજરાતમાં વડોદરામાં ગયકવાડ ઓરિએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ અને અમદાવાદમાં વિદ્યાસભા જેવી સંસ્થાઓ સક્રિય બની. પુરાતત્ત્વાચાર્ય જિનવિજયજી, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, મોહનલાલ દલીચંદ દેસાઈ, ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ જેવા જૈન વિદ્વાનોએ પણ આધુનિક રીતે જૈન સાહિત્યના સંશોધનની શરૂઆત કરી, પરંતુ હસ્તપ્રતોની શોધ અને ઉદ્ધારનું ભગીરથકાર્ય જો કોઈએ આ સદીમાં કર્યું હોય તો તે છે પુણ્યશ્લોક મુનિ શ્રી પુણ્યવિજયજીએ. ગણ્યાગાંઠ્યા સહાયકોની મદદથી મુનિજીએ બે લાખ ઉપરાંત હસ્તપ્રતોનો ઉદ્ધાર કર્યો હતો. પાટણ, વડોદરા, સુરત, ખંભાત, લીંબડી અને જેસલમેર જેવા વિકટ સ્થળમાં પણ રહીને, નાશને માર્ગે જઈ રહેલી હજારો હસ્તપ્રતોને તેમણે નવજીવન આપ્યું હતું. જ્ઞાનભંડારોમાંથી હસ્તપ્રતોનો અજ્ઞાનના કારણે થઈ રહેલ નાશ અને વિદ્વાનોને શોધકાર્ય માટે હસ્તપ્રતો મેળવવામાં પડતી મુશ્કેલીઓ જોતાં તેમને ગુજરાતમાં એક કેન્દ્રીય સંસ્થાની અનિવાર્યતા જણાઈ. શેઠ કસ્તૂરભાઈની વિદ્યાપ્રીતિએ મુનિજીના વિદ્યાપુરુષાર્થને પિછાન્યો અને અમદાવાદમાં આવી એક સંશોધન સંસ્થા સ્થાપવાનો એમણે સંકલ્પ કર્યો.

શેઠ કસ્તૂરભાઈના આ સંકલ્પનું પરિણામ તે 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'. આજે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતી આ



જેને પાશ્ચાત્ય ભારતીય વિદ્યાવિદ ડૉ. મોરીસ વિન્ટરનિત્ઝે 'શ્રમણોનું કાવ્ય' તરીકે ઓળખાવ્યું છે તે ભગવાન મહાવીરના અંતિમ ઉપદેશ રૂપ 'ઉત્તરાધ્યયનસૂત્ર' નામક પ્રાચીન અર્ધમાગધી આગમ ગ્રંથની આશરે ચૌદમી શતાબ્દીની તાડપત્રીય હસ્તપ્રતનું પ્રથમ પત્ર. અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરના ચિત્રાલેખ સાથે અહીં પશ્ચિમ ભારતીય હસ્તપ્રતોની પ્રાચીન નાગરી લિપિનો નમૂનો જોવા મળે છે.


સંશોધન સંસ્થાની શરૂઆત મુનિશ્રીના અંગત સંગ્રહની બહુમૂલ્ય ૧૦,૦૦૦ હસ્તપ્રતો અને ૭,૦૦૦ મુદ્રિત પુસ્તકો સાથે ૧૯૫૭માં અમદાવાદના પાનકોરનાકે આવેલ ભગુભાઈના વંડામાં એક વિશાળ હૉલમાં થઈ. ગુજરાતના ત્રણ મૂર્ધન્ય વિદ્વાનો પ્રા. શ્રી. કે. કા. શાસ્ત્રી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. જિતેન્દ્ર જેટલીએ શરૂમાં એકાદ-બે વર્ષ સંસ્થામાં સેવા આપી હતી. ૧૯૫૯માં વારાણસીથી ભારતીય દર્શનોના પ્રખર જ્ઞાતા પં. દલસુખભાઈ માલવણિયાને આમંત્રી સંસ્થાના નિયામકપદે મૂકવામાં આવ્યા. મુનિશ્રીની રાહબરી તળે આ રીતે વિદ્યામંદિરની વિકાસયાત્રા શરૂ થઈ.

દૂરદર્શી કસ્તૂરભાઈએ યુનિવર્સિટી કૅમ્પસમાં સંસ્થાને માટે ખરીદેલી વિશાળ જમીનમાં ભોંયતળિયે મુદ્રિત ગ્રંથો અને હસ્તપ્રતોના ભંડાર માટે વિશાળ ગ્રંથાલયખંડ, વચ્ચે સંશોધક વિદ્વાનો માટે બેઠકો અને ઉપરના માળે વ્યાખ્યાન-પ્રદર્શનાદિ માટેના હૉલ સાથેનું આધુનિક ભવ્ય વહાણાકૃતિ મકાન ૧૯૬૨માં પ્રસિદ્ધ સ્થપતિ બાલકૃષ્ણ દોશીના હાથે તૈયાર થયું. ૧૯૬૩માં ભારતના વડપ્રધાન પં. જવાહરલાલ નેહરુના વરદ હસ્તે તેનું ઉદ્‌ઘાટન થયું.

સંશોધન-ક્ષેત્રમાં વિદ્યામંદિરનું કાર્ય મુખ્યત્વે ત્રણ બાબતોમાં રહ્યું છે: (૧) સમગ્ર ભારતમાંથી પ્રાચીન હસ્તપ્રતો પ્રાપ્ત કરવી, જાળવવી, તેનાં સૂચિપત્રો તૈયાર કરવાં અને બહારની અપ્રાપ્ય હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ તૈયાર કરાવવી, (૨) પ્રાચીન હસ્તપ્રતોના આધારે અપ્રકાશિત મહત્ત્વપૂર્ણ ગ્રંથોનાં સંશોધિત સંસ્કરણો પ્રકાશિત કરવાં. તે પર સંશોધનાત્મક ગ્રંથો લખાવવા અને પ્રકટ કરાવવા તથા (૩) ભારતીય વિદ્યાના ક્ષેત્રે ખાસ કરીને સંસ્કૃત ભાષા અને હિન્દુધર્મ-દર્શનો, પાલિ ભાષા અને બૌદ્ધધર્મ, પ્રાકૃત ભાષા અને જૈનધર્મ તથા ભારતીય સંસ્કૃતિના વિષયમાં સંશોધનકાર્ય કરવું, તે અંગે સંશોધનપત્રો, વ્યાખ્યાનમાળાઓ, અભ્યાસ-વર્ગો ઈત્યાદિ અનેકવિધ આનુષંગિત પ્રવૃત્તિ કરવી.


આમાંનું પ્રથમ કાર્ય સંસ્થાએ અભૂતપૂર્વ તેજીથી ઉપાડ્યું અને આજ સંસ્થાના ભંડારમાં પોણો લાખ કરતાં વધુ હસ્તલિખિત ગ્રંથો છે. આ ગ્રંથોમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી-રાજસ્થાની, હિન્દી ઈત્યાદિ ભાષાના અને ધર્મ, દર્શન, કથા, કાવ્ય, અલંકાર, છંદ, નાટક, વેદ, ઉપનિષદ, તંત્ર, જૈનાગમ, આયુર્વેદ, જ્યોતિષ, ઈતિહાસ, પુરાણ-પ્રબંધ જેવા અનેક વિષયોના સેંકડો મહત્ત્વપૂર્ણ ગ્રંથો સચવાયા છે. આમાનાં કેટલાક તો દુર્લભ ગ્રંથો છે - યજુર્વેદ, શંકરાચાર્યની ત્રિપૂરી ઉપનિષદ, ભાગુરિનું સ્મૃતિસમુચ્ચય, બૌદ્ધાદિપંચદર્શન, રામચંદ્રકૃત મહાવિદ્યાલંકાર, તત્ત્વચિંતામણિ પરની રુચિદત્તની ટીકા-ચિંતામણિ સુબોધિકા, રાજશેખરકૃત ન્યાયકન્દલિપંજિકા, ગોપીકાન્દકૃત ન્યાયદીપ, કુમારસમ્ભવની ટીકાઓ, કિરાતાર્જુનીય, રઘુવંશ, સોમ મંત્રીપુત્રની યવનનામમાલા, ખીમાસાગરકૃત ફારસી પશ્ચિમાધીશ છંદ, હેમચન્દ્રશિષ્ય દેવચન્દ્રસૂરિરચિત વિલાસવતી નાટિકા, રાજમતીપ્રબોધનાટક, વિવેકમંજરી, સીતાચરિત, યોગનિબંધ, રામશતક, હંસનિદાન, સુરગચન્દ્રોદય, ફારસીપ્રકાશ (ફારસીકોશ) યદુસુન્દરમહાકાવ્ય વગેરે.

હસ્તલિખિત ગ્રંથોમાં અલ્પસંખ્ય પરંતુ બહુમૂલ્ય તાડપત્રીય પ્રતો ઉપરાંત કાપડ આદિ ઉપર લખાયેલી પ્રતો પણ ધ્યાનાર્હ છે. કેટલીક હસ્તપ્રતો એમાંનાં ચિત્રોના કારણે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, જેમાં ૧૨૮ ચિત્રોયુક્ત શાલિહોત્ર (અશ્વવિદ્યા વિષયક ગ્રંથ) વ્યાયામચિન્તામણિ (વિવિધ શારીરિક કસરતોના પ્રયોગો આલેખતો ગ્રંથ), મેઘદૂત (ઉપલબ્ધ એકમાત્ર સચિત્ર મેઘદૂત), સંગ્રહણીસૂત્ર અને ક્ષેત્રસમાસ (ખગોળ-ભૂગોળને લગતા જૈન ગ્રંથો) ની વિવિધ આકૃતિયુક્ત પ્રતિઓ, ઉત્તરાધ્યયન, ઉપદેશમાલા, કલ્પસૂત્ર (સં. ૧૫૭૭ની સુવર્ણાક્ષરી પ્રતિ), કુમારસમ્ભવ, ગજસ્તમ્ભ (૪૨ આકૃતિઓ સાથેનો હસ્તીવિદ્યાનો ગ્રંથ) બાદશાહી ચિત્રાવલિ, ગજચક-અશ્વચક (૫૦ ચિત્રો સાથે), મધુમાલતી, ઢોલામારુ, (૬૫ ચિત્રો), માધવાનલ કામકન્દલા, ગીતગોવિંદ, તુલસીકૃત રામાયણ, કાલકાચાર્ય-કથા વગેરેનો સમાવેશ થાય છે. ઉડિયા લિપિમાં કોતરણીથી લખાયેલ સચિત્ર તાડપત્રીય પ્રતોમાં ગીતગોવિંદ, રસમંજરી, મથુરામંગલ જેવા ગ્રંથો અહીં સચવાયા છે. લગભગ બારમી સદીથી લઈ આજ દિન સુધી લખાયેલ હસ્તપ્રતો જાળવી રાખવા સાથે જ પશ્ચિમ ભારતીય નાગરી લિપિના અભ્યાસ માટે પણ અઢળક સામગ્રી પૂરી પાડે છે.



જૈનોના સુપ્રસિદ્ધ તીર્થ શત્રુંજયના માહાત્મ્યનું વર્ણન કરતા 'સારાવલી પ્રકીર્ણ' નામે અર્ધમાગધી ભાષાબદ્ધ ગ્રંથની લગભગ સોળમા સૈકાની કાગળની હસ્તપ્રતનું પ્રથમ પત્ર, જેમાં શત્રુંજયધિરાજ પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનું ચિત્ર અંકિત છે.

જેસલમેર, પાટણ, ખંભાત જેવાં સ્થળોએ રહેલ અપ્રાપ્ય એવી ૨,૦૦૦ ઉપરાંત હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ અને ઝેરોક્ષ નકલોનો પણ સંગ્રહ સંસ્થા પાસે છે. ઉપરાંત હસ્તપ્રતોમાંનાં વિવિધ દુર્લભ ચિત્રોની ટ્રાન્સપરન્સીનો પણ એક અલાયદો સંગ્રહ છે. આ બધી હસ્તપ્રતોનું પરિગ્રહણ-સૂચીકરણનું કાર્ય કરવા માટે સંસ્થામાં શિક્ષિત કર્મચારીગણનો અલાયદો વિભાગ જ છે, જ્યાં નિરંતર આ કાર્ય થતું રહે છે. હસ્તપ્રતોના કેટલાક અંશનાં સવિવરણ સૂચિપત્રો સંસ્થાએ ચાર જેટલા ભાગમાં પ્રકાશિત કર્યાં છે.



આચાર્યશ્રીના હસ્તલિખીત શાસ્ત્રી અક્ષરોના નમુના.

જૈનાચાર્ય માનતુંગસૂરિ દ્વારા રચાયેલા ભક્તામર સ્તોત્ર અને ચારે બાજુ તેના પરની ટીકા લખાયેલી છે. સત્તરમી સદીની નાગરી લિપિનો અને ટીકા સહિતના ગ્રંથો કેવી રીતે લખાતા તેનો આ એક નમૂનો છે.

હસ્તપ્રત-સંગ્રહની સાથોસાથ જ સંસ્થા પાસે ૩૫,૦૦૦ ઉપરાંત મુદ્રિત ગ્રંથોનું સમૃદ્ધ ગ્રંથાલય પણ છે, જેમાં વૈદિક, બૌદ્ધ, જૈન, સાહિત્યનાં તેમજ ધર્મ, દર્શન, સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય અને કળા વિષયક અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, પ્રાકૃત, સંસ્કૃત અને અન્ય વિદેશી ભાષાઓનાં પણ અતિ મહત્ત્વપૂર્ણ પુસ્તકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્રંથાલય ભારતીય વિદ્યાને લગતાં દેશી-વિદેશી અનેક સંશોધન સામયિકોનો સંગ્રહ પણ ધરાવે છે.

વળી, સંસ્થા પાસે તાંબાનું દાનપાત્ર પણ છે, જેમાંનું એક પતરું આ અંકના પૂઠાના ત્રીજા પાને આપ્યું છે જે આજપર્યંત ઉપલબ્ધ કુમારપાળના અભિલેખોમાં સૌથી પ્રાચીન છે.

સંસ્થાનું બીજું કાર્ય છે ભારતીય વિદ્યાના વિવિધ સંશોધન ગ્રંથોનું પ્રકાશન કરવાનું. સંસ્થાની પ્રસિદ્ધ લાલભાઈ દલપતભાઈ ગ્રંથમાળામાં છેલ્લા ચાર દાયકામાં એકસો ઉપરાંત ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. તેમાંના કેટલાકનો અછડતો ઉલ્લેખ જ ગ્રંથમાળાની વિષયવિવિધતા અને મહત્તા દર્શાવવા પર્યાપ્ત છે.

સંસ્કૃત - ગીતગોવિંદ, મદનરેખા આખ્યાયિકા, કવિશિક્ષા, લીલાવતીસાર, લક્ષ્મણકૃત સૂક્તિરત્નકોશ.

આગમિક - વિશેષાવશ્યક ભાષ્ય - સ્વોપજ્ઞવૃત્તિસહ.

ન્યાય - જયંતકૃત ન્યાયમંજરી, રત્નાકરાવતારિકા.

પ્રાકૃત - વસુદેવહિંડી મધ્યમખંડ, ગાહારયણકોષ, સંખિત્તતરંગવઈકહા, મણોરમાકહા.

અપભ્રંશ - વિલાસવઈકહા, નેમિનાહચરિઉ.

પ્રાચીન ગૂર્જર - સંધિકાવ્ય સમુચ્ચય, પ્રાચીન ગૂર્જરકાવ્યસંચય.

મધ્યકાલીન ગુજરાતી - શીલોપદેશમાલા બાલાવબોધ, પ્રદ્યુમ્નચરિતચોપાઈ, શૃંગારમંજરીકથા અને નરસિંહ મહેતાનાં અપ્રકાશિત પદો.

હસ્તપ્રતોના આધારે થયેલાં ઉપરોક્ત સંશોધિત સંસ્કરણો ઉપરાંત, અનેક સ્વતંત્ર સંશોધન ગ્રંથો દ્વારા ગ્રંથમાળાએ દેશ-વિદેશમાં પોતાની આગવી પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે.

ઈ.સ. ૧૯૭૧થી સંસ્થાએ પૂણેની 'ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' અને વડોદરાની 'ગાયકવાડ ઓરી. ઈન્સ્ટિટ્યૂટનાં રીસર્ચ જર્નલોની બરાબરી કરે તેવા 'સંબોધિ' નામક સંશોધન સામયિકની શરૂઆત કરી અને આજ સુધીમાં તેમાં ૧૭ જેટલા વોલ્યૂમ પ્રકટ થઈ ચૂક્યાં છે. 'સંબોધિ'માં અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી - ત્રણે ભાષાઓમાં ભારતીય વિદ્યાને લગતી બધી જ શાખાઓના સંશોધનલેખો પ્રકટ થાય છે.

આ ઉપરાંત સંસ્થા પ્રતિવર્ષ ભારતના અને વિશ્વના ખ્યાતનામ ભારતીય વિદ્યાવિદોનાં વ્યાખ્યાનો ગોઠવે છે. તેમાં આજ સુધીમાં ડૉ.જે.સી. જૈન, ડૉ.જી.સી. પાંડે, ડૉ.કાલિદાસ ભટ્ટાચાર્ય, ડૉ. માઈન્કર, ડૉ. બી.કે. મતિલાલ, ડૉ.સી. શિવરામમૂર્તિ, ડૉ. સોહની, ડૉ. આર. સી. ત્રિવેદી. ડૉ. કાલવાટગી જેવા ભારતીય વિદ્વાનો તથા ડૉ. કેલાટ કેલા (ફ્રન્સ), ડ. અર્નેસ્ટ બેન્ડર (અમેરિકા), ડૉ. એ.કે. વૉર્ડર (કેનેડા), ડૉ.કલોઝ બ્રુહ્ન (જર્મની) જેવા વિદેશી વિદ્વાનો વ્યાખ્યાન આપી ગયા છે.

વિદ્યામંદિર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી માન્ય સંશોધન સંસ્થા છે અને સંસ્કૃત, પ્રાકૃત તથા ભારતીય સંસ્કૃતિ વિષયમાં પીએચ. ડી. ડિગ્રી સારુ અભ્યાસ કરાવવા માટે માન્યતાપ્રાપ્ત છે.અત્યાર સુધીમાં આ ત્રણે વિષયમાં કેટલાક ઉત્તમ વિદ્યાર્થીઓ સંસ્થામાંથી પીએચ.ડી. કરી ગયા છે.

ભારતના અન્ય પ્રાન્તો અને વિદેશોમાંથી અનેક વિદ્યાર્થીઓ અને વિદ્વાનો સંશોધન કાર્ય માટે પ્રતિવર્ષ સંસ્થામાં આવે છે. સંસ્થા આવા છાત્રો-વિદ્વાનો માટે અતિથિગૃહ પણ ધરાવે છે.

વિદ્યામંદિરમાં આજ દિન સુધીમાં અનેક આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાનો સેવા આપી ગયા છે, જેમાં જેમને તાજેતરમાં જ ભારત સરકાર તરફથી પદ્મભૂષણનો ખિતાબ મળ્યો છે તે સંસ્થાના આદ્ય નિયામક પં. દલસુખભાઈ માલવણિયા, પં. બેચરદાસજી દોશી, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. જિતેન્દ્ર જેટલી, પ્રો. કે. કા. શાસ્ત્રી, ડૉ. નગીનભાઈ શાહ, ડૉ. તપસ્વી નાન્દી, ડૉ. રમેશ બેટાઈ વ.નો સમાવેશ થાય છે. ડૉ. હરિવલ્લભ ભાયાણી આજ પણ સંસ્થામાં માનાર્હ પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યા છે. કલ્પનાશીલ નિયામકથી વિદ્યામંદિરની વિદ્યાપ્રવૃત્તિ ઝળહળી ઊઠે એ નિર્વિવાદ છે. □

(આ લેખ સાથેનાં બધાં ચિત્રો લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સૌજન્યથી)

ભારતીય કલાકલાપ ભાગ ૧ સિલકમાં નથી તેની સહુએ નોંધ લેવી.

બુદ્ધિ કસો

બાર સૈનિકોને એક સ્થળેથી ૨૦ માઈલ દૂર શક્ય તેટલી ઝડપે અને એકસાથે પહોંચવાનો હુકમ મળ્યો. એમણે આ માટે એક નાની ખખડધજ મોટરગાડી હાથ ધરી. ચાલકે જણાવ્યું કે તેની ગાડી એક કલાકે ૨૦ માઈલની ઝડપે જ ચાલી શકતી હતી અને તેમાં ૪થી વધુ જણ એક સાથે લઈ જઈ શકાય તેમ નહોતું. પછી તેણે પૂછ્યું, 'તમે કેટલી ઝડપે ચાલી શકો છો?'

સૈનિકોએ જણાવ્યું કે તેઓ સૌ એક કલાકે ૪ માઈલની ઝડપે એકધારા ચાલી શકે તેમ હતા. 'તો પછી તમારામાંથી ચાર જણને લઈ હું ઉપડું અને તમે બાકીના બીજા સૌ પણ ચાલવા માંડો. મારી સાથેના ચારને હું એક સ્થળે ઉતારી પાછો આવીને તમારામાંના બીજા ચારને માર્ગમાંથી લઈ જઈશ અને તેમને પણ વચ્ચે એક સ્થળે માર્ગમાં જ ઊતારી ફરી પાછો આવીને છેલ્લા ચારને લઈ જઈશ. દરમિયાન માર્ગ પરના સૌ તો ચાલતા જ રહેજો. બાકીનું હું સંભાળી લઈશ. આ રીતે તમે સૌ એકસાથે જ તમારે જવાના સ્થાને પહોંચી જશો.'

આમ, બરાબર બપોરે ૧૨ વાગ્યે સૌ ઊપડ્યા. અને નક્કી કરેલી યોજના પ્રમાણે બારેય સૈનિકો એકસાથે નિર્ધારિત સ્થળે પહોંચી ગયા. તમે કહી શકશો કે એ બારેય સૈનિકો કેટલા વાગ્યે પોતાના સ્થાને પહોંચ્યા હશે?

(ઉત્તર આ અંકમાં અન્યત્ર)

ક્રોધ એ ક્રાન્તિનો જનક છે

વિનોદ ભટ્ટ

અમેરિકન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનને તેમના યુદ્ધ ખાતાના પ્રધાન સ્ટેન્ટને એક વાર ફરિયાદ કરી કે લશ્કરના ફલાણા મેજર જનરલે મને એક નઠારો કાગળ લખ્યો છે, જેમાં ગાળો આપી છે ને ભાઈ-ભત્રીજાવાદ ચલાવવાનો આક્ષેપ કર્યો છે. મને એમ થાય છે કે તે બળીને ભસ્મ થઈ જાય એવો કાગળ તેને લખી નાખું, ક્રોધથી અત્યારે તો હું પોતે જ સળગી રહ્યો છું, મારે તેની પણ એવી વલે કરવી છે, તમારી શું સલાહ છે? એક કડક પત્ર તેને ફટકારી દઉં? જવાબમાં લિંકને જણાવ્યું: 'તમેય ખરા છો ભાઈ ! આવી તક તે કંઈ હાથથી જવા દેવાતી હશે ! તેણે વાપરી છે એથીય તીખી તમતમતી ભાષામાં કાગળ લખો, જરાય કચાશ ન રાખશો.' સ્ટેન્ટને તોપની ભાષામાં પત્ર લખ્યો જેમાં પોતાનો ક્રોધ ઠાંસી ઠાંસીને ભર્યો. પત્ર લખી નાખ્યા બાદ તેણે કહ્યું : 'આ કાગળ હું એ જનરલના બચ્ચાને અબઘડી ટપાલ દ્વારા મોકલી આપું છું...' લિંકને તેને જણાવ્યું : 'આ ક્રોધનો કાગળ છે, લખાય ખરો, પણ તેના પર કોઈનું સરનામું ન લખાય, હવે આ કાગળ બાળી મૂકો. ગુસ્સો આવે ત્યારે હું પણ આમ જ કરું છું...'

લિંકનની સલાહ તેમના યુદ્ધમંત્રીએ સ્વીકારી જ હશે. પણ આવી સલાહ હું ન માનું. કાગળ એવો ભયંકર લખું કે મારા ક્રોધના પ્રભાવથી કાગળ પોતે જ સળગી જાય. પણ ત્યાર પહેલાં તેની બે-ત્રણ ઝેરોક્ષ નકલો હું કઢાવી લઉં. જેના પર મને ગુસ્સો ચડ્યો હોય તેના સુધી તે પહોંચે નહીં ત્યાં સુધી મને ચેન ના પડે. મારા શરીરમાંનો ક્રોધ તે વ્યક્તિને સ્પર્શે નહીં તો પછી એ વાંઝિયા ક્રોધનો શો અર્થ?

આપણને કોઈએ ગુસ્સાનું કારણ આપ્યું હોય છતાં ગુસ્સો ના કરીએ તો એમાં આપણું સ્વાસ્થ્ય કથળે. મને તો ક્રોધ કર્યા વગર ભૂખ પણ ન લાગે ને ઊંઘ પણ ન આવે. ક્રોધને દબાવવાથી તેની તબિયત પર માઠી અસર પડે છે, ને ક્રોધ કરી નાખ્યા બાદ હળવા થઈ જવાય છે. જો કે પછી જેના પર ક્રોધ ઠલવાયો હોય તે વ્યક્તિ એટલી હળવી રહી શકતી નથી, પણ એ એનો અંગત પ્રશ્ન છે. પહેલું સુખ તે જાતે નર્યા. ક્રોધનો જોરદાર હુમલો આવે ને તેને ખાળી શકાય તેમ ના હોય તો ક્રોધ કરી નાખવો, અટકયા વગર.' મોટા મોટા સાધુસંતો, વિદ્વાનો તેમજ બુદ્ધિજીવીઓ પણ ક્રોધ પર કાબૂ મેળવી શક્યા નથી તો આપણે ક્ષુદ્ર જીવોએ શા માટે ક્રોધ પર વિજય મેળવવા નિષ્ફળ પ્રયાસ કરવો જોઈએ? હું ક્રોધ પર અંકુશ મેળવી શકું છું એવો 'ઈગો' શા માટે પોષવો જોઈએ?

જેમને આપણે હરપલે યાદ કરીએ છીએ તે ભગવાન શંકર પોતાના ભોળપણ માટે હતા એટલા જ પ્રખ્યાત ગુસ્સા માટે પણ હતા. ગુસ્સાથી તેમનું ત્રીજું નેત્ર ન ખૂલે એ કાજે અન્ય દેવો સદાય સતર્ક રહેતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ ગુસ્સામાં આવી જઈને પોતાના જ ભાણેજ એવા શિશુપાલનો વધ કર્યાનો કિસ્સો આપણે જાણીએ છીએ, અને દુર્વાસાની તો એક હોબી જ હતી, ગુસ્સે થવાની ને શાપ આપવાની. કારણ ગમે તેટલું નાનું હોય, તે તત્કાળ ગુસ્સે થઈ જતા. પેલી બાપડી નિર્દોષ કન્યા શકુન્તલા, એ ઉંમરની કોઈપણ છોકરીની જેમ પોતાના પ્રિયતમની યાદમાં ખોવાઈ ગઈ ને દુર્વાસા આંગણે આવ્યા છે એનો ખ્યાલ ના રહ્યો. બસ, એવડા અમથા ગુના બદલ ક્રોધમાં શાપ દઈ દીધો કે છોકરી, જેના વિચારમાં ખોવાઈને તેં મારી હાજરીની નોંધ નથી લીધી, એ જ તને ભૂલી જશે. આ દુર્વાસાના ક્રોધથી તો દેવો પણ ડરતા એવા દુર્વાસા ગુસ્સા પર કાબૂ નહોતા મેળવી શક્યા તો પછી મારા-તમારા જેવાઓ કોઈના પર ગુસ્સો કરી નાખે એમાં કયાં બ્રહ્માંડ તૂટી પડવાનું છે!

નેહરુ પરિવાર તેના ત્યાગ માટે પામેલો એટલી જ પ્રતિષ્ઠા ક્રોધ અંગે પણ પામ્યો હતો. જવાહરલાલ નેહરુના પિતા મોતીલાલને એક વખત ગાંધીજીએ પૂછ્યું, 'વાતવાતમાં તમે મિજાજ કેમ ગુમાવી બેસો છો ?' જવાબમાં મોતીલાલે મિજાજ ગુમાવ્યા વગર જણાવ્યું, 'બાપુ, બાકીનું બધું તો તમે લઈ લીધું છે અને હવે મારી પાસે મિજાજ છે, તમે મને એ પણ નહીં ગુમાવવા દો!' ગાંધીજી પાસે આનો કોઈ જવાબ નહીં હોય. હોત તો તેમણે 'હરિજનબંધુ'માં ચોક્કસ આપ્યો હોત. ખુદ ગાંધીજી પણ યુવાનીમાં બહુ ક્રોધી ને આકરા હતા એવું તેમના પુત્ર હરિલાલે નોંધ્યું છે.

જ્યારે કોઈ માણસ એમ કહે કે મને ક્યારેય ગુસ્સો નથી આવતો ત્યારે મને તેના પર ગુસ્સો આવે છે. ક્યારેય ગુસ્સો ન કરતો માણસ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ એક 'કેસ' ગણાય, તેણે પોતાના મગજની ચિકિત્સા કરાવી લેવી જોઈએ. ડૉક્ટરો કહે છે કે ક્રોધનું ખોટી રીતે દમન કરનારાઓને બ્લડપ્રેશર, હાર્ટ એટેક, એસિડિટી, અલ્સર, અનિદ્રા ને તેને લીધે અપચા જેવા રોગો થતા હોય છે, માટે શરીરને સ્વસ્થ રાખવા સારુ માફકસર ક્રોધ કરી લેવો જોઈએ. હેનરી એડવર્ડ કહે છે : 'A man does not know how to be angry, does not know how to be good.' (જે માણસને ગુસ્સે થતાં ન આવડતું હોય તેને સજ્જન થવાની ખબર પડતી નથી.)

ક્રોધને કેટલાક લોકો આંધળો કહે છે, પણ આંધળા માણસોય ગુસ્સે થઈ જતા હોય છે. મહાભારતવાળા ધૃતરાષ્ટ્ર યુદ્ધમાં પોતાના સો પુત્રો હણાયાથી ખૂબ ક્રોધે ભરાયા હતા. તેમણે ભીમને આલિંગન માટે બોલાવ્યો. ભીમ નસીબનો બળિયો તે કૃષ્ણે ભીમને બદલે તેની આદમકદ મૂર્તિ આલિંગન માટે ધૃતરાષ્ટ્રના આશ્લેષમાં મૂકી દીધી, ગુસ્સાથી ધૃતરાષ્ટ્રે એ મૂર્તિને એવી તો ભીંસી કે તેના ટુકડા થઈ ગયા. આ મૂર્તિને બદલે જો અસલ ભીમને ભીંસમાં લીધો હોત તો તેનાં હાડકાં-પાંસળાનું ચૂર્ણ થઈ ગયું હોત.

એવો કોઈ માણસ નહીં હોય જેણે જીવનમાં એકાદ વાર પણ બીજા પર ગુસ્સો કર્યો ન હોય. ક્રોધને ક્ષણિક ગાંડપણ લેખવામાં આવે છે, અને આ ગાંડપણ માણસમાં ગમે તે ક્ષણે પ્રવેશી જાય છે. પાછલી અવસ્થામાં

ગાંધીજીનું નામ સાંભળતાં જ કવિ ન્હાનાલાલ ગુસ્સે થઈ જતા. કવિનું નામ ભલે ન્હાનાલાલ હતું પણ ગુસ્સામાં તે ઘણા મોટા હતા. કવિ બાલાશંકર કંથારિયાએ એક કવિતા દ્વારા સલાહ આપી છે : 'વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને ત્યજી દેજે...' પણ આ કવિ બાલાશંકર ખુદ ઘણા ક્રોધી હતા એવું તેમના મિત્રોએ નોંધ્યું છે. આ કાવ્યપંક્તિ તેમણે કદાચ પોતાને ઉદ્દેશીને લખી હોય એમ પણ બને. કવિ ઉમાશંકર જોશીનો ગુસ્સો પણ સાહિત્યજગતમાં જાણીતો હતો ને કેટલાક શબ્દકારોને એનો લાભ પણ મળ્યો હતો. (તેમનો ઈંટ મારવા વિશેનો પ્રસંગ લખવાનું અહીં ટાળું છું...) કવિ નિરંજન ભગત પણ ગુસ્સામાં ઉમાશંકર ગોત્રના. ગુસ્સે થઈ જાય ત્યારે આખું શરીર ધ્રૂજે, એ ક્ષણે જોનારને નિરંજન કવિ હોવાની શંકા ભાગ્યે જ જાગે. એમ તો કવિ લાભશંકર ઠાકરનો ગુસ્સો પણ તેમને હાર્ટ એટેક આવ્યો ત્યાં સુધી અકબંધ હતો, હવે થોડો ગોળો પડ્યો છે. જો કે હજીય તેમની કલમમાંથી તેમના નામનો ઉત્તરાર્ધ 'શંકર' પ્રકટ થઈ જાય છે - ગુસ્સા રૂપે. એક વખત તે હોટલમાં જમતા હતા ત્યારે બાજુના ટેબલ પર ઘોંઘાટ કરતા એક સરદારજી પર ગુસ્સે થઈને તેમણે કાચના ગ્લાસનો છુટ્ટો ઘા કર્યાનો પ્રસંગ અમારા જેવા કેટલાકની જાણમાં છે.

કેટલીકવાર ગુસ્સો આપણી લાચારી બની જાય છે તો ઘણીવાર લાચારીને કારણે માણસને ગુસ્સો આવી જાય છે, જે તે પોતાનાથી ઓછી શક્તિવાળા પર ઉતારે છે. કોઈ કંપનીનો મેનેજિંગ ડિરેક્ટર મેનેજર પર ગુસ્સો ઠાલવે પછી મેનેજર પોતાના કારકુન પર ગુસ્સો ઉતારે છે. એ કારકુન પોતાનો ગુસ્સો પટાવાળા પર ટ્રાન્સફર કરે છે. પટાવાળો પોતાની અર્ધાંગિની પર પૂરો ગુસ્સો લાદે છે ને અર્ધાંગિની પોતાનાં બાળક પર ગુસ્સો ખંખેરે છે ને બાળક પોતાનો ગુસ્સો શેરીમાં ફરતાં કૂતરાં પર ઉતારે છે. જે માણસ પૂરતો બળવાન નથી હોતો તે પોતાનાથી નબળા માણસો પર ગુસ્સો ઉતારીને સંતોષ માને છે.

ક્રોધ કરનારાઓને ભાંડવામાં આવે છે, પણ આ બધી ક્રાન્તિઓ ક્રોધમાંથી જ જન્મી છે, ઉદ્ભવી છે. ક્રોધ એ ક્રાન્તિનો જનક છે એમ કહેવામાં સ્હેજ પણ અતિશયોક્તિ નથી. મોટા ભાગે લોકો ઉદાસ ને નિષ્ક્રિય હોય ત્યારે હાથ-પગ જોડીને બેસી રહે છે. પણ તે ગુસ્સે થાય છે ત્યારે પરિવર્તન આણે છે. ક્રોધમાં શક્તિ છે. ક્રાન્તિઓનો ઈતિહાસ તપાસવાથી ક્રોધની શક્તિનો ખ્યાલ આવી જશે. ક્રોધની શક્તિનો પરચો તો આપણને ઉંદર પણ આપી શકે છે, ખાસ કરીને બાથરૂમમાં. બાથરૂમમાં બારણું બંધ કરીને આપણે સ્નાન કરતા હોઈએ ને ત્યાંજ ઉંદર દેખા દે ત્યારે તેને નસાડવાનો પ્રયાસ કરીએ છીએ. પણ તેની પાસે ભાગવાનો માર્ગ નથી હોતો ત્યારે તે ક્રોધથી આપણા પર હુમલો કરીને આપણને ગભરાવી મૂકે છે - વિશ્વ સ્પર્ધાઓમાં અનેક ચન્દ્રકો જીતી જનાર પહેલવાનના મોંમાંથીય આવી ક્ષણોમાં ભારે નહીં તો છેવટે હળવી ચીસ નીકળી જશે.

સાધુ-સંતો દ્વારા આપણને ગુસ્સો નહીં કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. ક્રોધને નર્કનું દ્વાર ગણાવીને એ તરફ જતાં ચેતવવામાં આવે છે. એમ પણ કહેવામાં આવે છે કે માણસને ખૂબ ગુસ્સો આવે ત્યારે તેની આગળ અરીસો ધરી દેવો. ગુસ્સામાં હોય છે ત્યારે માણસનો ચહેરો એટલો બધો વિકૃત થઈ જાય છે કે એ વખતે અરીસામાં પોતાનો ચહેરો જોઈને પોતે જ છળી મરે. એટલે તો માર્ક ટ્વેઈને કહ્યું છે કે ગુસ્સો આવે ત્યારે એકથી દસ સુધી ગણવા માંડવું ને વધુ ગુસ્સો આવે ત્યારે સો સુધી ગણતરી કરવી. પણ જ્યારે ગુસ્સાથી મગજ ફાટવા માંડે છે ત્યારે આંક જ નહીં, આખેઆખું ગણિત ભૂલી જવાય છે. કેટલાક એવું કહે છે કે જે ગુસ્સે થઈ શકતો નથી એ મૂર્ખ છે. પણ શાણો માણસ ક્યારેય ગુસ્સે થતો નથી. જો કે ઘણા લોકો શાણા તરીકે રિબાવા કરતા મારી જેમ ગુસ્સો કરવાનું વધુ પસંદ કરશે.

હાસ્યશાસ્ત્રીઓ કહે છે કે પ્રાણીઓમાં 'સેન્સ ઓફ હ્યુમર' કહેતાં હાસ્યવૃત્તિનો અભાવ હોવાને કારણે તેમને ક્રોધ કર્યે જ છૂટકો હોય છે, પરંતુ માનવજાતને ઈશ્વરે હાસ્યવૃત્તિ બક્ષી છે. એટલે ગુસ્સે થવાને બદલે તેણે પોતાની હાસ્યવૃત્તિને શરણે જવું જોઈએ. અબ્રાહમ લિંકને કહ્યું છે કે મને જ્યારે ગુસ્સો આવે છે ત્યારે હું એકાદ રમૂજી ટુચકો યાદ કરી લઉં છું. અબ્રાહમ લિંકન ટાઈપના માણસોને એ વાતે અભિનંદન આપવા ઘટે કે ગુસ્સાની પળોમાં તે હાસ્યનું આલમ્બન લઈ શકે છે, પણ મારા જેવાને હજારો ટુચકા યાદ હોવા છતાં ગુસ્સાની ક્ષણોમાં ગુસ્સો કરવા સિવાય કશું જ યાદ નથી રહેતું, મારી હાસ્યવૃત્તિ હડતાળ પર ઊતરી જાય છે.

અને આમ પણ હાસ્યશાસ્ત્રમાં વીરરસ ને હાસ્યરસ બન્ને એકબીજાના શત્રુ લેખાય છે. એકની હાજરીમાં બીજો ફરકી શકતો નથી, પણ જો ગુસ્સાના વિકલ્પે કોઈ પોતાની રમૂજવૃત્તિને ખપમાં લેતો હોય તો એ વીરલા માટે મને ચોક્કસ માન થાય. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન વી.પી.સિંહનો એક કિસ્સો યાદ આવે છે. સિમેન્ટ કૌભાંડમાં ખરડાયેલા મહારાષ્ટ્રના માજી મુખ્યમંત્રી એ. આર. અંતુલે પાર્લામેન્ટમાં વી.પી. સામે બોલવા ઊભા થયા. ગુસ્સામાં ને જુસ્સામાં તેમણે ત્રણેક કલાક સુધી આક્ષેપોની ઝડી વરસાવી. આ આખીય આક્ષેપબાજી વખતે વી.પી. ચૂપચાપ બેસી રહ્યા. અંતુલેએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું એટલે વી.પી.એ તેમની સામે ઊડતી નજર નાખતાં માત્ર એક જ વાક્ય કીધું, 'મિ. અંતુલે, તમારી દલીલોમાં સિમેન્ટ કરતાં રેતીનું પ્રમાણ ઘણું વધારે છે.' તેમના આ જવાબથી હું એટલો બધો પ્રભાવિત થઈ ગયો છું કે વડાપ્રધાન તરીકેની તેમની તમામ ભૂલો માફ કરવા તૈયાર છું.

વિન્સ્ટન ચર્ચિલ ગુસ્સાને બદલે હંમેશાં પોતાની રમૂજવૃત્તિને ઉપયોગમાં લેતા. તેમની પુત્રી સરાહ એક મુફલીસ જેવા ગાયક વિક ઑલિવરને પરણી હતી. આ લગ્નથી ચર્ચિલ ઘણા નારાજ હતા ને પોતાના જમાઈને જોતાં જ મનમાં ગુસ્સાનો ઊભરો આવી જતો. એક વખત આ જમાઈ ઑલિવરે ચર્ચિલને અમસ્તું જ પૂછ્યું, 'કોને બહાદુર ગણો છો ?' 'મુસોલિનીને...' ચર્ચિલ દાઢમાં બોલ્યા. પછી ઉમેર્યું, 'પોતાના જમાઈને ઠાર મારવાની તેનામાં હિંમત હતી...'

એક જર્મન કહેવત છે કે 'સત્તા વગરનો ગુસ્સો એ કેવળ મૂર્ખાઈ છે.' દુનિયાને આપણે સુધારી શકતા ન હોઈએ, સરકારી કર્મચારીઓને લાંચ લેતા અટકાવી શકીએ તેવી સ્થિતિમાં ન હોઈએ, જુલ્મી શાસક સામે માથું ઊઠાવવાની તાકાત આપણે ગુમાવી બેઠા હોઈએ ત્યારે આવી બધી બાબતો પર ગુસ્સો કરીને લોહી બાળવા કરતાં આ બધા પર હસી નાખવું જોઈએ. કેમ કે આપણે નાશવંત છીએ ને આ બધું શાશ્વત છે, એવું આશ્વાસન લઈ શકવા સિવાય આપણે કશું કરી શકતા નથી. સાયરા ક્યૂજના જુલ્મી રાજા દિઆનશિયસે એક વાર એથેન્સની સાચી પરિસ્થિતિ અંગે અભિપ્રાય પૂછતાં પ્લેટોએ એરિસ્ટોફનીઝના પ્રહસન 'મેઘમંડળ'ની એક નકલ રાજાને મોકલી આપી હતી.

આ બધાની જાણ હોવા છતાં થોમસ જેફરસનનું આ વાક્ય વારંવાર યાદ આવે છે, 'જે માણસ ગુસ્સે ન થાય એ પુરુષ જ નથી...' □

રોઝાટનું ક્ષકિરણી દર્શન

છોટુભાઈ સુથાર

પૃથ્વી પર આવેલી અનેક વસ્તુઓને આપણે જોઈએ છીએ. વળી પૃથ્વીની બહારના અવકાશમાં ચંદ્ર, સૂરજ, ગ્રહો, તારા, વાદળ, વિમાન, ઊડતાં પંખીઓ વગેરેને આપણે જોઈએ છીએ. આપણું આ દર્શન શ્વેત પ્રકાશ પૂરતું સીમિત છે. મતલબ કે જે પદાર્થો સ્વયં પ્રકાશિત છે યા શ્વેત પ્રકાશનું પરાવર્તન કરે છે તેમને જ આપણે જોઈ શકીએ છીએ.

આકાશમાં આવેલા જે તારા એમનો શ્વેત પ્રકાશ આપણા સુધી પહોંચાડે છે તેમને જ આપણે જોઈ શકીએ છીએ. જે તારા શ્વેત પ્રકાશને બદલે અન્ય પ્રકારનો પ્રકાશ વિકિરિત કરતા હોય છે તેમને આપણે જોઈ શકતા નથી. એમ થવાનું કારણ આપણી દૃષ્ટિશક્તિની મર્યાદા છે. વિજ્ઞાનની ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે ૩૯૦૦ એન્ગસ્ટ્રોમથી ૭૫૦૦ એન્ગસ્ટ્રોમ તરંગ લંબાઈવાળા પ્રકાશને આપણે જોઈ શકીએ છીએ પણ તેથી ઓછી તેમજ વધુ તરંગ લંબાઈવાળા પ્રકાશને આપણે જોઈ શકતાં નથી. ન જોઈ શકાતો પ્રકાશ ઇન્ફ્રા રેડ, અલ્ટ્રાવાયોલેટ, ક્ષ કિરણ, ગેમા કિરણ અને બ્રહ્માંડ કિરણોનો છે.

તારા વાસ્તવમાં શું છે એનો ખ્યાલ દૂરબીનની શોધ થઈ તે પહેલાં કોઈને ન હતો. દૂરબીનો દ્વારા અવકાશનું નિરીક્ષણ થવાને કારણે યુગ્મતારા, બહુલ તારા, તારાગુચ્છો, રૂપવિકારી અને સ્ફોટક તારા, તારાઓનાં ઉષ્ણતામાન, તારાઓની નિજગતિ, તારાઓની દ્રવ્યસંપત્તિ, તારાઓનાં આંતરિક બંધારણ વગેરે અનેક બાબતોનો અભ્યાસ થયો. અનેક તારાવિશ્વો અવકાશમાં આવેલાં છે, અને તેમની અંદર આવેલી નિહારિકાઓ (Nebulae)માંથી તારા જન્મ પામે છે એ જ્ઞાન સાથે ખગોળ સંશોધનની ઈતિ થવા આવી હતી ત્યાં, (આજથી સાઠ વર્ષ પહેલાંના અરસામાં) કેટલાક તારાઓમાંથી વહી આવતા અવાજ અને તેને ઉત્પન્ન કરનારા સ્રોતોના અભ્યાસ તેમજ સંશોધને ખગોળવિજ્ઞાનની એક નવી શાખા- રેડિયો ખગોળ-ને જન્મ આપ્યો : અને તે માટે વિશિષ્ટ પ્રકારનાં રેડિયો દૂરબીનો બંધાયાં. આંખ વડે જોવાનું કામ આપનારું ચાક્ષુષ દૂરબીન શ્વેત પ્રકાશ ઝીલતું દૂરબીન છે, જ્યારે રેડિયો દૂરબીન તારા-અવાજ ઝીલનારું દૂરબીન છે.

ઘણીવાર એવું બને છે કે અમુક સંશોધનો બાદ કાર્યમાં મંદતા આવતી હોય છે ત્યારે કોઈ ઘટના સમગ્ર સંશોધન ક્ષેત્રને નવી કેડી દાખવી જુદો વળાંક આપે છે.

બ્રહ્માંડમાં કરોડો તારાવિશ્વો આવેલાં હોવા છતાં તે ૯૯ ટકા શૂન્યાવકાશવાળું હોવાનું મનાય છે. વળી, બ્રહ્માંડના સમસ્ત વેગમાન (momentum)ના હિસાબે એની કુલ દ્રવ્યસંપત્તિ તે હોવી જોઈએ તેના પ્રમાણમાં કેવળ દસમા ભાગની હોવાનું સમજાયું છે. એટલે પ્રશ્ન થયો કે ૯/૧૦ દ્રવ્યસંપત્તિ ક્યાં હશે યા કેવા રૂપમાં હશે ?

પ્રશ્નનો ઉકેલ શોધવા અદૃશ્ય તારાઓના અસ્તિત્વની વિચારણા શરૂ થઈ જેના ફળ સ્વરૂપે ખગોળની એક નવી શાખા 'ઇન્ફ્રા રેડ ખગોળ'નો ઉદ્‌ભવ થયો. ઇન્ફ્રા રેડ કિરણો પ્રસરાવતા અનેક તારાઓના આવિષ્કારને કારણે ચાક્ષુષ, રેડિયો અને ઇન્ફ્રા રેડ એમ ત્રણેય ખગોળશાખાઓના સહયોગ દ્વારા કેટલીક નવી ખગોળીય બાબતો પ્રકાશમાં આવી છે.

સામાન્ય રીતે કોઈ પણ જ્ઞાન-વિજ્ઞાનની શાખામાં નવીન વિચારધારા યા કલ્પનાને શરૂઆતમાં હસી કાઢવામાં આવે છે. બ્રહ્માંડના અગોચર દ્રવ્યના મનનચિંતનમાં 'શ્યામ ગર્ત' (Black Hole)'ની વિચારણાએ મોટો ફાળો આપ્યો છે. શરૂઆતમાં અકલ્પ્ય અને હાસ્યાસ્પદ લાગતી આ બાબત હવે સંશોધનાત્મક બની રહી છે. બ્રહ્માંડનું અદૃશ્ય દ્રવ્ય નાનામોટા 'શ્યામ ગર્તો'ના રૂપમાં હોવાનું સમજાયા ઉપરાંત અનેક પ્રકાશ વર્ષ લાંબાંપહોળાં વૈશ્વિક યા બ્રહ્માંડીય અદૃશ્ય વાદળો પણ અસ્તિત્વ ધરાવતાં હોવાનું દૃઢપણે સમજાવા લાગ્યું છે.

શ્યામ ગર્તોના અસ્તિત્વ વિષે હવે શંકા રહી નથી. અલબત્ત, શ્યામ ગર્તને જોવાનું બની શકે તેમ નથી. શ્યામ ગર્ત એવો આકાશી પદાર્થ છે કે જે પોતાનામાં ઉત્પન્ન થયેલા પ્રકાશને પોતાની પ્રબળ ગુરુત્વ શક્તિના જોરે અવકાશમાં જવા દેતો નથી. આમ છતાં શ્યામ ગર્ત અસ્તિત્વ ધરાવે છે એ સાબિત થયું છે ક્ષ કિરણના દર્શને.

શ્યામ ગર્ત તેની આજુબાજુમાં આવેલા દ્રવ્યને પોતાના તરફ ખેંચી તેને પોતાની અંદર સમાવી લે છે. આ ક્રિયામાં હડપાઈ જતા દ્રવ્યના પરમાણુ શ્યામ ગર્તમાં વિલીન થતાં પહેલાં, ભારે વગેથી તેના મુખવિવર તરફના ચકરાવા લેતા લેતા નીચે ઊતરતા જાય છે. પરમાણુ હડપ થતાની વેળાએ ક્ષ કિરણની છટા પ્રકટે છે. આ છટાનાં દર્શન દ્વારા શ્યામ ગર્તના હોવાપણાની જાણ થાય છે.

આમ, હવે રેડિયો ખગોળ અને ઇન્ફ્રા રેડ ખગોળની સાથેસાથે ક્ષ કિરણી ખગોળનો પણ ઉમેરો થયો છે. સંભવ છે કે થોડા સમયમાં આ શાખા પણ યશસ્વી બની રહેશે. ક્ષકિરણી વિકિરણ દાખવતા બ્રહ્માંડીય અવકાશી પદાર્થોનું વિશેષ સંશોધન થયું છે, 'રોઝાટ' (ROSAT) દ્વારા.

રોઝાટ અવકાશમાં મુકાયેલો X RAY વેધશાળાયુક્ત ઉપગ્રહ છે. રોઝાટ નામ Rontegen Satellit જર્મન શબ્દ પરથી પડ્યું છે. જર્મન વિજ્ઞાની રોન્ટજને ઇ.સ. ૧૮૯૫માં ક્ષ (X) કિરણની શોધ કરી હતી એના સંદર્ભમાં ઉક્ત નામકરણ થયું છે.

રોઝાટના કેન્દ્રભાગે ૮૪ સે.મી. વ્યાસનું દૂરબીન બેસાડેલું છે. એ દૂરબીનની આંખ (વસ્તુ કાચ) કાચની નથી. ક્ષ કિરણ જેવા અતિ શક્તિશાળી

વિકિરણ (તાપમાન ૧૦ લાખ સે.)ને ઝીલવા તેમજ કેન્દ્રિત કરવા કાચની આરસીઓ કામ આવતી નથી. રોઝાટ દૂરબીનમાં ધાતુની ચાર ટ્યૂબો ઉપયોગમાં લેવાઈ છે. ક્ષ કિરણો અત્યંત ટૂંકી તરંગ લંબાઈવાળાં કિરણો છે. ૧૦૦ એન્ગ. થી ૬ એન્ગ. તરંગ લંબાઈવાળાં ક્ષ કિરણ મૃદુ (Soft) x ray કહેવાય છે. જ્યારે ૬ એન્ગથી ઓછી તરંગ લંબાઈવાળાં ક્ષ કિરણ કઠોર (Hard) x ray કહેવાય છે. આપણી આંખ ૩૯૦૦ એન્ગ. તરંગ લંબાઈવાળું વિકિરણ (શ્વેત પ્રકાશ પૂરતું જ) પારખી શકે છે. તે ઇન્ફ્રા રેડ તેમજ અલ્ટ્રાવાયોલેટ કિરણોને પારખી શકતી નથી. આ વિકિરણ પૈકી કોઈ વિકિરણ પારખવાની શક્તિ મનુષ્યને મળી હોત તો એનું બ્રહ્માંડદર્શન આજના હિસાબે તદ્દન અલગ પ્રકારનું હોત.

X Ray દર્શનની વાત કરીએ
રોઝાટે અવકાશમાં શું જોયું ?

રોઝાટનું અવકાશી નિરીક્ષણ ૧ જૂન'૯૦થી ૮ ફેબ્રુઆરી'૯૧ સુધી ચાલ્યું હતું. એ સમય દરમિયાન તેણે કેટલીક એવી બાબતો જોઈ જેમને આપણાં ચાક્ષુષ દૂરબીનો, આજ સુધી દર્શાવી કે દાખવી શક્યાં નહોતાં. રોઝાટની કામગીરી શરૂ થઈ તે પહેલાં ક્ષ કિરણ દાખવતાં ૧૦૦૦ અવકાશી સ્થાન જાણીતાં હતાં. રોઝાટ દ્વારા દર્શાવાયેલાં સ્થળોની સંખ્યા એક લાખ જેટલી છે!

ખગોળશાસ્ત્રીઓને જાણીતાં X Ray સ્થાનો પૈકી કેટલાંક પરમ સ્ફોટક (Super Nova) સ્થળોની વિશેષ માહિતી પણ રોઝાટે આપી છે. ઉ.ત. ઇ.સ. ૧૫૭૨માં દેખાયેલા અને 'ટાયકો'ના નામે પ્રસિદ્ધિ પામેલા પરમ સ્ફોટક વિષે રોઝાટે નીચે અનુસાર વિગતો દર્શાવી છે. ઉક્ત પરમ સ્ફોટકના વિસ્ફોટ બાદ તેની આજુબાજુ કચરા-કસ્તરનું વાદળ છવાયું હતું. ચાક્ષુષ દૂરબીનો આ વાદળને જોઈ શકવા અસમર્થ નીવડ્યાં હતાં. રોઝાટે દર્શાવ્યું કે ઉક્ત વાદળ દ્વારા પરમ સ્ફોટકના અવશેષ તારાની આજુબાજુ રચાયેલા વર્તુળાકાર કવચ (Shell)ના વિસ્તરતા જતા વાયુઓના પ્રઘાતી તરંગો કવચની આસપાસના વિસ્તારમાં આવેલા આંતર્તારકીય વાયુ સાથે અવાજના વેગ કરતાં પણ ૧૫૦ ગણા વેગથી અથડાઈ રહ્યા છે. ઉક્ત આઘાતને કારણે દસ લાખ અંશ ઊંચું ઉષ્ણતામાન ઉત્પન્ન થવાની સાથે ક્ષ કિરણો પ્રકટી રહ્યાં છે.

ઊંચા ઉષ્ણતામાનની વાત માટે દૂર શા માટે જઈએ ? આપણા સૂર્યના કિરીટાવરણનું આણવિક તાપમાન દસ લાખ અંશ જેટલું છે અને ત્યાંથી ક્ષ કિરણનું ઉત્સર્જન થાય છે.

પરમ સ્ફોટકના અવશેષોનું દર્શન રોઝાટ માટે ખાસું અનુકૂળ બની ગયું હતું અને તે એ હદ સુધી કે જૂના જમાનામાં થયેલા બારેક જેટલા પરમ સ્ફોટકના અવશેષોની પણ ભાળ મેળવાઈ હતી. આવો એક અવશેષ બ્રહ્મમંડળના મુખ્ય તારા બ્રહ્મહૃદયની નજદીકમાં વિસ્ફોટ દાખવી ગયેલા એક પરમ સ્ફોટકનો છે. આજથી ૨૦,૦૦૦ વર્ષ પહેલાં તે વિસ્ફોટ કરી તૂટી ગયો હતો. ઉક્ત અવશેષ તેનું કબ્રસ્તાન છે.

આપણા પડોશી મેગેલન તારાવિશ્વમાં રોઝાટે ૪૦ જેટલા X Ray સ્રોત દર્શાવ્યા છે. એ પૈકીના એક સિવાયના અન્યને ચાક્ષુષ દૂરબીન દ્વારા જોવા શક્ય નથી. દેખા દેનારા ઉક્ત ક્ષ કિરણી સ્રોતનું નામ છે 'LXI'. LXI બે આકાશી પદાર્થોની બનેલી યુગ્મ રચના છે. આપણે જેને જોઈ શકીએ છીએ તે તારો એ બંને પૈકીનો એક તારો છે, જે એના સાથીદાર શ્યામ ગર્તની પ્રદક્ષિણા કરે છે. આ પ્રદક્ષિણામાં દૃશ્ય તારાનું દ્રવ્ય શ્યામ ગર્ત દ્વારા ખેંચાઈ રહ્યું છે અને તેને કારણે ત્યાં X Rayની ઉત્પત્તિ થાય છે. તારક દ્રવ્ય ખેંચાઈ જવાની પ્રક્રિયા સ્પષ્ટ બની હોય તેવું રોઝાટનું આ અભિનવ દર્શન છે.

તારાવિશ્વો પરમ સ્ફોટકોનાં તેમજ શ્યામ ગર્તનાં ઉદ્‌ભવ-સ્થાન છે. પરમ સ્ફોટકો તે વિસ્ફોટ કરે છે ત્યારે જ દેખાય છે. તેમના ચાક્ષુષ દૂરબીન વડે અમુક સમય સુધી દેખાતા રહી પછી દેખાવા બંધ થઈ જાય છે. આવા અવશેષોને રોઝાટ દ્વારા જોઈ શકાયા છે. શ્યામ ગર્તોને જોઈ શકાતા નથી, પણ અગાઉ જણાવ્યા મુજબ તેમનામાં ખેંચાઈ પડતા દ્રવ્યને કારણે ઉત્પન્ન થનારા X Rayના દર્શન દ્વારા તેમનું અસ્તિત્વ સમજી શકાય છે.

રોઝાટની ખાસ કામગીરી આકાશના જે ભાગને તદ્દન શૂન્યાવકાશ લેખવામાં આવેલો છે તેમાં ડોકિયું કરવા અંગેની છે. ચાક્ષુષ યા રેડિયો દૂરબીનનાં ઉક્ત પ્રદેશનાં નિરીક્ષણ ફળદાયી ન થવાને કારણે વિજ્ઞાનીઓએ માન્યું હતું કે ઉક્ત શૂન્યાવકાશ તદ્દન અંધારઘેરો પ્રદેશ છે, જેમાં કોઈ પણ પ્રકારના આકાશી પદાર્થ યા અણુ-પરમાણુ કે અસ્તિત્વ નથી.

ઊલટ પક્ષે X Ray ખગોળજ્ઞો માનતા હતા કે વિકિરણ શૂન્ય મનાતા અવકાશી વિસ્તારમાં, અગર, X Ray વિકિરણ થતું હશે તો તે પ્રદેશ X Ray દૂરબીનની દૃષ્ટિએ અંધારઘેરો લાગવાને બદલે કિંચિત ઉજાસ દાખવનારો હશે. ચાક્ષુષ દૂરબીને જે વિસ્તારને તિમિરાવૃત્ત કહ્યો હતો ત્યાં રોઝાટ દૂરબીનને તાકેલું રાખતાં માલૂમ પડ્યું કે એ વિસ્તારનું આકાશ આછા પ્રકાશની આભા દાખવે છે. આનો અર્થ એ થયો કે ક્ષકિરણી વિકિરણની કશી જ સંભાવના કલ્પાતી નહોતી તેવાં અનેક સ્થળોએ અસ્તિત્વ ધરાવતા X Ray સ્રોતોને કારણે અત્યંત મંદ ઉજાસ ફેલાઈ રહ્યો છે. આ શોધ-દર્શન અદ્‌ભુત લેખાય. અત્યંત આછો X Ray પ્રકાશ દાખવનારા ઉક્ત સ્રોત શા હશે ? અત્યારના હિસાબે એમને પરખી શકાયા નથી. આમ છતાં એ સ્રોતો ક્વેસાર ગુચ્છો હોવા જોઈએ એમ કલ્પવામાં આવે છે. અને તે પણ આપણા દૃશ્ય બ્રહ્માંડના છેડે આવેલા આકાશી પદાર્થો કે જે બ્રહ્માંડનું સર્જન થયું ત્યારે તેમાં બંધાયેલાં તારાવિશ્વોનાં કદાચ સૌથી શરૂઆતના ઘટકો. X Ray દ્વારા થયેલી ક્વેસાર જૂથની જાણ તેમની, તારાવિશ્વોની અને દૃશ્ય બ્રહ્માંડની ઉત્પત્તિ અંગે સબળ સંકેત દાખવશે. એટલું જ નહીં પણ બ્રહ્માંડની અદૃશ્ય દ્રવ્ય સંપત્તિનો તાગ મેળવવાની શોધકડી પણ તે કારણે લાધશે.

આપણે જોયું કે રોઝાટ પરમ સ્ફોટકના અવશેષોને પારખી તેમના અંગેની ક્ષકિરણી માહિતી મોકલે છે. આમ છતાં રોઝાટ બે સ્થળોની માહિતી આપી શક્યું નથી. એ પૈકી એક છે આપણા મંદાકિની વિશ્વનો કેન્દ્રભાગ અને બીજું છે '૧૯૮૭ A' પરમ સ્ફોટકનું ગુરુ મેગેલન વિશ્વમાંનું અવકાશી

સ્થાન. વિજ્ઞાનીઓનું કહેવું છે કે '૧૯૮૭ A' પરમ સ્ફોટકના અંતિમ અવશેષ રૂપનો ન્યુટ્રોન તારો તેની આજુબાજુમાંનાં અતિ ઘાડાં વાયુવાદળોથી ઘેરાયેલો છે. તેને લઈને એનું ક્ષકિરણી વિકિરણ આપણા સુધી પહોંચી શકતું નથી. એ ભંગાર હટી જતાં ઉક્ત ન્યુટ્રોન તારો પ્રબળપણે ક્ષકિરણનું વિકિરણ કરતો જણાશે. આપણા તારાવિશ્વના કેન્દ્રભાગે આવેલા હોવાનું મનાતા વિરાટ શ્યામ ગર્ત અંગે પણ એ જ વાત કહી શકાય.

રોઝાટ દ્વારા દૂર દૂરના જે ક્વેસાર જોવામાં આવ્યા છે તે એકલદોકલ નહીં પણ ગુચ્છના રૂપમાં છે. આ તદ્દન અણકલ્પ્ય નવી વાત છે. તે કારણે એક સંદેહ એવો પણ ઊભો થાય છે કે આદિ મહાપ્રચંડ વિસ્ફોટ (BIG BANG)ને કારણે તારાવિશ્વોની ઉત્પત્તિ બાદ ઉક્ત ક્વેસારો જન્મ્યા હોય તો એમનાં વિશિષ્ટ જૂથ શા હિસાબે સર્જાયાં હશે ? અગર પૂર્ણરૂપ ન પામી શકનારાં આદિ તારાવિશ્વોની તે નાભિઓ હોય તો તે આટલી પ્રતાપી હોઈ શકે ખરી? કે પછી એમની પૂરી પિછાણ થવી હજી બાકી ગણવી?

રોઝાટની કામગીરી ખૂબ સંતોષજનક પુરવાર થઈ છે. તેનાથી પ્રેરાઈ રોઝાટને બીજી વાર અવકાશમાં મોકલવામાં આવશે જ્યાં, પસંદ કરાયેલાં ૧૦૦૦ X Ray સ્થળોનું તે વિગતવાર નિરીક્ષણ કરશે અને ક્વેસારના જૂથના સભ્યોને અલગ કરીને જોશે. એટલું જ નહીં પણ અવકાશી X Ray સ્થળોનાં ચોકકસ ઠેકાણાં પણ દર્શાવાશે, જેના સંદર્ભમાં ભવિષ્યમાં, ચાક્ષુષ તેમજ રેડિયો દૂરબીન દ્વારા એ બધાંનો અભ્યાસ કરી શકાશે.

રોઝાટની નવી કામગીરી X Ray સ્રોતોની વિશેષ માહિતી પ્રાપ્ત કરવા સાથે એ સ્રોતો (ખાસ કરીને શ્યામ ગર્ત)નાં ગુરુત્વ બળની અને તે દ્વારા તેમના દ્રવ્યમાનનો અંદાજ મેળવવાની રહેશે. એક ખગોળજ્ઞ એમ માને છે કે બ્રહ્માંડનાં તારાવિશ્વોમાં અનેક નાનામોટા શ્યામ ગર્ત આવેલા છે.

હમણાં હમણાં એમ જાણવા-સમજવા મળ્યું છે કે બ્રહ્માંડમાં ખાલી દેખાતાં કેટલાંક અવકાશી સ્થળોએ તારાવિશ્વોનાં જૂથ હોવા ઉપરાંત તેમના પણ ગુચ્છ આવેલા છે. વળી તે સિવાય અતિ વ્યાપ્તિવાળા વાયુ દ્રવ્યની લાંબી દીવાલો પણ આવેલી છે. આપણને દૃષ્ટિગોચર થતી બ્રહ્માંડીય દ્રવ્યસંપત્તિ કરતાં તેમનું દ્રવ્યમાન ઘણું વધારે હોવાનું મનાય છે. એક વિશિષ્ટ બાબત કેટલાંક તારાવિશ્વોને પોતાની તરફ ખેંચી રહેલા મહાબળશાળી અદૃશ્ય વાયુવાદળના પ્રચંડ જમાવની પણ છે.

ઉપર્યુક્ત બાબતો આપણને એમ સૂચવવા પ્રેરે છે કે દૂરબીનોની દૃષ્ટિ બહારનું ઘણું અદૃશ્ય દ્રવ્ય બ્રહ્માંડના પોલાણમાં સમાયેલું છે. આ દર્શાવે છે કે ખૂટતા દ્રવ્ય (Missing Matter)નો પ્રશ્ન ઉકેલવાની દિશામાં પગરણ મંડાયું છે અને તેને લઈને બ્રહ્માંડીય વેગમાનનો બ્રહ્માંડીય દ્રવ્યમાન સાથેનો શૃંખલાસંબંધ લાધશે.

અંતમાં એટલું જ નિવેદન કરવાનું રહે કે ક્ષકિરણી ખગોળ બ્રહ્માંડીય ખગોળશાસ્ત્રની એક વિશિષ્ટ પ્રણાલી બની જવાનો દિવસ હવે દૂરનો નહીં હોય. □

ઇતિહાસધારા

સમ્રાટ કનિષ્કે રોમન સમ્રાટ ઓગસ્ટસ સીઝર સાથે મૈત્રીસંબંધ કેળવવા તક્ષશિલાથી એક એલચીમંડળ આશરે ઇ. પૂ. ૨૫માં રોમ મોકલેલું જે લગભગ ચાર વરસે રોમ પહોંચેલું. આવડો લાંબો સમય લાગવાનું કારણ આ એલચીમંડળે દરિયાઈ માર્ગને બદલે છેવટ સુધી કપરા જમીન માર્ગે જ ચાલુ રાખેલો પ્રવાસ હતો, જેમાં કેટલાક તો માત્ર થાકથી માર્ગમાં મૃત્યુ પામેલા. કનિષ્કે રોમન સમ્રાટને આ એલચીમંડળ દ્વારા મોકલેલી ભેટો એવી હતી કે તેમને જમીન-માર્ગે અને તે પણ સંભાળીસંભાળીને આગળ વધ્યા વિના છૂટકો નહોતો. એ ભેટોમાંની કેટલીક આ હતી : થોડાક વાઘ, હિમાલય પ્રદેશનું ગરુડ જેવડું મોટું એક તીતર, એક ખૂબ લાંબો અજગર, ભારે મોટા કદના થોડાક કાચબા, અને એક ઠૂંઠો છોકરો જે હાથના અભાવે પગ વડે અચૂક નિશાન સાધી બતાવતો.

*

અંગ્રેજોને પોતાના કટ્ટર દુશ્મન માનવા છતાં મરાઠા સૈનિકો તેમનું સૌજન્ય ચૂકતા નહોતા તેની નોંધ લેતાં જનરલ બ્રિગ્સે લખ્યું છે : 'ખડકીના યુદ્ધ વખતે (ઇ. ૧૮૧૭) મારી પત્ની અને બીજી બે અંગ્રેજ મહિલાઓ પાલખીમાં જઈ રહી હતી ત્યાં મરાઠા ઘોડેસવારોએ પાલખીને ઘેરી લીધી, પરંતુ પાલખીની અંદર માત્ર સ્ત્રીઓ અને બાળકો જ હોવાની ખાતરી કર્યા પછી પાલખીને જવા દીધી. અંગ્રેજ રેસિડન્ટના મુનશી મોહમ્મદ હનીફને પણ તેમણે જરાયે હેરાન કર્યા વિના પૂના છોડી જવા દીધો.'

*

મુંબઈનો ટાપુ ઇંગ્લેન્ડના રાજા ચાર્લ્સ બીજા (સ્ટુઅર્ટ)ને પોર્ટુગીઝ રાજકુંવરી કેથેરિના બ્રેગેન્ઝા સાથેના વિવાહ વખતે દાયની રૂપે આપી દેવામાં આવેલો, પરંતુ ચાર્લ્સના સમયના રાજપુરુષોને આ ટાપુનું કશું જ મૂલ્ય ન જણાયું અને વરસે માત્ર ૧૦ પૌન્ડ ભરવાની શરતે તે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને સોંપી દીધો.

*

ભારતમાં અંગ્રેજ હકૂમતનો પાયો નાખી તેના પહેલા ગવર્નર બનનાર લૉર્ડ ક્લાઈવનો ઇ. ૧૭૭૪નો જીવનાન્ત લૉર્ડ સ્ટેનહોપે આ રીતે વર્ણવ્યો છે:

'બન્યું એવું કે ક્લાઈવના કુટુંબ સાથે નજીકનો નાતો ધરાવતી એક યુવતીએ બર્કલે સ્ક્વેરમાં આવેલા તેના ઘરની મુલાકાત લીધી, અને ત્યાંના એક કમરામાં પત્ર લખવા બેઠી. લેખણની અણી બરાબર ન હોઈને એટલામાં જ આંટા મારી રહેલા ક્લાઈવને એણે અણી બરાબર કરી આપવા કહ્યું. ક્લાઈવે તેની વિનંતી માન્ય રાખીને તેની લેખણ છોલીને અણી બરાબર કરી આપી, બાદ બીજા કમરામાં જઈ એ જ છરી પોતાના પેટમાં હુલાવી દીધી. પલાશીના વિજેતાનો આ હતો જીવનાન્ત.'

અશોક હર્ષ

સિચિલિઆ(સિસિલી)

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા

ભૂમધ્યને બે કાંઠે-૭



બુઓન જર્યોર્નો, સિચિલિઆ ! (Buon Giorno, Sicilia), શુભ પ્રભાત, સિસિલી! મેં મનમાં કહ્યું રોમથી રાતની ટ્રેનમાં હું નીકળી હતી - ઈટાલીના એ વિભાગમાં જવા કે જેને જોવા હું ખૂબ ઉત્સુક હતી. ટ્રેન ભરચક હતી - ખાસ કરીને દ્વિતીય વર્ગમાં . હું પ્રથમ વર્ગમાં હતી. ને મને સૂવાની પૂરતી જગ્યા પણ મળી હતી, છતાં બહુ સારું ઊંઘાયું નહીં. સવારના પહોરથી ઈટાલિયનો ઊઠી ગયાં હતાં, ડબ્બાના સાંકડા ચલન-પથમાં આમથી તેમ ચાલવા મંડી ગયાં હતાં, ને વાતો - અટક્યા વગરનું ચપ-ચપ-ચપ, એમનું બોલવાનું !

હું અર્ધી ઊંઘમાં જ હતી ને મને લાગ્યું કે ડબ્બો ટ્રેનમાંથી છૂટો પાડીને આગબોટમાં ચડાવાઈ રહ્યો છે. ખખડાટ ઘણો થયો, પણ ચટપટ ઊઠી જવા જેટલી શક્તિ મારામાં લાગી નહીં. બોગી આગબોટની અંદર ગઈત્યારે ડબ્બામાં અંધારું થઈ ગયું, ને ફરી મેં થોડું ઊંઘી લીધું. ઈટાલીની મુખ્ય ભૂમિના છેલ્લા શહેર રેજિજઓ દી કાલાબ્રિઆથી સિસિલી ટાપુના પહેલા શહેર મેસ્સિના જવા માટેની ખાડી વટાવતાં ફક્ત ૪૫ મિનિટ થઈ.

'બુઓન જર્યોર્નો, સિચિલિઆ !' મેં કહ્યું.

ઈટાલીનો આકાર ઘૂંટણથી પણ ઉપર જતા ઊંચી એડીવાળા બૂટ જેવો છે. સિસિલીનો સરસ, મોટો, ત્રિકોણિયો ટાપુ બૂટની ઉપરના છોગા જેવો છે. છેક દક્ષિણે આવેલો, ને ભૂમધ્ય સમુદ્રના હવામાનથી સ્પર્શાયેલો, એટલે એની પ્રજાનો અંતરંગ મિજાજ પણ રંગીન, અને છોગું ધારણ કરેલી વ્યક્તિને અનુરૂપ. એ સિસિલીમાં એક ઉજજવળ સવારે મારો હિંમતભેર પ્રવેશ. મનમાં આનંદ ને આવેગ તો હોય જ ને !

મેસ્સિનાના બંદરે જ બોગી બીજી ટ્રેનમાં લાગી ગઈ. શહેરનો ભાગ દેખાયો નહીં, ને ટ્રેન ટાપુને પૂર્વ કિનારે દક્ષિણ તરફ જવા માંડી. હવે દરિયો દેખાવા માંડ્યો. ટ્રેન બરાબર કિનારાને વળગીને જ જતી હતી. નાનકડાં મોજાં, માછીમારોની નાવડીઓ અને એમની ઝૂંપડીઓ- બધું એવું ગ્રામ્ય ! પછી દરિયાની અને પાટાની વચ્ચે ગામો આવ્યાં. ઋતુક્લાંત ઘરોની પછીતોને લગભગ ઘસાઈને ટ્રેન ચાલતી ગઈ.

મેસ્સિના (messina) સદીઓથી વહાણવટા અને વેપારમાં આગળ પડતું રહ્યું છે. ૧૯૦૮માં ધરતીકંપથી અને પછી ૧૯૪૩માં બોમ્બમારાથી એ નાશ પામ્યું હતું. એમાંથી ફરી એક વાર એ ઊભું થયું છે, ને ઔદ્યોગિક ખ્યાતિ મેળવી છે. પણ મેસ્સિના જો સિસિલીનું પ્રવેશદ્વાર છે, તો ત્યાંથી ત્રણેક કલાક દૂર દક્ષિણે આવેલું ગામ તાઓર્મિના (Taormina), પ્રવાસીઓ માટે, સિસિલીનું પટાંગણ છે. એની વસ્તી દસ કે બાર હજારની હશે, પણ એનો દરિયા-કિનારો અને એનું હવામાન એટલાં વખાણાય છે કે ગ્રીષ્મના મહિનાઓમાં એની વસ્તી પાંચ ગણી થઈ જાય છે. મેં ત્યાં ઊતરવાનો વિચાર નહોતો કર્યો. એટલી બધી જગ્યાઓ જોવા જેવી હોય કે પસંદગી કરવી જ પડે.

કેટલાંક ઇટાલિયન મારી સાથે વાત કરતાં હતાં. એ લોકો સ્થાનિક હતાં. ને એક ગામથી બીજે ગામ સગાંવહાલાંને મળવાં જતાં હતાં. ટ્રેન તો ફંટાઈને સિસિલીની વચ્ચે થઈને, ત્રિજ્યાની જેમ એના પરિઘ પરના એક શહેર આગ્રિજેન્તો સુધી જવાની હતી. ત્યાં જાઉં તે પહેલાં મારે હજી નીચેની એક જગ્યાએ જવું હતું. તેથી સહયાત્રીઓને 'આવજો' કહી હું કાતાનિઆ જંક્શન પર ઊતરી ગઈ.

બે કલાક બીજી ટ્રેનની રાહ જોવાની હતી. સ્ટેશનની બહારના રસ્તા પરની એક પાળી પર બેસી રહી, વાહનોની અવરજવર જોયા કરી. શહેર મોટું હતું. એનો નવો વિભાગ પણ જૂનો લાગતો હતો.જૂનાં કેથિડ્રલ અને બાસિલિકા તો મલિન અને અવગણિત દેખાતાં હતાં. ચારેક લાખની વસ્તીવાળું એ અગત્યનું શહેર છે. એનાથી થોડેક દૂર એત્ના (Etna) નામનો જીવંત જવાળામુખી આવેલો છે, જેના લાવામાં એ ઘણી વાર સળગ્યું છે, નાશ પામ્યું છે. આ કાળા લાવામાંથી જ કાતાનિઆ શહેરના રસ્તાઓની ફરસબંધી થઈ છે., ને લગભગ બધી જ ઇમારતો બંધાઈ છે.

એ પણ કેવી વક્રતા ! જેનાથી સંહાર થયો તેમાંથી જ સર્જન થયું. આ એત્ના જવાળામુખી યુરોપમાંનો ઊંચામાં ઊંચો (૩૩૨૩ મિટર) જીવંત જવાળામુખી છે. સિસિલીમાં એની આસપાસનો વિસ્તાર લાવાના પાષાણોથી બનેલો છે. એ દિવસે હું તો એના પરિસરમાંથી નીકળી આવી, પણ એને બીજે કે ત્રીજે જ દિવસે એ અગ્નિગિરિનો વિસ્ફોટ થયો હતો,એમ સ્થાનિક છાપામાં વાંચ્યું. કાતાનિઆ કે બીજા કોઈ ગામને નુકસાન નહોતું થયું. પણ એત્નાના પહાડી રસ્તાઓ ખોરવાઈ ગયા હતા, અને નવા સર્જાયેલા એક અગ્નિ-વિવરમાં પડીને એક પ્રવાસી મૃત્યુ પામ્યો હતો.

એત્નાનો છેલ્લામાં છેલ્લો વિસ્ફોટ જોવા પામી હોત તો ? અગ્નિની આતશબાજી ! કુદરતે આદરેલી કરાલરમત ! દૈવી તોફાન-મસ્તી ! ને સામે આપણું જીવન તો કેવું ક્ષણભંગુર !

એત્ના સિસિલીનું જીવંત હૃદય છે, ને તરત એની દક્ષિણે કાતાનિઆનાં મેદાન છે. ત્યાં ખાસ કશું આકર્ષક ન હતું. હવા ગરમ હતી, આકાશ પણ જુદું લાગતું હતું. થોડી નાળિયેરી, થોડાં ઑલિવનાં વૃક્ષ, થોડાં ખેતરો. ક્યારેક ગામ પણ આવ્યાં, એક પણ ધ્યાન ખેંચે તેવું નહીં. હું સિરાકુસા (Siracusa) જતી હતી. ત્યાં જતી ફાસ્ટ ટ્રેન મોડી હતી, એટલે લોકલ લીધી. રસ્તામાં પછી ફાસ્ટ આવી ચડી, એટલે સિરાકુસા જનારાંને લોકલમાંથી ઉતારી ફાસ્ટમાં ચડાવ્યાં. પ્લેટફોર્મ ત્યાં હતું પણ નહીં - એક નીચો સિમેન્ટનો રસ્તો હતો. સ્ટેશનનું નામ પણ કોણ જાણે શું હતું !

સિરાકુસાનું સ્ટેશન પણ રસપ્રદ ના લાગ્યું. બરાબર ચાલીઓ જેવાં જ મકાનો સ્ટેશનની આસપાસ હતાં. બપોર પડી હતી. વાતાવરણ ગરમ અને ધૂળિયું હતું. હવા પણ જુદી હતી જાણે. સિસિલી આખું જ જુદું હતું, એમ મને લાગ્યું. ને લોકો પણ જુદાં. ત્વચાનો રંગ જરા ઘેરો - 'ઑલિવ કૉમ્પલેક્શન' કહેવાય તેવો. લોકોને જોઉં, ને ગ્રીક, ઈજિપ્શિયન, આરબ વારસાની આછી કે ગાઢ નિશાનીઓ એમની મુખાકૃતિઓમાં કે એમના દેહાકારોમાં દેખાય. આવાં આગંતુકો અને એમનાં મિશ્રણથી જ બની છે સિસિલીની જનતા.

ગ્રીક, રોમન, આરબ, નૉર્મન, બૂરબૉન્સ વગેરે જાતિઓ આવતી ગઈ, રાજ્યો રચતી ગઈ, પોતાનાં કળા-સ્થાપત્યોની શૈલીની સંજ્ઞાઓ મૂકતી ગઈ, અને આ બધાંને કારણે સિસિલી ટાપુ પર ઇતિહાસના થર ચડતા ગયા. સિરાકુસા - જે અંગ્રેજીમાં સિરેક્યુસ (Syracuse) તરીકે ઓળખાય છે - ગ્રીક વિશ્વના સૌથી મોટા અને સુંદર પુરમ્ તરીકે એથેન્સને પણ ઝાંખું પાડતું હતું - એક જમાનામાં. હવે તો તે એક નવું અનાકર્ષક, અવ્યવસ્થિત, સાધારણ દેખાતું શહેર છે.

એનો જૂનો વિભાગ નાનકડા ટાપુ જેવો છે, ને બે પુલ દ્વારા કિનારા અને નવા વિભાગ સાથે જોડાયેલો છે. ઑર્તિજિઆ કહેવાતો આ વિસ્તાર દિવસે દિવસે ખાલી થતો જાય છે. પાણી પરની ઘણી મોટી મોટી હવેલીઓ ત્યક્ત અને રિક્ત હતી. કેટલીકનાં બારી-બારણાં પર પૂઠાં ચોડાઈ ગયાં હતાં, તાળાં લાગી ગયાં હતાં. જાણે મજા કરી કરીને મહેલો મરણતોલ થઈ ગયા હતા. એમ તો સાતમી સદીમાં બાંધેલું કેથિડ્રલ હતું, ને ઘણા પ્રાચીન કળા-ધન-સંપન્ન મોટું સંગ્રહાલય પણ હતું, છતાં ઑર્તિજિઆમાં ઉત્સાહ-પ્રેરક તત્ત્વ ખૂટતું હતું.

એની સાંકડી શેરીઓમાં હું ચાલી. ક્યાંક ડેલીઓની જેમ દરવાજા ને દીવાલો હતાં, તે ક્યાંક જૂનાં, સરસ ઘર હતાં. દેવળો ને દુકાનો ઠેર ઠેર હતાં, તો મોટરો ને મોટરસાઈકલો સર્વત્ર હતાં. મોટરસાઈકલો ને મોપેડ પર યુવાનો આખો દિવસ ફર્યા કરતા, ગલીઓ એ મશીનોના અતિશય ઘોંઘાટથી પડઘાતી રહેતી. કદાચ આ જ ત્યાંની સૌથી ઉત્તેજક પ્રવૃત્તિ હતી. ક્યાંક ક્યાંક દીવાલો પર ઈશુ કે માતા મેરીનાં ચિત્રો મૂકી માર્ગ-તીર્થ બનાવ્યાં હતાં.

સિસિલીની ભૂમિ પરનો એ મારો પહેલો દિવસ હતો. ત્યાંની પહેલી રાત માટે મેં હોટેલ આર્કિમિદિ નક્કી કરી હતી. મકાન સારું લાગેલું. એક કુટુંબથી એ ચલાવાતી હતી. રાતે હું ત્યાં જ જમી. સિસિલી એની રસોઈની વિશેષતા માટે વિખ્યાત છે. ઇટાલિયનો માટે ભોજન એક મોટો કાંડ હોય છે - ખાસ કરીને મિત્રો કે સ્વજનોને માટે કે એમની સાથે હોય ત્યારે. એવી જ રીતે તૈયારી કરાઈ હતી એ હોટેલમાં. ભોજનની મુખ્ય વાનગીની પહેલાં ખવાતી ચીજોને 'આન્તિપાસ્તી' કહે છે. (એકવચનમાં એ શબ્દ 'આન્તિપાસ્તો' બને છે.) મોટા ટેબલ પર લોભામણી આન્તિપાસ્તી સામગ્રી હતી : બટાકાની પેટિસ, તળેલાં મરચાં અને રીંગણ, જેને ખાવા ઉત્સુક હતી તે લીલાં ને કાળાં તાજાં ઑલિવ, લસણ સાથે બનાવેલી ભાજી, અને બીજી કેટલીયે આમિષ ચીજો. બધું ગૃહિણીએ જાતે બનાવેલું.

વળી પિતા, પુત્ર, પુત્રી, પૌત્ર તથા દાદીમા આસપાસ જ હતાં. ઘર જેવું જ લાગ્યું મને ત્યાં.

(ક્રમશઃ) □

ભૂમધ્ય સમુદ્રનું જવાહર - સિસિલી

લિપેરી, એગાદી, યુસ્ટિકા અને પેન્ટેલેરીઆ નામના નાનકડા ટાપુઓ સાથે સિસિલી ઇટાલીના ભાગરૂપ એક સ્વાયત્ત ટાપુ છે. બે માઈલ પહોળી મેસ્સિનાની સામુદ્રધુનીથી એ ઇટાલીની તળભૂમિથી છૂટો પડે છે. સ્કૉટલૅન્ડથી લગભગ ત્રીજા ભાગ જેવડો આ ત્રિકોણાકાર ટાપુ ઇટાલીની નૈઋત્યે ભૂમધ્ય સમુદ્રમાં મોટામાં મોટો - લગભગ ૯૯૨૩ ચો.મા. જેટલું ક્ષેત્રફળ ધરાવતો આશરે ૫૦ લાખની વસતીવાળો ટાપુ છે. સમુદ્રની સપાટીથી મુખ્યત્વે ૫૦૦ થી ૧૦૦૦ ફુટ ઊંચી એની ભૂમિ પશ્ચિમ તરફ ઢળતી છે. ઉત્તર તેમજ મધ્યમાં ઇટાલીની એપેનાઈન્સ પર્વતમાળાના ભાગરૂપ ગણાતા પર્વતો અને નદીઓની ખીણવાળી એવી એની પહાડી ભૂમિ મૂળ જ્વાળામુખીના પ્રકારની છે, જેમાં પૂર્વમાં એત્ના નામનું ૧૦,૭૫૫ ફુટ ઊંચું શિખર એ એક જ્વાળામુખી જ છે. વિસુવિયસ કરતાં પણ જૂના ગણાતા આ જ્વાળામુખી પર શિયાળામાં બરફ પણ જામે છે, જે ગરમી આવતાં ઓગળી જાય છે. પણ આ જ્વાળામુખી સદીઓથી અનેકવાર ફાટતો રહ્યો છે. આ એત્ના તથા સિસિલીના અન્ય પર્વતોની તળેટીનો પ્રદેશ ઘણો ફળદ્રુપ છે. ત્યાં ઑલિવ, દ્રાક્ષ, બદામ તથા નારંગી જેવાં ફળોનો પુષ્કળ પાક ઊતરે છે. અન્યત્ર સપાટ ભૂમિમાં ઘઉં, જવ, ઓટ તથા મકાઈની ખેતી થાય છે. સિસિલીના દક્ષિણ વિસ્તારમાં યુરોપભરમાં વધુમાં વધુ ગંધક મળે છે. આ ઉપરાંત તેલ તથા કુદરતી વાયુ, મીઠું વગેરે જેવી ખનીજ પેદાશો પણ છે. આ બધાંને કારણે ઇ. ૧૯૬૦ પછીના દાયકાઓમાં ફળશાકનું કૅનિંગ, દ્રાક્ષનો દારૂ, સિમેન્ટ, હોઝિયરી, વહાણનું બાંધકામ, મોટર તથા ભારે વાહનો, માછીમારી વગેરે જેવા નાનામોટા અનેક ઉદ્યોગોનો વિકાસ થયો છે. પાલેર્મો સિસિલીનું પાટનગર. કાટાનિયા, મેસ્સિના, સિરાકુઝ, માર્સલા અન્ય મુખ્ય શહેરો અને બંદરો. આ બધાં રેલમાર્ગથી જોડાયેલાં છે.

પૂર્વે સિકાન્સ અને સિસેલ્સ કહેવાતા આદિવાસીઓ અહીં વસતા હતા. ઇ. પૂર્વે ૮મી સદીમાં ગ્રીક લોકો અહીં આવ્યા. એમણે અનેક નગરરાજ્યો સ્થાપ્યાં, જેમાં આગ્રિજેન્ટમ, ગેલા અને સિરાકુઝનું વિશેષ મહત્ત્વ હતું. પૂર્વ અને દક્ષિણમાં વસેલા આ ગ્રીકો પ્રારંભમાં તો અહીંના લોકોમાં બહુ ભળતા પણ નહિ. એમણે અહીં પોતાની રીતે અનેક સ્થાપત્યોની/રચનાઓ કરેલી, જેના અવશેષો આજે ય સહેલાણીઓ માટેનાં ખાસ આકર્ષણ બની રહ્યાં છે.

ફિનિશીઅનો અને કાર્થેજિયનો પણ અહીં વસેલા. એમને કારણે રોમ અને કાર્થેજ વચ્ચે અહીં અનેક યુદ્ધો થએલાં. ઇ. પૂર્વે ૨૪૬માં સિસિલીના પશ્ચિમના ભાગમાં કાર્થેજે પોતાની સત્તા સ્થાપેલી. ઇ. પૂર્વે ૨૧૦ થી ઇ. ૪૪૦ દરમિયાન સિસિલી એક રોમન પ્રાંત બની રહેલો. ઇ. ૨૭૮માં ફ્રેંકોનું આક્રમણ થયું. ને તેમના પછી આવ્યા જર્મીનીના ગોથ તથા બાયઝેન્ટિન્સ. આશરે ઇ. ૮૭૮ થી ૧૦૯૦ દરમિયાન રોમન શાસન ચાલ્યું ને ૯મી સદીમાં સારસેનોએ પણ રાજ કર્યું. એકાદ સદીના મુસલમાન આરબોના શાસન પછી ઇ. ૧૦૬૧માં અહીં નોર્મનો અને હોહેનસ્ટૉફનો પણ આવ્યા. રૉબર્ટ ગુઈસકાર્ડ અને તેના ભાઈ રૉજરના નેતૃત્વમાં નોર્મનો સમગ્ર ટાપુ ઉપર ફેલાઈ ગયા હતા. ઇ. ૧૦૯૦માં તેમણે અહીં પોતાનું શાસન સ્થાપી રૉબર્ટ એપુલીઆ અને કાલાબ્રિયાનો ડ્યૂક બન્યો અને પોતાના ભાઈ રૉજરને એણે સિસિલીનો કાઉન્ટ બનાવ્યો. આ રૉજરના પુત્રે ડ્યૂક અને કાઉન્ટના પદને એક કરી રૉજર બીજો સિસિલીનો રાજા બન્યો. તેના પુત્ર તથા બે પૌત્રોના રાજ પછી સિસિલી ઉપર 'હોલી રોમન સામ્રાજ્ય'નું શાસન આવ્યું.

પોપ અર્બન ચોથા સમ્રાટ ફ્રેડરિક બીજાના પુત્ર મેનફ્રેડના વિરોધી હતા. ઇ. ૧૨૬૮માં એમણે મેનફ્રેડને હટાવીને આન્જુના ફ્રેંચ કાઉન્ટને સિસિલીનો વહીવટ સોંપ્યો. એનો શાસનકાળ સિસિલીના ઇતિહાસમાં અશાંતિનો કાળ ગણાયો છે. આ કાઉન્ટે સિસિલીની પ્રજા પર ભયંકર ત્રાસ ગુજારવા સાથે અસહ્ય કરભાર લાદ્યો હતો. એથી ત્રસ્ત પ્રજાએ ઇ. ૧૨૮૨માં એની સામે બંડ પોકાર્યું અને ફ્રેંચ સ્ત્રીપુરુષો ને બાળકો સુદ્ધાંની કતલ કરી. ૩૦ માર્ચની સાંજ આ હત્યાકંડ માટે નક્કી કરેલી અને તે દિવસની સાયંપ્રાર્થનાના ઘંટનાદને તેનો સંકેત બનાવેલો. આ પરથી 'સિસિલીઅન વેસ્પર' જેવો શબ્દપ્રયોગ પ્રચારમાં આવ્યો, જેનો અર્થ થાય છે 'કંઈ અનિષ્ટ ઘટનાનો સંકેત.' અંતે આ કાઉન્ટની સત્તા ઊથલી પડી. આ પછી સિસિલી ઉપર સ્પેઈન, ઓસ્ટ્રીઆ અને નેપલ્સના બૂર્બોનોએ સત્તા ભોગવી. ઇ. ૧૮૧૫માં નેપલ્સ સાથે બે સિસિલીનું રાજ સ્થપાયું. અને ત્યારબાદ ઇ. ૧૮૬૦માં ગેરિબાલ્ડીએ બૂર્બોન રાજા ફ્રાંસિસ બીજાને હાંકી કાઢ્યો. પ્રજા પ્રત્યે ગેરિબાલ્ડીએ ઘણો સારો વર્તાવ દાખવ્યો અને ૧૮૬૧માં સિસિલી ઇટાલીનો એક ભાગ બન્યું.

પણ ૧૯મી સદીનાં પાછલાં વર્ષો તથા આ સદીના આરંભમાં ફાસિવાદી રાજશાસનમાં તેની નીતિ, વસતીવધારો અને તે બંનેના કારણે વધી ગએલી બેરોજગારીને લીધે લોકો સિસિલી છોડી જવા લાગ્યા. બીજા વિશ્વયુદ્ધના કાળમાં સાથી રાજ્યોએ આક્રમણ કરી સિસિલી પર કબજો પણ મેળવેલો. એ પછી યે અહીં ભયંકર બેકારી પ્રવર્તતી હતી. ગંધકની મબલખ પેદાશ છતાં મૂડીના અભાવે તેનો પૂરતો લાભ લઈ શકાતો નહોતો. મુસોલિનીએ દાબી દીધેલી માફિયાઓની દાદાગીરી પણ ફરી બેઠી થવા માંડી હતી. એમને કારણે બુક ડૅમનું કામ પણ ખોરંભાઈ ગયું હતું. અને વિભાજક બળોએ પણ શાસન સામે માથું ઊંચક્યું હતું. અંતે ૧૯૪૭માં ઇટાલીના નવા બંધારણ પ્રમાણે સિસિલીને સ્વાયત્તતા મળી. ડૅનિલો ડોલ્ચી જેવા સામાજિક કાર્યકરોએ ૧૯૫૦ના દાયકામાં ઘણું કામ કરી માફિયાઓની પકડ ઢીલી કરી અને બેકારીની સ્થિતિ સુધારવા અંગે પણ ઘણું કર્યું. ૧૯૬૦ પછી નાના નાના અનેક ઉદ્યોગો વિકસ્યા અને ઉત્તર આફ્રિકાના કંઠારના પ્રદેશો સાથે સિસિલીનો વ્યાપાર પણ વિકસ્યો.

અનેક પ્રાચીન પ્રજાઓના સંમિશ્રણવાળી સિસિલીની આજની ઑલિવવર્ણી ને કાળા વાળવાળી પ્રજા સામાન્યત: પરિશ્રમી, આનંદી અને બેફિકર, ગાનતાનમાં રસવાળી ગણાય છે. એમની ભાષા પણ સરળ, લોકગીતોમાં શોભે તેવી. પણ સાથે ડંખીલી યે ખરી. કદાચ આથી જ એમનામાં ગુનાખોરીનું પ્રમાણ પણ ઠીક ઠીક દેખાય છે. અનેક ક્રૂર સંગઠનો જનસામાન્યને ત્રાસ આપતાં રહે છે અને તેમાં બદલાખોર માફિયા મુખ્ય છે.

છતાં સમશીતોષ્ણ હવામાન, પચરંગી મિશ્રિત પ્રજા, ફળથી લચપચતી વાડીઓ, વૈવિધ્યસભર ઐતિહાસિક અવશેષો વગેરેને કારણે સહેલાણી પ્રવાસીઓ માટે સિસિલી એક મોટું આકર્ષણ છે. - બિ.

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

કથામુખ[1] નામે લમ્બક બીજો : તરંગ પહેલો

આ તો ખરે કથાનું અમૃત, પર્વતરાજની પુત્રીના પ્રણયમંદારના પ્રગાઢ આંદોલને પુરા પ્રકટેલું (તે); જે પીવે ભરઘૂંટ, વિઘ્નથી પર થઈને ઋદ્ધિ(સિદ્ધિ) પામે, પામે શિવકૃપાએ કરી આ જ લોકમાં પરમ દિવ્યપદ.

વત્સરાજ ઉદયનકથા[2]

નેત્રાગ્નિભયે કામદેવે જાણે વારુણાસ્ત્ર ના છોડ્યું હોય એવું, પાર્વતીના નવ આલિંગને શિવજીને પ્રકટેલું સ્વેદામ્બુ આપનું રક્ષણ કરો. (૧) કૈલાસે ખુદ શિવમુખે[3] શિવના ઉત્તમ એવા ગણ પુષ્પદન્તે, એ (પુષ્પદન્ત)ની પાસેથી આ ભૂ-તલે વરરુચિને રૂપે અવતરેલા કાણભૂતિએ, કાણભૂતિ પાસેથી ગુણાઢ્યે, ગુણાઢ્ય પાસેથી રાજા સાતવાહને[4] અને ક્રમશઃ પ્રાપ્ત થયેલી એવી એ અદ્‌ભુત વિદ્યાધર[5]-કથા સાંભળો. વિધાતાએ સ્વર્ગનો દર્પ ભાંગવા જ જાણે નિર્મ્યો ન હોય તેવો સ્વર્ગસમાન એક દેશ હતો. નામે વત્સ[6]. એની મધ્યમાં બરાબર એક મહાનગરી કૌશામ્બી નામે; જાણે સાક્ષાત્ લક્ષ્મીનું નિવાસસ્થાન, જાણે ભૂમિ(રાણી)ની કાનઝૂલણી ! ત્યાં હતો રાજા શતાનીક : પાંડવકુળમાં જન્મેલો, (રાજા) જનમેજયનો પુત્ર, પરીક્ષિતનો એ પૌત્ર થાય, અભિમન્યુનો પ્રપૌત્ર; એ કુળનો આદિપુરુષ હતો અર્જુન, જેના બે ભુજદંડોનું ગજું તો સાક્ષાત્ ત્રિપુરારિ(શિવજી)ના બાહુસ્તંભોએ જોઈ લીધેલું (કિરાતાર્જુનસંઘર્ષવેળા). એની પહેલી રાણી તો પૃથ્વી - બહુરત્નપ્રસવા; (પણ) બીજી નામે વિષ્ણુમતી, એને પુત્ર ન મળે ! એક વાર મૃગયાર્થે ભમતા રાજાને વનમાં શાંડિલ્યમુનિનો પરિચય થઈ ગયો. રાજા પુત્રાર્થી છે એ કળી જઈ, એ મુનિવરે કૌશામ્બી આવીને મન્ત્રેલો પ્રસાદ ('ચરુ') રાણીને ખવરાવ્યો. એથી એને (એક) પુત્ર થયો નામે સહસ્રાનીક. વિનયથી જેમ ગુણ તેમ એનાથી એનો પિતા શોભી ઊઠ્યો. સમય આવતાં રાજા શતાનીકે એ પુત્રને યુવરાજપદે સ્થાપ્યો; પોતે રાજ્ય ભોગવતો, પણ રાજ્યભારથી નિશ્ચિન્ત થયો. (૧૨)

એવામાં (દિવોને) અસુરોની સાથે યુદ્ધ આવી પડ્યું. રાજા શતાનીકની સહાયની ઇચ્છાથી ઇન્દ્રે માતલિને દૂત તરીકે રાજા પાસે મોકલ્યો. તરત જ યુગન્ધર નામના મુખ્ય મંત્રીને રાજ્યની ધુરા સોંપી દઈ, તથા મુખ્ય સેનાપતિ સુપ્રતીકને પણ પુત્ર ને રાજ્ય ભળાવી, રણમાં અસુરોને રોળવા, માતલિ સાથે શતાનીક ઇન્દ્ર પાસે પહોંચી ગયો. ઇન્દ્રની નજર તળે જ રાજા શતાનીક તો યમદંષ્ટ્ર જેવા તો કૈંક અસુરોને હણીને (આખરે) ત્યાં જ, એ સંગ્રામમાં મૃત્યુ પામ્યો. રાજાનો મૃતદેહ પાછો માતલિ (કૌશામ્બીમાં) લાવ્યો; રાજાની પછવાડે પછવાડે દેવી પણ ગઈ. (સતી થઈ.) (અને આમ) રાજાના પુત્ર સહસ્રાનીકને આશ્રયે રાજલક્ષ્મી આવી પડી. પણ આશ્ચર્ય, કે પિતાને સિંહાસને એને આરૂઢ થતો જોઈ, બધે જ બધા રાજાઓનાં મસ્તકો (આદરના) ભારથી નમી પડ્યાં. ત્યારે ઇન્દ્રે પોતાના સુહૃદપુત્ર સહસ્રાનીકને, અસુરો પરના વિજયના ઉત્સવ પર સ્વર્ગે લઈ આવવા, માતલિને (એની પાસે) મોકલ્યો. ત્યાં (સ્વર્ગમાં) નન્દનવનમાં દેવોને પોતપોતાની દેવીઓ સાથે ક્રિડા કરતા જોઈને પોતાને પણ યોગ્ય ભાર્યા જોઈએ એવા ખ્યાલથી, રાજા ખેદ પામ્યો. એના મનોભાવો સમજી જતાં ઇન્દ્ર કહે : 'રાજા, ખિન્ન મા થાઓ. તમારી ઇચ્છા પાર પડશે. આ ધરતી પર, તમારે લાયક, તમારે જ માટે પૂર્વનિર્મિતા એવી, ભાર્યા જન્મી ચૂકી છે. એનો વૃતાન્ત હું તમને અહીં વિગતે આપું તે સાંભળો : (૨૨)

નીચે ડાબી બાજુ • ઊડતો વિદ્યધર - વિરૂપાક્ષ મંદિરની પૂર્વની દીવાલે શિલ્પ (આશરે ઇ. ૭૪૦)

જમણી બાજુ - કિડારત યક્ષ - મધ્યપ્રદેશમાં આવેલા રાજીવલોચન મંદિરના દક્ષિણ દ્વારે દીવાલ પર નીચેના ભાગે આવેલું શિલ્પ (આશરે ૭-૮મી શતાબ્દી)





મૃગાવતીવિવાહકથા :

(ઇન્દ્ર કહે છે) 'બહુ પહેલાં (એક વાર) હું બ્રહ્માના દર્શને ગયેલો એમની સભામાં. ત્યાં મારી પાછળ આવેલો એક વિધૂમ નામે વસુ.' અમે ત્યાં હતા-હતા ને જ, પવનથી જેનું વસ્ત્ર જરાક ખસી ગયેલું એવી, એક અપ્સરા, અલમ્બુષા નામે, વિરંચિ(બ્રહ્મા)ના દર્શને આવી ચડી. એને જોતાં જ પેલો વસુ તો કામવશ થઈ ગયો. અને અપ્સરાની નજર પણ એના રૂપ પર એકદમ ખોડાઈ ગઈ. એ જોઈને બ્રહ્માએ મારા તરફ જોયું, કે હું સમજી ગયો; ને ક્રોધથી શાપ આપ્યો : 'વિવેકહીન એવાં તમે બેઉ, જાવ, મર્ત્યલોકે અવતરજો, પતિપત્ની થજો !' એ જ વસુ તે તું રાજા સહસ્રાનીક થયો, શતાનીકનો પુત્ર, ચન્દ્રવંશનું ભૂષણ. પેલી અપ્સરા થઈ અયોધ્યાના રાજા કૃતવર્માની કુંવરી નામે મૃગાવતી. એ થશે તારી ભાર્યા', આ ઇન્દ્રવેણના પવને તો રાજાના સ્નેહયુક્ત હૈયામાંના પ્રેમાગ્નિને ભભકાવી મૂક્યો. તરત એ, ઇન્દ્રસમ્માનિત રાજા ઇન્દ્રે મોકલેલ રથમાં માતલિ સાથે પોતાને નગરે જવા નીકળ્યો. એને જતો જોઈને તિલોત્તમા નામે અપ્સરા પ્રેમથી કહે : 'રાજા, હું થોડુંક કહું તે સાંભળવા જરાક રોકાવ.' પણ આનું તો મૃગાવતીમાં જ ધ્યાન ! સાંભળ્યા વિના જ ચલતી પકડી. ત્યારે ભોંઠી પડેલી તિલોત્તમાએ કોપથી એને શાપ આપ્યો : 'મારું સાંભળતો ય નથી એવું જેણે તારું ચિત્ત ચોર્યું છે, રાજા, એનો જ તને ચૌદ વર્ષનો વિયોગ થશે !' માતલિએ આ (શાપ) સાંભળ્યો, (રાજાએ નહિ કારણ કે) રાજા તો પ્રિયોત્સુક હતો ! એણે એને રથમાં કૌશામ્બી પહોંચાડ્યો, મનથી તો રાજા પહોંચી ગયો હતો (છેક) અયોધ્યા ! પછી, ઇન્દ્રે મૃગાવતી વિષે જે કાંઈ કહેલું તે રાજાએ અધીરાઈથી યુગન્ધર વગેરે મંત્રીઓને કહી સંભળાવ્યું. (૩૫) અને કાળક્ષેપ અસહ્ય લાગતાં (તરત જ) કન્યાના પિતા કૃતવર્મા પાસે એમની કુંવરીનું માગું કરવા અયોધ્યા દૂતને રવાના કર્યો. કૃતવર્માએ દૂતનો એ સંદેશો સાંભળીને, હરખથી રાણી કલાવતીને કહ્યો, ત્યારે એ રાજાને કહે : 'રાજન્, (આપણી કુંવરી) મૃગાવતી તો અવશ્ય (એ) રાજા સહસ્રાનીકને જ આપવી પડે; મને તો કોઈક દ્વિજે સ્વપ્નમાં આવું કહ્યાનું યાદ છે.' અને રાજી થયેલા રાજાએ મૃગાવતીના ગીત-નૃત્યાદિ કૌશલ અને અપ્રતિમ રૂપ પણ દૂતને દેખાડ્યાં. (૪૦) સર્વે કળાઓના એકમાત્ર આધાર જેવી, ચાંદનીની ઘડેલી મૂર્તિ જેવી એ પુત્રીને '(પછી)' રાજા કૃતવર્માએ એને આપી. મૃગાવતી અને સહસ્રાનીકનો સંગમ એટલે ગુણોની પરસ્પર પૂર્તિ; શ્રુત(શાસ્ત્ર)નું પ્રજ્ઞા સાથેનું મિલન.

પછી તો, થોડા જ સમયમાં એ રાજાના મંત્રીઓને ત્યાં પુત્રો જન્મ્યા: યુગન્ધરને ત્યાં પુત્ર યૌગન્ધરાયણ, સુપ્રતીકને ત્યાં પુત્ર થયો રુમણ્વાન્ અને રાજાના વિનોદમિત્ર (વિદૂષક)ને ત્યાં પુત્ર થયો તે વસન્તક. એ જ અરસામાં રાજા સહસ્રાનીકની રાણી મૃગાવતી પણ ફિક્કામુખવાળી થઈ, ગર્ભધારણ કર્યો. જોયે ધરાવાય નહિ એવી એ રાણીએ રાજા પાસે દોહદ માગ્યો - રક્તે છલકતી વાવમાં ડૂબકીઓ દઈને ન્હાવાનો. (દોહદ પૂરો કરવાનો) પોતાનો ધર્મ સમજતા રાજાએ રાણીની (એ) ઇચ્છા પૂરી કરવા માટે લાખ વગેરેના રસથી, રક્તે છલકતી લાગે એવી એક વાવ કરાવી. એમાં એ સ્નાન કરતી હતી ત્યારે, ડીલે લાખ વગેરે વળગેલું તેથી, એને માંસ માનીને ગરુડ જેવું કોઈ પંખી (આવીને) હડપ કરતું ઝપટી ગયું.[10] પક્ષી એને આમ ક્યાંક લઈ ગયું કે બેબાકળા બનેલા સહસ્રાનીકનું ધૈર્ય પણ જાણે એની પાછળ એને તરત શોધવા ક્યાંક નીકળી પડ્યું ! એનું પ્રિયાનુરક્ત ચિત્ત હકીકતે જાણે પક્ષી હરી ગયું; રાજા બેભાન થઈને ભોંયે ઢળી પડ્યો. એ ભાનમાં આવ્યો પછી ક્ષણોમાં જ, પોતાની (વિશિષ્ટ) દૈવી શક્તિથી આ (ઘટના) જાણી લેનાર માતલિ આકાશમાર્ગેથી રાજા પાસે તરત ઊતરી આવ્યો. રાજાને એણે આશ્વાસન આપ્યું, પહેલાં જે ચૌદ વર્ષની વિયોગાવધિની પોતે સાંભળેલી તે, તિલોત્તમાના શાપની વાત રાજાને કહી સંભળાવી, પોતે પાછો (સ્વર્ગે) ચાલ્યો ગયો. 'હા ! પ્રિયે ! એ પાપી તિલોત્તમાના મનોરથ હવે પૂરા થઈ ગયા !' એવું બધું શોકમાં રાજા વિલપવા લાગ્યો. (પણ) શાપવૃત્તાન્ત જાણતાં, અને મંત્રીઓએ સમજાવતાં, ફેર મેળાપની આશા સાથે, ગમે તેમ કરીને રાજાએ જીવન ટકાવ્યું. (૫૪) (બીજી બાજુ) ક્ષણવારમાં જ, મૃગાવતીને લઈ જનાર પેલા પક્ષીએ જેવું જોયું કે આ તો જીવતી છે, તરત જ એને દૈવવશાત્ ઉદયપર્વત પર છોડી દીધી. આમ છોડાએલી, શોક ને ભયથી વ્યાકુલ થએલી રાણીએ એ દુર્ગમ પર્વતના ઢોળાવ પર પોતાને અનાથ જોઈ ! ત્યા એકાકિની, એકવસ્ત્રા, આક્રન્દ કરતી એને (ઝડપીને) ગળી જવા એ વનમાં એક મોટો અજગર પ્રવૃત્ત થયો. (એ જ વખતે એકાએક) એક ઝાટકે એ અજગરને પૂરો કરી, એ શુભભાવિવાળીને મુક્ત કરી, કોઈક દૈવી પુરુષ (ક્યાંકથી આવીને પાછો) જોતજોતામાં તો અલોપ પણ થઈ ગયો ! પણ આ તો પોતે જ (હવે) મરવા માગતી હતી; એટલે જંગલી હાથીના આગળ પડતું મૂક્યું, ત્યારે એણેય જાણે દયા લાવીને આની રક્ષા જ કરી. આશ્ચર્ય જ કે (આવું બને !), આમ પોતાની આગળ પડતું મેલનારને શ્વાપદ (વનપશુ) પણ મારે નહિ. અથવા (એવી) ઈશ્વરેચ્છા જ હોય તો શું નથી થતું ? (૬૦) (પ્રાણ ત્યાગવા) પડતું મૂકવા તત્પર, (પરંતુ) પેટમાં ગર્ભના ભારની લાચારી (આળસ)વાળી એ યુવતી પોતાના પતિને યાદ કરતાં કરતાં મોંફાટ રુદન કરવા લાગી. એ સાંભળીને, ફળમૂળ-અર્થે નીકળેલો કોઈ મુનિપુત્ર એ સમયે ત્યાં આવી ચડ્યો, (એણે) એને જોઈ જાણે કોઈ શોકમૂર્તિ ! એને પૂછી, બધું જાણી, અપાય એટલી ધીરજ આપી, એ દયાળુ ઋષિકુમાર એ રાણીને જમદગ્નિના આશ્રમમાં દોરી ગયો. ત્યાં એણે જોયા જમદગ્નિ, જાણે આશ્વાસનની મૂર્તિ, જાણે એ ઉદયાચળે ઉદયને જ અચળ કરી દેતો બાળ-રવિરશ્મિપુંજ ![11] આશ્રયે આવનાર પર સદાય વહાલ વરસાવનાર એ દિવ્ય દૃષ્ટિવાળા ઋષિએ, પોતાના પગે પડેલી, વિયોગ દુઃખોમાં ડૂબેલી એ રાણીને કહ્યું : 'બેટા ! અહીં જ, પિતાના વંશનું નામ ઉજાળનાર પુત્ર તારી કૂખે જન્મશે, ને અહીં જ તારા પતિ સાથે તારો મેળાપ પણ થશે. માટે શોક ના કર.'

મુનિએ એ પવિત્ર નારીને આમ કહ્યું; તેથી એણે એ આશ્રમે, પ્રિયતમનો ફરી મેળાપ થશે એ આશાએ, નિવાસ સ્વીકાર્યો. (૬૭)

પાદટીપ

૧ કથાનો ખરેખર આરંભ કે કથાપ્રવેશ તો અહીંથી આગળનો લમ્બક હતો 'કથાપીઠ', એટલે કે કથાની ભૂમિકા કે માંડણી મુખ = પ્રવેશ. કથાના જુદા જુદા તબક્કાઓ માટે જુદાં જુદાં નામો પણ છે : કથાપીઠ, કથામુખ, કથોદય, કથાછલ, કથાવિપર્યાસ (કથાપ્રવાહ બદલવો), કથાવશેષ વગેરે, વળી, કથાધિકારો (કથાના ભાગો) છ : કથા-ઉત્પત્તિ (કથાપીઠ), પીઠિકા કે પ્રેઢિયા, મુખ, પ્રતિમુખ, શરીર (મુખ્ય ભાગ), અને ઉપસંહાર. કથાપીઠમાં કથાના કર્તાનો નિર્દેશ અવશ્ય હોય - અહીં ગુણાઢ્યનો છે તેમ. પીઠિકામાં કથાકથનપ્રયોજન કે નિમિત્ત હોય, 'મુખ'માં કથાપ્રવેશ (કથાકથનપ્રસંગ વગેરે) હોય, પ્રતિમુખમાં અનેક ગૂંચો ને ઉમેરણો હોય, 'શરીર'માં મુખ્ય કથાવિભાગ અને ઉપસંહારમાં સમાપન.

૨ 'મેઘદૂત'માં યક્ષ મેઘને કહે છે કે માર્ગમાં ગામડેગામડે તને મળશે ઉદયનકથામાં પાવરધા ગ્રામવૃદ્ધો. એ પરથી સ્પષ્ટ થાય છે કે આ કથા સમગ્ર ભારતમાં એ કાળે લોકપ્રિય હતી.

૩ કથા મુખપરંપરાની છે તે અહીં સ્પષ્ટ બને છે. નાટ્યોત્પત્તિની માફક અહીં પણ આદિમુખ શિવજીનું ! રૂઢ લોકમાન્યતા.

૪ રાજા સાતવાહન તે કયો હશે ? આ કથાનુસાર તો ગુણાઢ્ય પ્રતિષ્ઠાનના સુપ્રતિષ્ઠિત નગરમાં રાજમંત્રી હતો. 'સાતવાહન' તો આન્ધ્રમાં રાજાઓની પરંપરાગત ઉપાધિ હતી. કયા રાજાનો એ મંત્રી હશે તે સ્પષ્ટ થતું નથી. કેટલાક, રાજા શતકર્ણિને જ સાતવાહન માને છે. એણે શૂંગરાજા પુષ્યમિત્ર પાસેથી ઉજ્જૈન (ઉજ્જયિની) જીત્યું હતું, ને અશ્વમેધયજ્ઞ કરેલો. ગુણાઢ્યે આ બેમાંથી એકેય ઘટનાનો ઉલ્લેખ કર્યો નથી. એટલે એ નામ શક્ય નથી.

પ્રતિષ્ઠાન કયું તે પણ પ્રશ્ન છે. એમાં ઉત્તરની (કાશ્મીરી) વાચના અને દક્ષિણની વાચના વચ્ચે ભેદ છે. પણ કથાકાર બન્ને 'પૈઠણ'થી પરિચિત લાગે છે. કથાનાયક દક્ષિણથી ઉત્તરે ગયાનાં અનુમાનને સમર્થતી સામગ્રી પણ અહીં ઘણી છે.

૫ પ્રાચીન લોકકલ્પનાનુસાર 'વિદ્યાધર' તે દેવ અને માનવની વચમાંની અર્ધદૈવી જાતિ. અહીં 'વિદ્યા' એટલે મન્ત્ર-તન્ત્રાદિ. વિદ્યાધરો એમાં પ્રવીણ ગણાતા.

૬ આ દેશનું નામ આ કથામાં હવે અવારનવાર આવવાનું, કારણ કે નાયક જ છે વત્સરાજ ઉદયન. 'વત્સ' એટલે 'વાછરડું'. ગોપાલક-સમાજ હશે ત્યારનો, એટલે બહુ જૂનો, શબ્દ છે. વેદ, શ્રૌતસૂત્ર, મહાભાષ્ય, મહાભારત વગેરેમાં આ દેશનો ઉલ્લેખ છે. 'શબ્દકલ્પદ્રુમ'-અનુસાર 'વત્સ' એ જ 'કૌશામ્બી'.
'ભારતવર્ષસ્યોત્તરે દેશવિદેશ: તત્પર્યાય: કૌશામ્બી વિનધ્યની સમીપે યમુનાને પશ્ચિમ તટે, જેની સીમા મગધને મળતી હતી એવો એ પ્રદેશ હતો. અલ્લાહબાદથી ચૌદેક માઈલ (કેટલાક પ્રમાણે ત્રીસ માઈલ) પશ્ચિમે એ હતો. કરાલી નામે સ્થળે એના અવશેષો મળ્યાનું પેન્ઝર લખે છે. મહાભારત-અનુસાર અર્જુનની આઠમી પેઢીએ થયેલા રાજા ચક્રે હસ્તિનાપુર છોડીને કૌશામ્બીને રાજધાની સ્થાપી. કનિંગહામ પ્રમાણે અલ્લાહાબાદ પાસેનું 'કોસમ' ગામ તે પ્રાચીન કૌશામ્બી.

પ્રયાગ પાસેનો પ્રદેશ તે મૂળ વત્સદેશ હશે. એની રાજધાની હશે કૌશામ્બી. 'વત્સ' એ પાંડવોના સમયનું સ્થળ. કાશીરાજ પ્રતર્દનના પુત્રનું નામ હતું વત્સ. એનું પાલન ગૌશાળામાં થયેલું; એ કારણે કહેવાયું હશે 'વત્સ'. મહાભારતના શાન્તિપર્વમાં (૪૯/૭૯) છે :

'વને સંવર્ધિતો ગોભિ: સોऽભિરક્ષિતુ માં મુને
પ્રતર્દનસ્ય પુત્રસ્તુ વત્સો નામ મહાબલ:'

અપત્યસ્નેહ દાખવતો એ કાળનો વડીલ પુત્રવત્ જેને ગણાતો તેને સંબોધતો 'વત્સ' ('બેટા') કહીને. વત્સ=પુત્ર; વાછરડું; અને પ્રદેશવિશેષ.

૭ વસુ:, એ નામના દેવતા. સામાન્ય રીતે આઠ ગણાવાયા છે : આપ, ધ્રુવ, સોમ, ધર કે ધવ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાષ. ક્યારેક 'આપ'ને સ્થાને ગણાવાય છે 'અહ':

'ધરો ધવશ્ચ સોમશ્ચ અહશ્ચૈવાનિલોऽનલ,
પ્રત્યૂષશ્ચ પ્રભાતશ્ચ વસવોऽષ્ટાવિતિ સ્મૃતા:'

'વસુ' એટલે 'આઠ' એમ સંખ્યાનિર્દેશ પણ, આ પરથી, થાય છે. કુબેરને પણ 'વસુ' કહેવામાં આવે છે. બીજા પણ અનેક અર્થો 'વસુ'ના છે.

૮ શ્લેષ. સ્નેહ = પ્રેમ અને ચીકાશ (આપ્ટે જુઓ :)

૯ દોહદ : બેજીવસોતી સ્ત્રીને ઊઠતા ઓરતા. આમ આ અર્થ તો બહુ જ જાણીતો છે; આ મોટિફ વિશેષે ભારતીય અને તેમાંય હિન્દુ કથાઓમાં જ આવે છે એ તરફ શિકાગોના પ્રો. બ્લૂમફિલ્ડે સોએક વર્ષ પહેલાં ધ્યાન ખેંચતા અભ્યાસલેખો લખ્યા હતા. એમનો અભ્યાસ કેવળ સંસ્કૃત ગ્રંથોને આધારે હતો, એ એમની એક મર્યાદા ગણાય એમ પેન્ઝર કહે છે. પરન્તુ એમણે પણ અન્ય કથાઓમાં દોહદ હોય તો એનાં દષ્ટાંતો આપ્યાં નથી !

'દોહદ' શબ્દ 'બે હૃદય'નો નિર્દેશ કરે છે : મા અને જન્મનાર સંતાન. દોહદની જનકલ્પના બકુલાદિ વનસ્પતીસૃષ્ટિ સુધી વિસ્તરી છે. કોઈ વૃક્ષને વર્ષાનું દોહદ હોય; પછી જ એ ખીલે. કોઈ વેલ-વૃક્ષ તો સુંદરીના પદાઘાતે ખીલે ! કે મોંમાં આસવ ભરીને કોઈ સુંદરી એને છંટકારે કે કોઈ સુગંધી જલ છંટકારાય તો જ ફૂલે-ફાલે. આવાં વર્ણનો પણ કથામાં ને કાવ્યોમાં આવે છે ખરાં. હિન્દુ કથાઓમાં દોહદ આશ્ચર્યજનક અને વિવિધ ભાગ ભજવે છે એમ પેન્ઝર (I_{222}) કહે છે.

આવી-બધી દોહદકથાઓના બ્લૂમફિલ્ડ છ મોટા વિભાગો પાડે છે :
(૧) પતિ કે અન્યને સીધી રીતે મુશ્કેલીમાં મૂકતાં (કનડતાં) દોહદો;
(૨) પતિને પરાક્રમ કે ચાતુરીકાર્ય કરાવતાં (પરાક્રમોત્તેજક) દોહદો;
(૩) પવિત્ર ભાવનાઓવાળાં કે એવાં કાર્યો કરાવતાં (પાવનકારી) દોહદો;
(૪) કથામાં અલંકરણરૂપે કે ગૌણભાવે ઉલ્લેખાતાં દોહદો;
(૫) ચોક્કસ પ્રયોજન પાર પાડતાં (ફળતાં) દોહદો; અને
(૬) દોહદપૂર્ણ થયું છે એવા ભ્રમમાં સ્ત્રીને રાખતી કથાઓનાં દોહદ ફળ્યાના ભ્રમવાળાં દોહદ.

આનાં દષ્ટાન્તો મબલખ પ્રમાણમાં પેન્ઝરે આપ્યાં છે. ($I_{121-128}$). શિષ્ટ સંસ્કૃત કાવ્યાદિ ગ્રન્થોમાં પણ આ ભાવ પ્રચલિત છે. 'રઘુવંશ'માં છે 'પ્રજાવતી દોહદશંસિની તે' (૧૪.૪૫); 'ઉપેત્ય સા દોહદદુ:ખશીલતાં યદેવ વવ્રે તદપશ્યદાહૃતમ્' (૩.૬,૭)

૧૦ પક્ષી દ્વારા, આમ, કન્યાનું કે સ્ત્રીનું હરણ થાય એવું ઘણી કથાઓનું મોટિફ છે. માણિક્યસુંદરસૂરિકૃત 'પૃથ્વીચન્દ્રચરિત'માં પણ આવી જ ઘટના છે.

૧૧ ઘણી વાર કવિકલ્પના ઘનીભૂત (ક્રિસ્ટલાઈઝ્ડ) થઈને એક કે બે જ શબ્દોમાં, સામાસિક વિશેષણ બનીને, સમાઈ જાય છે ! કવિતા તો શબ્દોની કલાત્મક- ભાવાત્મક કરકસર માગી જ લે; એને આવું એક નીવડેલું ઉપકરણ ('ટૂલ') મળી જાય છે સંસ્કૃતમાં. પણ હિન્દી-ગુજરાતી-અંગ્રેજી અનુવાદકોને એ મૂંઝવે છે. અહીં 'ઉદયાચળ' તે પર્વતનામ; પણ એ સંજ્ઞાવિશેષ ન રહેતાં 'ઉદય' વત્તા 'અચળ'ના સંકેતો લઈને, શ્લેષ યોજે છે જે અતીવ કલ્પનોત્તેજક છે. જ્યાં સૂર્યનો ઉદય થતો હતો ત્યાં એ ઉદયને સ્થિર ને અચળ કરી દેનાર તે જ તો હતું ઋષિનું , પેલું બાલરવિતેજ તો ફરતું - પરિવર્તન પામતું - રહે, ચળ હોય; આ ઋષિતેજ 'અચળ' એવી કલ્પના અહીં ધ્વનિત થાય છે. એમ, એ કેવળ શ્લેષ ન રહેતાં રમણીય ઉપમાનચિત્ર બને છે, રુચિર કલ્પનાવિહારસામગ્રી ! આખુંય ચિત્ર છે ત્રણ જ શબ્દોમાં : 'તેજસા સ્થિરબાલાર્કં કુર્વાણમુદયાચલમ્'. હા, આ કલ્પના પેલા સમાસમાં સમાએલા એકએક તેજકણ સમા શબ્દને લઈને વિચારીએ, તો જ પકડાય. કલ્પના પણ કસરત માગી લે ! □

હૃદયરોગ

માધવ ચૌધરી

મનુષ્ય શરીરમાં હૃદય એ અતિ મહત્ત્વનું અંગ છે. એ લોહીના પરિભ્રમણ અંગે પંપનું કાર્ય કરે છે. કેટલાક કારણોસર હૃદય બરાબર કાર્ય કરી શકે નહિ અને લોહીના પરિભ્રમણમાં મુશ્કેલી ઊભી કરે છે તેને હૃદયરોગ કહે છે.

અતિ ઉષ્ણ, ઘણા ભારે, ઘણા ખાટા, તૂરા કે કડવા પદાર્થો ખાવાથી, બહુ થાક લાગે તેવી પ્રવૃત્તિથી હૃદય પર પ્રહાર થવાથી, જમ્યા પછી ઘણી વખત ફરી જમવાથી, ચિંતાથી અને મળમૂત્રાદિકના વેગને રોકવાથી હૃદયરોગ થાય છે.

વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને કૃમિરોગને કારણે એમ પાંચ પ્રકારનો હૃદયરોગ થાય છે. કુપિત થયેલા વાત, પિત્ત, કફાદિ દોષો હૃદયમાં જઈને ત્યાં રહેલા રસને બગાડી હૃદયમાં જે ઘણી જાતની પીડા ઉત્પન્ન કરે છે તેને હૃદયરોગ કહેવાય છે. હૃદયરોગમાં શૂલ અને પીડા ચોવીસે કલાક રહે છે. જો કે પીડા કોઈ કોઈવાર ઓછીવત્તી થાય છે. આમ તો આ રોગ અસાધ્ય ગણાય છે. પરંતુ ત્વરિત ઇલાજ કરાય તો તેનાથી બચવા સંભવ છે. હૃદયરોગીએ દાળ, ભાત અને શાકનો હલકો ખોરાક લેવો અને બહુ પરિશ્રમ કરવો નહીં.

વાતજ હૃદયરોગ

૧. પુષ્કરમૂળ, બિજોરાનું મૂળ, સૂંઠ, ષટ્કચુરો અને હરડે સમભાગે લઈ તેનો કલ્ક બનાવી, તેમાં જવખાર, કાંજી, ઘી તથા સિંધવ મેળવીને ખાવાથી વાતજ હૃદયરોગ મટે છે.

પિત્તજ હૃદયરોગ

૧. અર્જુનવૃક્ષ (સાજડ)ની છાલના કલ્કમાં ચાર ગણું ગાયનું દૂધ તથા દૂધથી ચાર ગણું પાણી મેળવી ઉકાળી, દૂધ બાકી રહે એટલે ઉતારી, ગાળી, તેમાં સાકર મેળવી પીવાથી પિત્તજ હૃદયરોગ મટે છે.

કફજ હૃદયરોગ

૧. નાની એલચી, પીપરીમૂળ અને પરવળનાં મૂળ સમભાગે લઈ તેનું ચૂર્ણ કરી ઘીની સાથે ચાટવાથી ઉધરસ સાથેનો કફજ હૃદયરોગ તરત જ મટે છે.

લોહીનું દબાણ-બ્લડપ્રેશર

૧. સર્પગંધાનું ચૂર્ણ લેવાથી લોહીનું દબાણ ઓછું થાય છે. ૨. લસણ પીસીને દૂધમાં પીવાથી (દવારૂપે લસણ-દૂધ પીવામાં હરકત નથી.) લોહીના દબાણમાં ઘણી રાહત થાય છે. ૩. લસણ, ફુદીનો, જીરું, ધાણા, મરી અને સિંધવની ચટણી બનાવી ખાવાથી લોહીનું દબાણ ઓછું થાય છે. ૪. બે ચમચી મધમાં એક ચમચી લીંબુનો રસ મેળવી પીવાથી લોહીનું દબાણ ઓછું થાય છે.

સર્વસામાન્ય હૃદયરોગ

૧. ઘી, દૂધ અથવા ગોળના શરબત સાથે સાજડની છાલનું એક ગ્રામ જેટલું ચૂર્ણ રોજ લેવાથી હૃદયરોગ મટે છે. ૨. ઘઉં અને સાજડની છાલનું અઢી અઢી ગ્રામનું ચૂર્ણ બકરીના દૂધ અને ગાયના ઘીમાં પકવીને મધ તથા સાકર મેળવી ચાટવાથી હૃદયરોગ મટે છે. ૩. એરંડમૂળ અને સૂંઠનો ક્વાથ બનાવી પીવાથી હૃદયરોગ મટે છે. ૪. આદુનો રસ, મધ અને પાણી સરખે ભાગે મેળવી પીવાથી હૃદયરોગ મટે છે. ૫. એલચીદાણા અને પીપરીમૂળ સમભાગે લઈ, રોજ સવારે ઘી સાથે ચાટવાથી હૃદયરોગ મટે છે. ૬. પુષ્કરમૂળનું ચૂર્ણ મધની સાથે ચાટવાથી હૃદયરોગ મટે છે. ૭. લીલા નાળિયેરનો (પાણી નાખ્યા સિવાય કાઢેલો પચાસ ગ્રામ રસ લઈ, તેમાં શેકેલો હળદરનો ગાંગડો (ઘસીને) તથા વીસ ગ્રામ ઘી મેળવી પીવાથી હૃદયરોગ મટે છે. ૮. અંજીર અને ગોરખઆમલી પાંચ-પાંચ ગ્રામ એકત્ર કરી, રોજ સવારે લેવાથી હૃદયનો અવરોધ મટે છે. ૯. બીલીનાં મૂળની છાલનો ક્વાથ પીવાથી હૃદયના ધબકારામાં ફાયદો થાય છે. ૧૦. પપૈયાનાં પાનની ચા બનાવી પીવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે તેમજ તેનાં પાનનો ફાંટ હૃદયરોગમાં ખૂબ જ ઉપયોગી છે. આનાથી હૃદયરોગની ગભરામણ ઓછી થાય છે. ૧૧. દૂધીને બાફી, તેમાં માત્ર ધાણા, જીરું, હળદર અને કોથમીર નાખી (મીઠું કે તીવ્ર મસાલા ન નાખવા) ખાવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે. ૧૨.સૂંઠ, સંચળ અને હિંગ સમભાગે લઈ, ચૂર્ણ કરી, પંદર ગ્રામ જેટલું ચૂર્ણ બસો મિ.લી. પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે એટલે ઉતારી, ગાળી, પીવાથી હૃદયરોગમાં ફાયદો કરે છે. ૧૩. પાકાં ફાલસાંના રસમાં પાણી મેળવી, તેમાં સાકર અને સૂંઠની થોડી ભૂકી નાંખી પીવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે. ૧૪. પાકાં ફાલસાં ખાવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે. ૧૫. ટમેટાંના રસમાં સાજડની છાલ તથા સાકર મેળવી ચાટણ બનાવી સેવન કરવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે. ૧૬. દાડમના દાણાનો દસ ગ્રામ રસ લઈ, તેમાં દસ ગ્રામ ખડીસાકર મેળવીને પીવાથી હૃદયરોગનો દુખાવો મટે છે. આનાથી હૃદયને ખૂબ ફાયદો થાય છે. ૧૭. સાબરના શિંગડાની બે થી ત્રણ રતી ભસ્મ સવાર-સાંજ મધમાં ચાટવાથી હૃદયરોગમાં ફાયદો કરે છે. ૧૮. મૃગના શિંગડાની ભસ્મ ઘીમાં મેળવી ચાટવાથી હૃદયરોગમાં ફાયદો કરે છે અને હૃદયશૂળ મટે છે.

શાલિ ચોખા, મગ, જવ, કાળાં મરી, પરવળ, કંકોડાં-કારેલાંનું શાક વગેરે હૃદયરોગી માટે પથ્ય છે.

તેલ, ખાટો રસ, છાશ, પચવામાં ભારે ખોરાક, તૂરા રસવાળા પદાર્થો, શરીરશ્રમ, સૂર્યનો તાપ, ક્રોધ કરવો, સ્ત્રીસંગ કરવો, ચિંતા કરવી અને વધુ પડતું બોલવું ઇત્યાદિ હૃદયરોગી માટે અપથ્ય છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ



એલેક્ઝાંડર
પોપ

'ધ રેઈપ ઓફ ધ લોક'

પોપની મહત્તા ઊંચી સર્જકતા ધરાવનારા સુકવિ તરીકે નથી; પણ એણે અંગ્રેજી પદ્યરચનામાં અને ભાષામાં જે એક નવું પરિમાણ સાધ્યું અને અવનવી કટાક્ષકલા દાખવી તેને કારણે એની વિશેષતા છે. પોપની ઉત્તમ કટાક્ષકલાના પરિપાકરૂપ કૃતિ છે. - 'ધ રેઈપ ઓફ ધ લોક' (The Rape of the Lock) ઈ. ૧૭૧૨માં એ પ્રસિદ્ધ થયા પછી બે વર્ષે ઈ. ૧૭૧૪માં તેની સુધારેલી આવૃત્તિ પ્રકટ થઈ. પોપની સમગ્ર કવિકારકિર્દીનું આ એક ઉત્તમ ફળ છે.

એક ઉમરાવ પીટર (Peter) કુ. આરબેલા ફર્મર (Arabella Fermor)ના વાળની એક લટ યુક્તિપૂર્વક કાપી નાખે છે. તેમાંથી બે પરિવાર ઝઘડી પડે છે. તેની મજાક ઉડાડવા માટે આ સળંગ વિસ્તૃત કાવ્યરચના છે. પણ કાવ્યની વિશેષતા અથવા તો પોપની કલા એક સામાન્ય તુચ્છ બાબતને તે કેવી, મહાકવિની હેસિયતથી નિરૂપે છે, તેમાં રહેલી છે. અંગ્રેજી કાવ્યસાહિત્યમાં આ 'મૉક હિરોઈક' (Mock Heroic)ના સમર્થ - કદાચ અપૂર્વ-નમૂનારૂપ કૃતિ બની રહી છે. સરસ મઝાની કલ્પના, હળવી-મૃદુ કટાક્ષવૃત્તિ, વ્યાજવીર (મૉક-હિરોઈક)નો વૈભવી પ્રયોગ, મરક મરક હસાવે તેવું વક્રતાભર્યું વર્ણન અને તત્કાલીન સમાજમાં સ્ત્રીપ્રકૃતિના મિથ્યાચાર (અને પુરુષજાતિના પણ)ની સહુ કોઈ માણી શકે તેવી હળવી ટીકા - આ સર્વનો સુયોગ આ કૃતિમાં છે. મૉક હિરોઈક કાવ્ય પ્રકાર ૧૮મી સદીમાં નવો તો નથી જ. એનાં મૂળ તો છેક એક અનામી લેખકની 'બૅટલ ઑફ ધ ફ્રૉગ્ઝ એન્ડ માઈસ' (Battle of the Frogs and Mice) સુધી જાય છે. હોમરની શૈલીમાં એ કવિએ તુચ્છ વિષય દેડકા અને ઉંદરના યુદ્ધને નિરૂપ્યો છે; અને પોપની નજીકના સમયની વાત કરીએ તો એલેસન્ડ્રો ટૅસોની (Alessandro Tassoni)ની 'રેઈપ ઑફ ધ બકેટ' (Rape of the Buchet), વિડા (Vidda)ની 'ગેઈમ ઑફ ચેસ' (Game of Chess) આદિ કૃતિઓ પણ છે. પોપે આ કૃતિઓમાંથી ખપપૂરતી સામગ્રી અંકે પણ કરી છે. ઉદાહરણ તરીકે પત્તાંની રમતનું વિગતસમૃદ્ધ વર્ણન પોપે કર્યું છે તેનો આધાર વિડાની 'ગેઈમ ઑફ ચેસ' છે. તેમ છતાં મહાકાવ્યની રીતિ તેણે હોમર, વર્જિલ, મિલ્ટન આદિમાં જોઈ તેને આત્મસાત કરીને પોતાની આગવી રીતિએ રજૂ કરી છે. એની પ્રતિભા પોતાની એ વિશિષ્ટ રીતિમાં છે.

મહાકાવ્યમાં આરંભે કવિ ઈષ્ટદેવ-દેવીની સ્તુતિ કરે, પ્રેરણા માગે - એ વિગતને પણ પોપ કેવા કટાક્ષપૂર્વક પ્રસ્તુત કરે છે !

Say what strange motive, Goddess! Could compel
A well - bred Lord's assult a gentle Balle?

રમણભાઈએ એમના 'હાસ્યરસ' વિશેના વિસ્તૃત લેખમાં મૉક-હિરોઈકની ચર્ચા કરતાં પોપના ઉપર્યુક્ત કાવ્યનું જ ઉદાહરણ આપીને તે કાવ્યનો સ-રસ પરિચય કરાવ્યો છે. પોપની કવિતામાં આરંભની સ્તુતિની પંક્તિઓનું રમણભાઈએ કરેલું ભાષાંતર આ પ્રમાણે છે :

સરસ્વતી ! તને દેવી ! વિનવું ભેદ તું કહે;
ધીર અમીર તે એવો તું શો ચિત્તમાં લહે
કે હુમલો કરે જેથી કોમલ સુન્દરી પરે ?

યુવતીના કેશની જે લટ પાછળ ઉમરાવ જેવો ઉમરાવ લટ્ટુ બન્યો તે લટ કેવી હતી તેનું પોપ પૂરા ગાંભીર્યનો ડોળ કરી વર્ણન કરે છે; પણ વચમાં એવી એકાદ-બે હળવી પંક્તિ મૂકી દે છે કે ગાંભીર્યનો પરપોટો ફૂટી જાય છે. રમણભાઈએ એ પંક્તિઓ ગુજરાતીમાં આ રીતે ઉતારી છે :

આ અપ્સરાએ લટ બે અનેરી
મનુષ્યનાશાર્થ હતી ધરેલી
લાવણ્યથી તે ગૂંચળાં વળેલી
બે બાજુ પૂઠે લટકી રહેલી

* * *

એ વાંકીચૂંકી ગલિ માંહે ભૂલ્યા
છે કામદેવે કંઈ કેદિ પૂર્યા

* * *

મનુષ્યકેરી અતિભવ્ય જાતિ
સુકેશ પાશે સઘળી ફસાતિ.
સૌન્દર્ય મધ્યે બળ શું સમાય,
કે એક કેશે પુરુષો તણાય !

ઉમરાવનું લટ કાપતાં પૂર્વેનું મંથન, આ કામ-યોજના પાર પાડવા માટે કામદેવની પ્રાર્થના, યુવતીને થતાં માનશુકનો, એની લટ બચાવવા મથતાં આસુરી બળો; લટ કાપવાની 'મહાન' ઘટના, સુંદરીની દયાર્દ્ર સ્થિતિ, અને વિજયી નરનો હુંકાર - આ સર્વ વાચકોને સતત મુખમલકાટ પ્રેર્યા જ કરે છે :

નિસ્તેજ આંખો થઈ સુન્દરીની,
આક્રંદ જોરે નભ નાખ્યું ચીરી;
એવી ચિસો માત્ર ક્વચિત્ જણાય,
દયાર્દ્ર દેવો પણ જેથિ થાય;
વિદેહ થાતા ધણિ જેહ વેળા,
કે પક્ષિઓ ને પશુઓ હળેલાં,
કે પાત્ર ચીનાઈ વિશીર્ણ થાય,
ત્યારે જ એવી ચિસ સંભળાય.
નર વિજયિ વદે છે, 'પ્હેરું' હું પુષ્પમાળ,
ધન યશથી ભર્યું આ મ્હારું છે સર્વકાળ;
જહિં સુધિ જલસ્રોતે મીનનું હોય ધામ,
જગતમહિં રહેશે ત્યાં સુધી મ્હારું નામ.
જહિં સુધિ મહિલાઓ મ્હાલશે લગ્નગાળે,
દ્યુતિ ભરિ વસુધામાં ભૂષણે ને મશાલે;
જહિં સુધી અબળાનિ જીભમાં પૂર્ણ હામ,
જગતમહિં રહેશે ત્યાં સુધી મ્હારું નામ.

પોપની કટાક્ષકલા વિશે રમણભાઈનો જ અભિપ્રાય ટાંકીએ તો - 'પોપ કવિએ કેવા ચતુર અને રમણીય કલાવિધાનથી વીરરસના ઉત્સાહ માટે ઉત્પન્ન કરેલી મનોવૃત્તિ આગળ ક્ષુદ્ર વસ્તુઓનાં વર્ણન રજૂ કર્યાં છે, અને, એ રીતે ઉદાત્ત તથા પ્રાકૃત તત્ત્વોના વિરોધથી હાસ્યરસ ઉપજાવ્યો છે.' કેશની લટ કાપવાની નજીવી કથાને આપેલું મહાકાવ્યનું સ્વરૂપ mock (હાસ્યત્વ) અને heroic (વીરત્વ)નો વિરોધ પરિપૂર્ણ રીતે પ્રકટ કરે છે. પોપની કટાક્ષવૃત્તિમાં લટ કાપવાની ઘટના નિમિત્તે તત્કાલીન સમાજના મિથ્યા ફેશનવૃત્તિ - વિશેષ કરીને મહિલાઓની મનોવૃત્તિ-પર હળવી નુક્તેચીની છે. કૃતિની નાયિકાનું ટોઈલેટ, નદીનો પ્રવાસ, પત્તાંની રમત, કૉફી પીવાનો પ્રસંગ એ સર્વના વિગતસમૃદ્ધ વર્ણનમાં પોપની લાક્ષણિક કટાક્ષકલા વર્તાશે. અલબત્ત, પોપની આ પ્રકારની કટાક્ષવૃત્તિ માણવા માટે એના સમયનો સામાજિક ઇતિહાસ પણ જાણવો જરૂરી ગણાય.

'ધ ડન્સિઆડ' (The Dunciad)

કવિ પોપની બીજી એક કટાક્ષકૃતિ 'ધ ડન્સિઆડ' છે. એ ઇ. ૧૭૨૮માં પ્રથમ વાર પ્રકટ થઈ, પછી પણ તે સતત સુધરતી જ રહી છે. ઇ. ૧૭૪૨માં 'ધ ન્યૂ ડન્સિઆડ' તરીકે પ્રકાશિત થઈ હતી. આ કટાક્ષરચનામાં પોપે ભલે હેતુ પાંડિત્ય, જડતા, ઠોઠવૃત્તિ, બોધાત્મકતા વગેરે દૂષણો પર પ્રહાર કરવાનો રાખ્યો હોય, પણ એમાં ઘણુંખરું પોપની અંગત શત્રુતા આમાં વારંવાર ડોકાય છે. ડન્સિઆડમાં નાયક લેવિસ થીઓબાલ્ડ (Lewis Theobald) છે. એણે પોપે શેક્સ્પીઅરની કોઈ આવૃત્તિ તૈયાર કરેલી તેના પર ઇ.૧૭૨૮માં 'શેક્સ્પીઅર રેસ્ટોર્ડ' (Shakespear Restored) નામનું પુસ્તક પ્રસિદ્ધ કરીને તેની ઝાટકણી કાઢી નાખી હતી. પોપે આ ઘટનાને તાજી રાખીને 'ડન્સિઆડ'માં એને 'ડન્સ' (ઠોઠ) તરીકે નિરૂપીને તેની સાથે હિસાબ પતાવ્યો છે.

'ડન્સિઆડ'માં પણ મૉક-હિરોઈકનો પ્રયોગ છે, પણ 'ધ રૅઈપ ઑફ ધ લૉક'ની કક્ષા અહીં જળવાઈ નથી. એમાં અનેકવિધ ઘટનાઓ પોપે ભેગી કરી છે. દરેક ઘટના એક સ્વતંત્ર એકમ છે અને એમાં સાહિત્યમાં નાસમજવૃત્તિ, પાંડિત્યવૃત્તિ વિશે સામાન્યપણે અને આ દૂષણોથી ઘેરાયેલા લેખકો પર વિશેષપણે કટાક્ષ છે. 'ડન્સિઆડ'માં પોપની કટાક્ષકાર તરીકેની શક્તિ અવશ્ય વરતાય છે, પણ તે અવળે માર્ગે ચડી ગઈ છે એવો અનુભવ કૃતિ વાંચતાં થાય છે. 'ડન્સિઆડ'માં પોપે પોતાના અંગત શત્રુઓ પર 'ફૂલઝડી' વરસાવી છે એ તો સ્પષ્ટ છે જ, પરંતુ એ સાથે સંસ્કૃતિને પણ તેણે કટાક્ષનું નિશાન બનાવી છે.

હોમરના 'ઇલિયડ'નો અનુવાદ

કવિ પોપનું એક નોંધપાત્ર પ્રદાન અનુવાદક્ષેત્રમાં છે. ગ્રીક-લૅટિનમાં તે પંડિત નહોતો છતાં જે કંઈ જાણકારી આ ભાષાઓમાં તેણે મેળવી હતી તેના બળે તેણે હોમરના 'ઇલિયડ'નો ઇ. ૧૭૧૫ થી ૧૭૨૦ ના સમયગાળામાં છ ગ્રંથોમાં અનુવાદ કર્યો. એમાં હોમરની કૃતિ પ્રત્યે તેણે વફાદારી જાળવી નથી; પણ પોપના પોતાના કવિત્વ-ચમત્કાર તેમાં વરતાય છે. એથી જ તો વિદ્વાન લેખક રિચર્ડ બેન્ટલે (Richard Bentley)એ ટીકા કરી છે કે કવિતા સરસ બની છે, પણ એને હોમરની કવિતા કહેશો નહિ. (It's a very pretty poem, but you mustn't call it Homer) પોપના આ અનુવાદને જલ્દીથી લોકપ્રિયતા સાંપડી અને એમાં જે માતબર રકમ મળી તેમાંથી તે પોતાનું બગીચા સાથેનું મકાન ખરીદી શક્યો.

'ધી એસે ઑન મૅન' (૧૭૩૩ અને ૧૭૩૪)

પોપની કવિ તરીકેની વિશેષતા પ્રકટ કરતી કૃતિઓમાં 'ધી એસે ઑન મૅન' નોંધપાત્ર છે. એમાં નૈતિકતા અને કટાક્ષના તાણાવાણા વણાયા છે. આ સંગ્રહમાં ચાર નિબંધો છે. 'ધ નૉલેજ ઍન્ડ કૅરેક્ટર્સ ઑફ મૅન' (The Knowledge and Characters of Men), 'ધ કૅરેક્ટર્સ ઑફ વીમેન' (The Characters of Women) અને ત્રીજા-ચોથા નિબંધો 'ધ યૂઝ ઑફ રિચીઝ' (The Use of Riches) વિશે છે. આ નિબંધોમાં બોધકતા છે, પણ કટાક્ષવૃત્તિ આગળ તરી આવે છે અને કટાક્ષનો (આ)વેગ વધતો જાય છે તેમ કૃતિનો પ્રકાશ વધતો જાય છે. વિટ(Wit)નો સમર્થ ઉપયોગ તરત ધ્યાન ખેંચી રહે છે. પહેલી કૃતિમાં સામાજિક પ્રાણી તરીકે માનવ-વર્તનનું કટાક્ષયુક્ત આલેખન છે. બીજી કૃતિમાં સ્ત્રીના સ્વભાવને તેણે કટાક્ષપૂર્વક ઉતારી પાડ્યો છે અને ત્રીજા-ચોથા નિબંધોમાં સંપત્તિના દુરુપયોગની ટીકા છે. આ ઉપરાંત પણ પોપે 'ધી ઇમિટેશન્સ ઑફ હોરેસ' (The Imitation of Horace) 'એપીસલ ટુ આર્બથનોટ' (Epistle to Arbuthnot) વગેરે કૃતિઓ રચી છે.

પોપની કવિતા વાંચતાં કોઈ મોટા ગજાના કવિ તરીકે નહિ પણ સફાઈદાર અને સંપૂર્ણ પદ્યરચનાના એક પુરસ્કર્તા તરીકે અને સફળ કટાક્ષકાર તરીકે તે પ્રતીત થાય છે. (ક્રમશઃ)

ધારાવાહી લઘુનવલ

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

આ કાગળ વાંચીને રવજી માસ્તર મૂંઝવણમાં મુકાઈ ગયા : હા લખવી કે ના લખવી? જવું કે ન જવું? નિર્ણય કરવો એ કપરું કામ હતું. ઘડીક એમ થતું હતું કે ચાલુ પગારે રજા મળતી હોય તો શું ખોટું? પણ આ રજા શબ્દ એમના મનમાં કશું આકર્ષણ જગવી શકે એમ નહોતો. આ આટલા વરસોમાં એમને રજાની ક્યારે જરૂર પડી હતી? એવી મોજથી એમનું કામ ચાલતું હતું કે કામ જેવું લાગતું જ ન હતું. ઊલટું એમના મનમાં તો એક ક્ષણ માટે એવો પ્રશ્ન પણ જાગ્યો હતો કે પોતે આમ ચાલ્યા જાય તો પછી અહીંના કામનું શું? જો કે, એ તો પોતાના બદલે બીજો માણસ મુકાય એ વાત એ ન જાણતા હોય એમ તો ન જ હોય, પણ મમતા કોને કે' છે?...

પણ એ ખરું કે આ બીજો માણસ મુકાવાના વિચારે એમને ચોંકાવી દીધા હતા. એમને થયું હતું કે પોતે પાછા આવે ત્યારે પેલો માણસ આ જગાએથી ખસીને જગા ન કરી આપે તો? આ પ્રશ્ને રવજી માસ્તરને ખરેખરા મૂંઝવ્યા. આવું જોખમ તો ન જ ખેડાય.

આમ છતાં મનમાં એક અજાણી લાગણી રહી રહીને સળવળ્યા કરતી હતી. ટ્રેનિંગમાં નથી જ જવું એવો ચોખ્ખો નિર્ણય લઈ શકાતો ન હતો. રવજી માસ્તરે મગજને બહુ કસી જોયું, આ શાનું ખેંચાણ રહ્યા કરે છે?

એ આકર્ષણ હતું ટેલિગ્રાફ મશીનનું. ટ્રેનિંગની દરખાસ્ત આવી ત્યારથી કર્‌ર્ કટ કટાક કટ...કર્‌ર્... આ ધ્વનિ એમને સંભળાયા કરતો હતો અને એમના મનમાં એક પ્રકારનો ઉન્માદ પ્રેરતો હતો. એકવાર પડખેના શહેરની તાર ઑફિસમાં એ ગયા હતા અને એક જણને એમને આ મશીન પર કામ કરતો નિહાળ્યો હતો ત્યારે ઘડીભર તો જોતા જ રહી ગયા હતા. ખાતા તરફથી કાગળ આવ્યો ત્યારથી એ દૃશ્ય ફરીફરીને આંખ આગળ આવતું હતું.

આ આંટીઘૂંટીમાં બહુ અટવાયા પછી રવજી માસ્તરને થયું, કોઈકની સલાહ લઈ જોઈએ. સલાહ પણ કોની લેવી? આ બાબત લેવા જોગ કોઈ માણસ એમને ઝટ સૂઝ્યો નહિ. બધા ભલા માણસ લાગ્યા. આમાં તો કોઈક ભારાડી માણસનું કામ. ભારાડી શબ્દની સાથે જ રવજી માસ્તરના ચિત્તમાં એકાએક અજવાળું થયું : જગન ભારાડી પોતાને કેમ આટલો વખત સાંભર્યો નહિ! એની વાત હંમેશાં ચોખ્ખી હોય છે. ટૂંકી ને ટચ, ને પાછી મુદ્દાસર-એના સ્વભાવ પ્રમાણે જ. આ જુઓને, એ જગન ભારાડી ટપાલ લેવા ઑફિસે આવે. પોતે એની ટપાલ મૂકી રાખી હોય તો ય પોતે બેસે નહિ ને! લોક ભલે એને મીંઢો કહેતું હોય, રવજી માસ્તરને એ એવો લાગ્યો નથી. બોલાવે તે પણ માનથી, રવજીભાઈ કહીને.

પણ આ વખતે રવજી માસ્તરને જુદો અનુભવ થયો. જગન ભારાડીએ તો ઊલટાની વાત વધુ ગૂંચવી મારી હોય એમ લાગ્યું. એમને નવાઈ પણ લાગી, જગન ભારાડી આવું અટપટું બોલે?

એણે કહ્યું, તમે જઈ આવો રવજીભાઈ, સારું છે. અનુભવ મળશે, નવું શીખવા મળશે, આગળ વધશો...

રવજી માસ્તરે મનમાં ઘૂંટાતી પેલી બીજા માણસવાળી વાત કહી એટલે એ તો એમ કહેવા લાગ્યો કે એનું તો એવું છે ને રવજીભાઈ, કે તમે આવી ખાસ પ્રકારની તાલીમ લઈને આવો એટલે તમારું ખાતું તમારી એ આવડતનો લાભ તો લે જ ને?

રવજી માસ્તર સમજ્યા નથી એમ જોઈને આગળ કહેવા લાગ્યો, પછી તો જે ગામમાં તાર-ઑફિસ હોય ત્યાં જ તમને મૂકે ને?

રવજી માસ્તર સ્થિર ચિત્તે સાંભળી રહ્યા હતા. એની વાત તરત જ એમને ગળે ઊતરી ગઈ. એમણે એ જ ઘડીએ નિર્ણય કરી નાખ્યો કે આપણે નથી જવું... પણ એટલામાં તો પાછો એ એમ કહેવા લાગ્યો કે એવું કંઈ નથી રવજીભાઈ, આ ગામને પણ ટેલિગ્રાફ-સર્વિસ મળી શકે. હવે તો તમે જુઓ છો, દિવસોદિવસ સાધન-સગવડો વધતાં જ જાય છે....હવે એ વખતે જો તમે તાલીમ પામેલા નં હો તો તમને ઉપાડી લે એવું બને...માટે શું કહ્યું રવજીભાઈ, તાલીમ તો મેળવી લેવી સારી, આવી રહેલો સમય જ તાલીમ પામેલાઓનો છે. મેળવેલી તાલીમ એળે જવાની નથી, આજ નહિ તો કાલ કામ લાગવાની જ છે એ વાત ગાંઠે બાંધજો...

જગન ભારાડી હજુ આગળ બોલી રહ્યો હતો, પરંતુ રવજી માસ્તરનો જીવ એની વાતોમાંથી નીકળી ગયો હતો. એમનું મન બહુ કોચવાઈ ગયું હતું. એમને થતું હતું, જુઓ તો ખરા, આ માણસ! શું બોલે છે એનુંય કંઈ ભાન છે એને? કહે છે, તમને ઉપાડી લે એવું બને! ઉપાડી લે તો ઉપાડી લે, ઘણું જીવ્યા!

અને એ જ અર્થમાં પછી પાછું એમને એમેય થયું, શું ખોટું કહે છે? આમેય આ ગામ છોડવું પડે એ સ્થિતિ એમને ઊપડી ગયા જેવી જ નહોતી લાગતી?

આમ છતાં જગન ભારાડીની વાતમાંથી એમનો રસ ઊડી ગયો. એમ થઈ ગયું, પોતે તે આની સલાહ લેવા આવ્યા છે કે એનો ઉપદેશ સાંભળવા? માળો, મુદ્દો જ સમજતો નથી ! આપણે ગામ છોડવું ન પડે એની વાત કરવા ગયા તો એ માળો તાલીમ કામ લાગવાની કૂટવા મંડ્યો! તાલીમ ને બાલીમ, આપણે શું કરવી છે?

અને ટેલિગ્રાફ ઑપરેટરની ટ્રેનિંગમાં ન જવાનું રવજી માસ્તરે પાકું કરી નાખ્યું, એટલું જ નહિ, એ જ દિવસે એમણે ખાતાને લખી પણ નાખ્યું.

આવી વાતમાં એક વાર નિર્ણય કરી લીધા પછી વિલંબ કરવો ઠીક નહિ. મનમાંથી માંડમાંડ હડસેલી કાઢેલી મૂંઝવણ પાછી ક્યારે મનનો કબજો લઈ બેસે તે કાંઈ કહેવાય નહિ. ને એમાંય પાછો કોઈ જગન ભારાડી જેવો ભેટી જાય તો થઈ રહ્યું! માળો, આપણે ગયાં'તા મૂંઝવણમાં માર્ગ સુઝાડે એટલા સારુ, ને એણે તો ચકરાવે ચઢાવ્યા; ગામ આખું ભારાડી અમથું કે' છે!

આમ આટલું થયું એમાં બન્યું એવું કે જગન ભારાડી વિશેનો રવજી માસ્તરનો અભિપ્રાય બદલાઈ ગયો. એના વિશેનો પોતાનો અંગત સદ્‌ભાવ ભૂંસી નાખીને એમણે ગામનો અભિપ્રાય સ્વીકારી લીધો.

એવામાં વળી એક વાતે પોતાનો ભાગ ભજવ્યો. ટપાલ લેવા આવેલા જગન ભારાડીએ એક દિવસ ઓચિંતું પૂછ્યું, પછી તમે ગયા નહિ, રવજીભાઈ?

રવજી માસ્તરને એવી દાઝ ચઢી કે એકવાર અજાણ્યા થઈને પૂછવાનું મન થયું, ક્યાં? પરંતુ વાત લંબાવાના ભયે એમણે એની સામે જોયા વિના માત્ર માથું હલાવીને જ ના પાડી દીધી.

પણ વાત એમ પતી નહિ. જગન ભારાડી ચાલ્યા જવાને બદલે ઊભો રહેલો લાગ્યો. રવજી માસ્તરને પણ ઝાઝો વખત એની ઉપેક્ષા કરવાનું ફાવ્યું નહિ. એમનાથી એની સામે જોવાઈ ગયું. એ કહી રહ્યો હતો :

'આમાં તો એવુંય બને રવજીભાઈ, કે ખાતું એમ નક્કી કરે કે સીનિયર માણસોને આ તાલીમ આપવી, તો તમે ના ન પાડી શકો. જવું પડે.'

આ સાંભળીને રવજી માસ્તર સમસમી ઊઠ્યા. ઘડીભર એમને એવી ઇચ્છા થઈ આવી કે જગન ભારાડીને ધક્કો મારીને ઑફિસની બહાર કાઢી મૂકે. પછી જાણે એ કામ શબ્દો પાસેથી લેતા હોય એમ બોલી ઊઠ્યા : 'દેખા જાયગા.'

જગન ભારાડી તો એ જ ક્ષણે રવાના થઈ ગયો. પરંતુ રવજી માસ્તરને લાગ્યું, નક્કી એ કંઈ કરવાનો. એનું જવું પણ એમને એ રીતનું જ લાગ્યું. એ જોઈ રહ્યા.

એમને વિચારો આવતા રહ્યા, આ જગન ભારાડી રખેને આપણને અહીં રહેવા નહિ દે... એ જ મને અહીંથી કાઢવા માગતો હોય એમ લાગે છે, નહિ તો એને આ વાતમાં આટલા ઊંડા ઊતરવાની જરૂર શી? કોઈના બોલાવ્યા વગર સામેથી બોલે નહિ અને સવાલ એટલો જ જવાબ, એવા સ્વભાવવાળો આ જગન ભારાડી આમ જાતે ઊઠીને આ વાત ઊખેળે? આ અભૂતપૂર્વ કહી શકાય એવી ઘટના હતી. શંકા તો પોતે તે દિવસ એને પૂછવા ગયેલા એ વખતે જ પડી ગયેલી, પણ આજે પાકું થઈ ગયું.

આમ છતાં રવજી માસ્તરને એ સમજાતું નહોતું કે પણ મને અહીંથી કાઢવામાં એને શો રસ?

ઘણું મંથન કર્યા પછીય સંતોષકારક જવાબ ન જડ્યો ત્યારે પછી એમના મને આવું સાંત્વન શોધી લીધું, આપણે એના જેવા ભારાડી નહિ તે! સીધા સાદા માણસ! માસ્તર કહો ને!

અને રવજી માસ્તરને વરસોથી પોતાના નામની સાથે જોડાયેલી ઓળખસૂચક સંજ્ઞાનો મર્મ જાણે આજે પહેલવહેલી વાર સમજાયો.

શોધી કાઢેલા આ સાંત્વને પણ રવજી માસ્તરના ચિત્તને સ્થિર થવા ન દીધું. એ ગંભીર, બલકે સૂનમૂન થઈ ગયા. ખુલ્લું હસવાનું, મોટેથી બોલવાનું એમણે ઓછું - લગભગ બંધ - કરી નાખ્યું. જેમ પહેલાં કરતા હતા એમ પોતાનું કામ એ કર્યે જતા હતા, પણ એની આખી રીત જાણે બદલાઈ ગઈ હતી; છતાં ગામના લક્ષમાં એ આવ્યું હોય એમ લાગતું ન હતું. ગામ પોતા મહીં ગુલતાન હતું.

ત્યાં અણકલ્પી કહેવાય એવી વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ. ગામને ટેલિફોનનું જોડાણ મળ્યું. લાઈન તો કેટલાય વખતથી નંખાઈ ગઈ હતી, પરંતુ જોડાણ આપવાનું કામ ખોરંભે પડ્યું હતું તે એકાએક મળી ગયું. ગામને પૂરી ખબર પડે એ પહેલાં તો દોરડાં રણઝણી ઊઠ્યાં.

આ પબ્લિક કૉલનો હવાલો રવજી માસ્તરને સોંપાયો. એ જાણી ગામલોક રાજી થયું - રવજી માસ્તરને ઊંચી પાયરી મળી. સારા માણસની કદર થઈ. સરકાર પણ સમજી વિચારીને જવાબદારી સોંપે ને! અતાર લગી આપણા કાગળપત્તર પહોંચાડતા હતા, હવે મોઢામોઢ વાત કરાવશે...

રવજી માસ્તર પણ જરા વિચારમાં તો પડ્યા હતા. ટેલિગ્રાફ-ઑપરેટરની ટ્રેનિંગમાં જવાની વાત હતી ને આ ટેલિફોનનું ક્યાંથી ઊભું થયું અચાનક? પોતે ટ્રેનિંગમાં જવાની ના લખી ત્યારથી જીવ જરા ઊંચો રહેતો હતો, કેવું લાગશે, ઉપરી-અધિકારી શું વિચારશે, એનું કેવું પરિણામ આવશે વગેરે જાતજાતના વિચારો આવતા હતા. એને બદલે આ તો જુદું જ નીકળ્યું! એ આમ નવાઈ પામતા જતા હતા એ દરમિયાન એમને ઓચિંતો જગન ભારાડી યાદ આવી ગયો. પ્રશ્ન થયો, એનો તો આમાં હાથ ન હોય? માળો છે ભારાડી? બોલે એવો નથી પણ એણે જ કંઈક હલાવ્યું હોય એમ બને.

પછી તો જાણે એમના મનમાં છપાઈ ગયું, આ જગન ભારાડીનું જ કામ. એ ટપાલ લેવા આવ્યો ત્યારે એનો ચહેરો વાંચવાનો પ્રયત્ન કરી જોયો; પણ એ કેમ ફાવવા દે? તો પછી ભારાડી કોને કે'?

પણ એક વાર એ ટપાલ લેવા આવ્યો ત્યારે રવજી માસ્તર રોકાયેલા હતા, ક્યાંક ટ્રંકકોલ જોડ્યો હતો એની ઇન્ક્વાયરી કરી રહ્યા હતા એટલે જગન ભારાડીને જરા થોભવું પડ્યું. એટલામાં સામે બેઠેલા માણસે એની સાથે વાતચીત કરી. એણે શું પૂછ્યું એનો રવજી માસ્તરને ખ્યાલ ન આવ્યો,

પરંતુ જગન ભારાડી એને બરાબર સમજાવી રહ્યો હતો એ એમણે બરોબર સાંભળ્યું:

'તાર તો આજકાલ ક્યાં સમયસર પહોંચે છે? ઘણીવાર તો ટપાલ ભેગો જ પહોંચે ! છતાં એનીય સગવડ તો છે જ. તમે રવજીભાઈને કહેશો તો પાસેના શહેરમાં તાર-ઑફિસ છે ત્યાં એ તમારો સંદેશો ટેલિફોનથી પહોંચાડી દેશે ને ત્યાંથી તમારો તાર થઈ જશે...પણ એના કરતાં ટેલિફોન સારો. મોઢામોઢ વાત તો થઈ જાય...'

રવજી માસ્તર સાંભળી રહ્યા, આ બધી વાતની આને ક્યાંથી ખબર? આ આટલો વખત થયો ટેલિફોન આવ્યે, ગામલોકમાંથી બીજા કોઈએ આવી વાત કરી છે? એમના મનમાં પેલી છાપ વધારે દૃઢ થઈ, નક્કી આણે જ -

જગન ભારાડી હજુ કંઈ કહે છે? રવજી માસ્તર એનો કાગળ હાથમાં ઝાલી રાખીને આશાભરી આંખે એના ચહેરા પર મીટ માંડી રહ્યા, પરંતુ એ તો જાણે કંઈ જાણતો જ ન હોય એમ રવજી માસ્તરે હાથ લંબાવ્યો, નહિ તો ટેબલ પર પડેલા એમના હાથમાંથી પોતાનો કાગળ લઈને માંડ્યો ચાલવા!

રવજી માસ્તરને નિરાશા જેવું થયું. એમને ઘણીવાર એમ થતું કે જગન ભારાડી આવે ત્યારે એ એને વિવેકપૂર્વક બેસાડે, વાતે વળગાડે અને પછી વાતવાતમાં જાણી લે કે -

પરંતુ આટલા વખતમાં આવું એકેય વાર બની શક્યું નહોતું. માળો, એક લગીરે રોકાતો નથી, પછી વાતેય કેવી રીતે કાઢવી?...ને આ તો પાછો જગન ભારાડી! એની સાથે તો સંભાળીને કામ લેવું પડે. તે દિવસે જોયું નહિ, ટ્રેનિંગમાં જવાનો કાગળ આવ્યો ને પોતે સલાહ લેવા ગયા તો કેવું ઊંધું વેતર્યું? એની વાતમાં આવી જઈને ટ્રેનિંગમાં ચાલ્યા ગયા હોત તો આજે આ મોભો હોત? એમ તો પોતે પણ બધું સમજે છે ને બધી વાતનો પૂરો વિચાર કરીને પગલું ભરે એવા છે...ને એણેય પછી તો બધું સમુંસૂતરું થાય એમ જ કર્યું ને!

આમ, રવજી માસ્તરના મનમાં એમને પોતાને પણ ખબર ન પડે એમ જગન ભારાડી માટે સદ્‌ભાવ ઝબકી જાય છે.

પરંતુ રવજી માસ્તર આમ વિચારતાં વિચારતાં અચાનક આ વાત આગળ થંભી જાય છે. વળી પાછું એમને થાય છે કે પણ એક વાર જાણી તો લેવું જોઈએ. મનને ખાતરી થઈ જાય તો આમ જે વાતેવાતે વિચારે ચઢી જાય છે એમાંથી તો છુટાય. રહીરહીને એવો વિચાર પણ આવે છે કે એણે આ જે પછી કર્યું તે એને એ વખતે નહિ સૂઝ્યું હોય? પોતે સલાહ લેવા ગયા ત્યારે એ ન કહી શક્યો હોત કે ભાઈ, આમેય થઈ શકે? આવો વિચાર આવતાંની સાથે પ્રશ્ન જાગી ઊઠતો, કે પછી આમાંય એની કંઈ ઊંડી રમત હોય. આપણે પછેડી તાણીને સૂતા રહીએ કે જગનભાઈએ આપણું ભલું તાક્યું ત્યાં આ - ભારાડી કોને કે? (ક્રમશઃ)

લઘુકથા

બોરકૂટો

ભગીરથ બ્રહ્મભટ્ટ

સોસાયટીમાં માથે ટોપલો રાખી જ્યારે જ્યારે બોરવાળી પ્રવેશે છે, ને બૂમ મારે છે 'લ્યો બોર !' ત્યારે મારા ગલોફામાં ઠળિયા ઘુમરાવા માંડે છે. બોર કરતાંય એવા ઠળિયાને મમળાવવાનું મને વ્યસન થઈ ગયું છે. દાઢ નીચે ઠળિયો ચગળાય છે ને ઊભું થાય છે સ્વાદનું સ્મૃતિવન.

ઘણો નાનો હતો ત્યારે બોરડીવાળા ખેતરમાંથી મિત્રો સાથે બોર વીણી લાવતો. લાલ લાલ ચટ્ટાક બોર. એ બોરમાંથી અમે બોરકૂટો બનાવતા. એ મને બહુ ભાવે.

બોરકૂટો એટલે મીઠી. મીઠી માયાળુ, ભલી દેખાવડી અને સ્હેજ અળવીતરી. બોરને ખોળામાં નાખી નાવણિયાના પથરે જઈ બોર કૂટતી. મીઠું, મરચું ઉમેરતી અને તૈયાર કરતી બોરકૂટો - અને પછી તો આગ્રહથી એ....

ઘણાં વર્ષોથી બોરકૂટો ખાધો નથી, પણ એનો સ્વાદ તો સાચવી શક્યો છું - હેમખેમ.

પછી તો મીઠી લગ્ન કરીને ચાલી ગઈ ત્યારે મારી સ્થિતિ જ જાણે બોરકૂટો !

આજે રાતાં ચટ્ટાક બોર જોઉં છું ને મને બોરકૂટો સાંભરે છે. બોરકૂટો બોરકૂટો !!

હવે મને સમજાય છે કે કાળની કરચલીઓ બોરની શોભાને બગાડી મૂકે, ઠળિયાની નહિ. □

'બુદ્ધિ કસો'નો ઉત્તર

મોટરચાલક પહેલાં ચાર જણને લઈને ૧૨ માઈલ દૂર, અને તેમને પહોંચવાના સ્થાનથી ૮ માઈલ દૂર માર્ગ પર ઉતારીને બીજા સૈનિકોને લેવા પાછો આવ્યો. આ રીતે ૮ મા. પાછો આવ્યો ત્યારે પેલા ચાલતા આવતા સૈનિકોએ ૪ માઈલ જેટલો માર્ગ કાપ્યો હતો. એમાંના ૪ સૈનિકોને લઈ એણે ૧૨ માઈલ દૂર લઈ જઈ એમને પણ એમના પહોંચવાના સ્થાનથી ૪ માઈલ દૂર ઉતારી દીધા. અને છેલ્લા ૪ સૈનિકોને લેવા ૮ માઈલ દૂર પાછો આવ્યો. એ વખતે એ સૈનિકોએ માર્ગ પર ચાલીને ૮ માઈલ જેટલું અંતર કાપી લીધું હતું. એ ચારેયને લઈને એ ૧૨ માઈલ, એમના પહોંચવાના સ્થાન સુધી લઈ આવ્યો. દરમિયાન ચાલતા આવતા સૈનિકો પણ બાકીનું અંતર પૂરું કરીને પોતાના સ્થાને પહોંચી ગયા. આમ, બારેય સૈનિકો એક સાથે એમના સ્થાને પહોંચી શક્યા. આ રીતે મોટરને બાવન માઈલની સફર થઈ જેને માટે ૨.૩/૫ કલાક લાગે. આમ સૈનિકોને પોતાને સ્થાને પહોંચતાં ૨ કલાક અને ૩૬ મિનિટ જેટલો સમય લાગ્યો. બરાબર બાર વાગ્યે તેઓ નીકળેલા એટલે પહોંચ્યા ત્યારે ૨-૩૬ નો સમય થયો હતો. □

કુંકાવટી



કુ. એસ્તેર એ. સોલોમન
પદ્મશ્રી

મહામહિમોપાધ્યાય પ્રોફેસર કુ. એસ્તેરબહેન સોલોમનને આ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૨ના દિવસે ભારતના રાષ્ટ્રપતિએ 'પદ્મશ્રી'નો ખિતાબ એનાયત કર્યો છે. આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામેલા સંસ્કૃતના આ પ્રાધ્યાપિકા ધર્મે તો યહુદી છે, પણ ભારતીય સંસ્કૃતિનો જેમાં પ્રાણ ધબકી રહ્યો છે તેવી વેદ-વેદાન્તિક વિદ્યાગ્રંથોની સંરક્ષિકા એવી અમર સંસ્કૃત ભાષાના તેઓ પરમ વિદુષી છે. તેમનો જન્મ ઇ.સ. ૧૯૨૭ના મે માસની ૧૧મી તારીખે રાજકોટ મુકામે થયો હતો. રાજકોટમાં જ શાળાનો અભ્યાસ કરીને ૧૯૪૩માં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા ઉત્તીર્ણ કરી. તેમાં તેઓ દેશી રજવાડામાંથી બેઠેલા વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે અને આખી યુનિવર્સિટીમાં સાતમા ક્રમે આવ્યાં હતાં. આ અભ્યાસમાં તેમના માતામહ અને પિતાશ્રી અબ્રાહમભાઈનું તેમને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળતું રહ્યું હતું. ત્યારપછી ૧૯૪૫માં મુંબઈ યુનિવર્સિટીનું ઇન્ટર આર્ટ્સનું પરિણામ જાહેર થયું ત્યારે ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ લખ્યું કે - A lady studet tops the list. ત્યારબાદ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં અભ્યાસ કરીને ૧૯૪૭ અને ૧૯૪૯માં મુંબઈ યુનિવર્સિટીની અનુક્રમે બી.એ. અને એમ.એ.ની ઉપાધિઓ પણ પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ કરી. સંસ્કૃત અને અંગ્રેજી એમના મુખ્ય અને ગૌણ વિષયો હતા. એમ.એ.માં મુંબઈ યુનિવર્સિટીનું એ વર્ષનું ઝાલા વેદાન્ત પ્રાઈઝ પણ તેમને પ્રાપ્ત થયું હતું.

રાજકોટથી અમદાવાદ આવીને તેમણે સ્વ. રસિકલાલ છો. પરીખના માર્ગદર્શન હેઠળ 'વૈદિક, બૌદ્ધ અને જૈન દર્શનમાં અવિદ્યાની વિભાવના' એ વિષય ઉપર સંશોધન કાર્ય કર્યું.

આ સમયે તેમણે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના જ્ઞાનનો પણ સતત લાભ મેળવ્યો હતો. તથા પ્રાચ્ય વિદ્યાના વ્યાપક અભ્યાસ માટે જરૂરી એવી જર્મન ભાષાનો અભ્યાસક્રમ પણ તેમણે પૂરો કર્યો.

ડૉ. સોલોમનબહેનની વિદ્યાકીય તેજસ્વિતાના મૂળમાં તેમની સાત્ત્વિકતા, ચિત્તની વિશદતા અને સહજ સ્વસ્થતા છે. તેમનું મન કોઈપણ પ્રકારની ગ્રંથિઓ અને ગૂંચવાડાઓથી મુક્ત છે. એટલે ગમે તેટલો અઘરો વિષય પણ તેમનામાં તરત જ પ્રતિબિંબિત થાય છે. વિષયની તેમની સમજણ ત્વરિત અને સાફ હોય છે. કોઈ આગન્તુક આવેગ તેમની ધૃતિને ક્ષુબ્ધ કરી શકતો નથી.

ડૉ. સોલોમનબહેનની અધ્યાપન-પ્રવૃત્તિ આમ તો ૧૯૪૭માં રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં ફેલો તરીકે થઈ ચૂકી હતી. ત્યારપછી અમદાવાદમાં તો તેમણે એલ.ડી. આર્ટ્સ, બી.ડી.આર્ટ્સ કોલેજ અને ભો. જે. વિદ્યાભવનમાં ૧૯૪૯ થી '૬૪ સુધી વિવિધ સ્તરે અધ્યાપનકાર્ય કર્યું. ૧૯૬૪માં ગુજરાત યુનિવર્સિટીએ અનુસ્નાતક સંસ્કૃત વિભાગ શરૂ કર્યો અને તેમણે એનું અધ્યક્ષ સ્થાન સંભાળ્યું, તથા અનેક તેજસ્વી વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. તેમના સફળ માર્ગદર્શન હેઠળ ચૌદેક જેટલા વિદ્યાર્થીઓએ સંસ્કૃત ન્યાય, વૈશેષિક, વ્યાકરણ, વેદાન્ત, સાહિત્યાદિ વિષયોમાં શોધકાર્ય કરીને પી.એચ.ડી.ની ડિગ્રીઓ મેળવી છે.

કાલક્રમે તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષ પણ બન્યાં, અને તેમના સ્થાનિક સચિવપદે 'અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદ'નું ૩૨મું અધિવેશન પણ અમદાવાદ ખાતે મળ્યું. આમ, તેમણે ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે ખ્યાતિ અપાવી. તેમણે દિલ્હી, વારાણસી, મદ્રાસ, પૂણે, ઉજ્જૈન, જર્મની વગેરેમાં રાજકીય, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરની પરિષદો અને પરિસંવાદોમાં ઉપસ્થિત રહીને એક સો જેટલાં શોધપત્રો રજૂ કર્યાં છે. આમાંનાં ઘણાંને હરિ ૐ આશ્રમ પ્રાઈઝ, કે.જી.નાયક સુવર્ણચન્દ્રક વગેરે પુરસ્કારો પણ મળ્યા છે.

અધ્યાપનકાર્યની સાથે સાથે તેમણે જે સતત અધ્યયન-સંશોધન કર્યું છે તે પણ આદર્શ છે. એમના સંશોધન-સંપાદનનાં સુફળ એમના કેટલાક મહત્ત્વના ગ્રંથપ્રકાશન રૂપે પ્રાપ્ત થયા છે. આમાં 'સાંખ્યવૃત્તિ', 'સાંખ્ય સપ્તતિવૃત્તિ', 'અવિદ્યા', 'Idian Dialectics (Vol-I & II)' જેવા ગ્રંથો મુખ્ય છે. તેમણે શ્રી આનંદશંકર ધ્રુવના અને નર્મદાશંકર દે. મહેતાના ગ્રંથોમાં સંસ્કાર કરીને 'હિન્દુદર્શન' અને 'હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' જેવા ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. આવી વિદ્યાકીય પ્રવૃત્તિને ભારતના રાષ્ટ્રપતિએ, ૧૯૮૩ની ૧૫મી ઑગસ્ટે 'સર્ટિફિકેટ ઑફ ઑનર' (અને આજીવન પ્રતિવર્ષ રૂા. ૧૦,૦૦૦) પ્રદાન કરીને સન્માન કર્યું છે. ૧૯૮૬-૮૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા પછી પણ તેમણે સર્વદર્શનસંગ્રહ, સિદ્ધાન્તલેશસંગ્રહ અને ખંડનખંડખાદ્ય જેવાં દુરુહ ગ્રંથરત્નોને સટીક તૈયાર કરીને પ્રકાશિત કર્યાં છે. આવી અવિરત સાધના થકી તેમનામાં મૂર્તિમંત થયેલાં સર્વશુક્લા સરસ્વતીનાં દર્શન થાય છે. સોલોમનબહેનની વિદ્યાકીય પ્રવૃત્તિ અને કારકિર્દી પ્રશંસનીય અને પ્રેરણારૂપ રહી છે. ઓછું બોલવું અને વધુ કામ કરવું એ એમનો જાણે જીવનમંત્ર છે. કદી પણ કોઈ જાતની ખટપટમાં પડવું નહિ એ એમના નિર્મળ અને પારદર્શક વ્યક્તિત્વની નિશાની છે. સદા અભ્યાસરત અને છતાં હંમેશાં નિરાડંબરી એમની પ્રસન્ન મુખમુદ્રા જોનારને ધન્યતાનો અનુભવ કરાવી રહે છે. એમના આ ગુણોએ એમને અજાતશત્રુ રાખ્યાં છે. તેઓ ગુજરાતના ભૂષણ રૂપ હોવા ઉપરાંત સમગ્ર ભારતને માટે પણ ગૌરવસ્પદ સંસ્કૃતજ્ઞ વિદુષી છે.

ડૉ. વસન્તકુમાર મ. ભટ્ટ

કલાવાર્તા

આમ તો કલાસર્જનમાં અનેક માધ્યમનો ઉપયોગ થતો જોવા મળે છે, પણ તેમાં પ્રતિમાવિધાન સિવાય વ્યાસંગ તરીકે ધાતુની સાથે સંકળાયેલું કલાકૌશલ એક યા બીજા કારણે પ્રમાણમાં ઓછું, અને તેમાંય મહિલા કલાકારોનું સર્જન કંઈક વધારે ઓછું જોવા મળે છે. શ્રીમતી ભારતી ભુતા આવા એક કલાકાર છે.

મૂળ સૌરાષ્ટ્રના સાવરકુંડલાનાં. વિજ્ઞાનના એ સ્નાતિકા. પતિ નવીનભાઈ ભુતાની પેનની ફેક્ટરી દક્ષિણ ગુજરાતમાં ઉમરગાંવમાં, એટલે ત્યાં વસવાનું થયું. કલાના ક્ષેત્રમાં પગ મૂક્યો ત્યારે તો એ બે સંતાનનાં માતા બની ચૂક્યાં હતાં. નારગોળની શાળામાં પોતાનાં બાળકોને અભ્યાસાર્થે મૂક્યાં ત્યારે સમય પસાર કરવા તેઓ પણ ત્યાંના કલાવિદ્યાલયમાં જોડાઈ ગયાં, અને પતિનું પ્રોત્સાહન મળતાં એ.ટી.ડી તથા સી.ટી.ડી. સુધીનો અભ્યાસ કર્યો. એ પછી પુત્રીને મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં કોમર્શિયલ આર્ટના અભ્યાસ માટે દાખલ કરી ત્યારે પોતે પણ ત્યાંના ધાતુકલાના વિભાગમાં જોડાઈ જઈ ડિપ્લોમા સુધીનો અભ્યાસ કર્યો. તેમની એ અભ્યાસનિષ્ઠા પછી કાર્યાન્વિત બની. તેમણે લીધેલી કલાતાલીમ હવે નવાં નવાં પરિણામો ઝંખતી હતી.





શ્રીમતી ભારતી ન. ભુતા


કેમિકલ અને મિકેનિકલ એન્જિનીઅર પતિના વ્યવસાયમાં કાચા માલ તરીકે ધાતુઓનો પણ ઉપયોગ થતો હોઈ ભારતીબહેનને પોતાના કલાકાર્યમાં પણ વિશેષ અનુકૂળતા રહી, અને એમણે પોતાની કલાભિવ્યક્તિ માટે તાંબાપિત્તળનાં પતરાંનો ઉપયોગ વિકસાવ્યો. એચિંગ અને ચિત્રલિંગ ઉપરાંત એમણે 'રેપૂસે' તથા મીનાકારીમાં, પણ પ્રવીણતા સિદ્ધ કરી.

રેપૂસે એટલે કે ધાતુના જાડા પતરા ઉપર ઉપસાવેલી કૃતિમાં એમણે અનેક ધાર્મિક તેમજ પૌરાણિક પાત્રોનું સર્જન કરવા સાથે તેઓ તેમાં રંગરંગીન મીનો પૂરીને એક આગવો ઓપ આપે છે. આ ઉપરાંત, પોતાની કલાસૂઝ અને ધાતુના માધ્યમની સમજને પ્રયોજીને તેઓ લોકશૈલીની ઢબે પણ આધુનિક ગણાય તેવાં મીનાકારીયુક્ત સુંદર આભૂષણો પણ બનાવે છે. પોતાની કૃતિઓ તેઓ પ્રદર્શિત પણ કરતાં રહે છે, જેને સારો આવકાર સાંપડ્યો છે. આજકાલ કલાક્ષેત્રે નવનવીન માધ્યમો અને અવનવીન શૈલીના પ્રયોગો થતા રહે છે. આ પ્રયોગોનું પ્રયોગ લેખે મૂલ્ય હોવા છતાં પણ જો એ કોઈ સિદ્ધિ ન દાખવે તો અંતે જતાં એ વિસરાઈ જાય છે. પરન્તુ ભારતીબહેનના આ પ્રયોગો એમની આગવી કલાદૃષ્ટિના દ્યોતક છે. 'રેપૂસે'માં તેમણે ચિત્રકળા અને જડતરકળાનો સુભગ સમન્વય સાધ્યો છે. એમની ચિત્રકારી પૌરાણિક પાત્રવિધાન સાથે લોકશૈલીના અલંકાર-શોભનમાં પણ આકર્ષક પરિણામો નિપજાવી શકી છે. વળી, એક ગૃહિણીની ફરજો સાથે ને તે પણ મોટી વયે એમણે જે ઉત્સાહ દાખવ્યો છે તે સદા પ્રેરણાદાયક નીવડે તેમ છે.

અહીં એમની આવી કલાકૃતિઓના કટેલાક ચિત્રનમૂના આપ્યા છે.







રાવણ-જટાયુ યુદ્ધ : તાંબાના ૧૬ ગેજના પતરા ઉપર ઉપસાવેલું મીનાકારીવાળું રેપૂસે. વચ્ચે: એ જ પ્રકારનું રેપૂસે 'ગણેશ'.
જમણીબાજુ : શ્રીમતી ભારતીબહેને બનાવેલું ગળાનું એક આભૂષણ, જેમાં મોતીની માળા સાથે લગાડેલું પેન્ડન્ટ એમણે રેપૂસેની રીતે બનાવેલું છે.

અડકો દડકો

સાત માળની બસ

મનનભૈ સ્કૂલબસમાં બેસીને ઘેર આવ્યા, ઘેર આવ્યા એવા એ તો ગાવા લાગ્યા:

કેવી મોટી મસ !

અમારી સાત માળની બસ !!

મનનભૈને ગાતા સાંભળીને પિંજરામાં ઝૂલે ઝૂલતા પોપટભૈ યે ગાવા લાગ્યા. મનનભૈનું પાળેલું ગલૂડિયુંયે ગેલમાં આવી જઈને નાચવા લાગ્યું.

બારણામાં આવી ઊભેલી મમ્મી તો મૂંગી મૂંગી તાલ જોઈ જ રહી. એણે ધીમેથી પૂછ્યું : 'મનન, દીકરા, શું છે આ બધું ?'

'મમ્મી આજે મેં સાત માળની બસ ચીતરી છે !...'

'સાત માળની બસ !?...' મમ્મી તો હસી પડી.

"હા, મારાં ટીચર બેન પણ ખુશ થઈ ગયેલાં આજે !...મારું ચિત્ર આખા ક્લાસને બતાવીને એમણે કહેલું : 'જુઓ, બાળકો તમે બે માળની બસ જોઈ હશે... પણ આ મનનભૈએ તો સાત માળની બસ !...'"

પછી તો મનનભૈ રાતે સૂઈ ગયા ત્યારે એમને સપનુંયે એવું જ આવ્યું -

સાતમાળની બસ !...

બસ તો ઘરરર કરતી ઊડી, ને ફરરર કરતી આકાશમાં પહોંચી ગઈ ! બસમાં મનનભૈ, એમનું ગલૂડિયું, ને પોપટભૈ બેઠાં હતાં. સૌથી ઉપરના સાતમા માળે હાથીભૈ, ઊંદરભૈ, સિંહ અને શિયાળભૈ, નીચેના માળે મોર, કોયલ, ચકલી, કાબર, ઊંદરભૈનું ચૂંચૂંચૂં...કોયલનું કૂહુ...કૂહુ...મમનભૈ અને રોજ એમની સાથે સ્કૂલબસમાં આવતાં ટાબરિયાં - સ્વિટી, સલમા, જ્યુસી, નીરવ, ઉમંગ, સૌનું : હેય...હેય...હેય... ગલૂડિયાભૈનું : હાઉ...હાઉ...કાઉ...કાઉ...

બસ તો ઊડતી ઊડતી ચાંદામામા પાસે પહોંચી ગઈ ! ચાંદામામા તો સૌને જોઈને હસી પડ્યા. એમણે તો આખી બસને આઈસ્ક્રીમ ખવડાવ્યો : હેય...હેય !

પછી તો બસ ફરરર કરતી સૂરજદાદા પાસે પણ પહોંચી ગઈ : હેય...હેય...હેય...

દાદાની સોના જેવી દાઢી સૌને જોઈને ફરરર કરતી ઊડવા લાગી. આંખો હસવા લાગી. દાદાજી તો સૌને વાદળ જેવા એક પ્હાડ પાસે લઈ ગયા.

'દાદા, આ તો સૂતરફેણીનો પ્હાડ !...' હાથીભૈ, સસલાભૈ ને મનનભૈ તો ચિચિયારી પાડી ઊઠ્યા.

'હા, દોસ્તો, આ તમારે માટે જ છે !...' દાદા હસી ઊઠ્યા. સૌએ પેટભરીને સૂતરફેણી ખાધી.

અડધો પહાડ તો એકલા હાથીભૈ જ હોઈયા કરી ગયા હતા એટલે એ તો ભૈ, બસમાં આળોટવા લાગ્યા. હાથીભૈ આળોટે એટલે બસ તો ડોલંડોલા-ઝોલંઝોલા ! સૌના જીવ તાળવે ચોંટી ગયા. ગલૂડિયું મનનભૈને વળગી પડ્યું. પોપટભૈયે મનનભૈના ખભા પર આવીને બેસી ગયા. સસલાભૈ સીટ નીચે સંતાઈ ગયા. રીંછ જેવું રીંછ અને વાઘ જેવો વાઘે રોવાં લાગ્યાં.

હાથીભૈને ઠીક થયું. આળોટતા બંધ થયા. એટલે મનનભૈનું થરથર થરથર ધ્રૂજવુંયે બંધ થયું : હાશ ! કહીને એમણે રૂમાલ લેવા ગજવામાં હાથ નાખ્યો : બાપરે! કહીને એ તો અડધા ઊભા થઈ ગયા ! અરે ! ઊંદરભૈ તમે ?... તમે ક્યારે આવીને મારા ગજવામાં ઘૂસી ગયા ?

હેય ! હેય ! હેય ! કહી આખી બસ હસી ઊઠી !

મોરભૈ ટેહુક ટેહુક કરવા લાગ્યા. ચકલીબેનનું ચીંચીંચીં બસના અવાજમાં સંભળાય જ ક્યાંથી ?

બસ તો ફરરર ફરરર કરતી આગળ ઊપડી. આકાશ જેવડો બગીચો આવ્યો ! આંખોને આંજી નાખે તેવાં ચમકતાં-દમકતાં ફૂલ !

'આ તો તારા છે ભૈ, તારા !' સૌ એક સાથે હસી ઊઠ્યા. પોચા પોચા રૂ જેવા તારા. દિવાળીની ફૂલઝડી જેવા તારા...ખરતા... ચમકતા તારા ! અરે ! બસ તો ઢાળ આવ્યો કે લસરી પડી !

આ તો વાદળોની લપસણી ભૈ ! બસેય કેવું મજાનું લપસતી હતી !

આગળ જતાં એક મોટો સાત રંગનો પુલ આવ્યો : 'અરે આ તે કેવો પુલ ! - સૌના મોં ખુલ્લાં થઈ ગયાં. આંખો યે પહોળી થઈ ગઈ.

'આ તો મેઘધનુષ છે, મેઘધનુષ !' ગલૂડિયું બોલી ઊઠ્યું, મનન અને નીરવે એકસાથે કાન પકડ્યા : 'બરાબર છે.'

પછી તો રંગરંગનાં ફૂલ ! રંગરંગના ઝૂલતા પુલ ! બસ વાદળનો ઢાળ ઊતરી... સરરરર કરતી થોડી નીચે આવી કે તરત સૌએ આનંદની ચિચિયારી પાડી :

'હેય ! હેય ! ધરતી[illegible] ! [illegible]રતીમાતા !'

ધરમતીમાતાની લીલ્લી લીલ્લીછમ સાડી સૌને ગમી ગઈ. બસના સાતે માળથી શોર ઊઠ્યો : 'ધરતીમાતા... ધરતીમાતા ! ચાલો, હવે નીચે...હવે ક્યાંય જવું નથી. ઘેર ચાલો, ઘેર !...'

બસના ડ્રાઈવર હતા રીંછભૈ. સસ્સાભૈ કંડક્ટરે ટોકરી મારી : ટનનન, ટનનનન 'અરે ! આ રીંછભૈ તો બહેરા છે કે શું ?'

બસ તો ફરી પાછી ઊંચે જવા લાગી ! બસમાં હોહોહો થઈ ગઈ : અરે ! આ ડ્રાઈવર

તો ઊંઘે છે કે શું ? 'ચલો, નીચે.... ધરતીમાતા પાસે...ચલો, ચલો નીચે....'

રીંછભૈ તો ઊંધું ઘાલીને બસને ઊં...ચે હાંકે રહ્યા હતા. સસ્સાભૈનું ટનનનન ટનનન સાંભળ્યું જ નહીં. છેવટે ગલૂડિયું કંટાળ્યું, મનનભૈના ખોળામાંથી ઊઠ્યું. ને જઈ પહોંચ્યું રીંછભૈના ખભા પર. ડ્રાઈવરભૈ તો એકદમ ગભરાઈ ગયા. બસ તો ડોલંડોલા !

મનનભૈ ઊભા થયા. રીંછભૈને કહ્યું : 'અરે ! રીંછભૈ, ઊંઘો છો કે શું ?'

'હેં !...હા...હા...જરા સૂતરફેણી વધારે ખવાઈ ગયેલી એટલે...' રીંછભૈએ આંખો લૂછીને, લાંબું બગાસું ખાધું.

'બસ કરો બસ. હવે ઊંચે જવું નથી...બધાં ચાડો પાડે છે...બસને નીચે ઉતારો નીચે... ધરતીમાતા આપણી રાહ જોતાં હશે ....' મનનભૈ બોલતા હતા ત્યાં તો બસ સરરર કરતી નીચે !...

આખી બસ ગાઈ ઊઠી હાથી, ઊંદર, સસલો, વાઘ, શિયાળ, મોર, કોયલ, પોપટ અને મનનભૈનું ગલૂડિયુંય સૌની સાથે ગાવા લાગ્યું :

કેવી મોટી મસ !
અમારી સાત માળની બસ !'

મનનભૈ તો ઝબકીને સપનામાંથી જાગી ઊઠ્યા. જોયું તો ગલૂડિયું એમની સામે જોતું હસતું હસતું પૂંછડી પટપટાવી રહ્યું હતું. મનનભૈએ એને ટપલી મારી. ગલૂડિયું ગાવા લાગ્યું :

કેવી મોટી મસ...
અમારી સાતમાળની બસ !'

મનનભૈને નવાઈ લાગી : 'કેમ લ્યા, લલ્લુ, તું આ ગીત ક્યાંથી શીખ્યું ?...'

ગલૂડિયું કૂદકો મારીને ટેબલ પર ચઢી ગયું. એણે ટેબલ પર પડેલા ટેપ-રેકોર્ડરની સ્વિચ દબાવી : 'કેવી મોટી મસ !...'


'અરે ! આ તો મારો અવાજ !...' મનનભૈએ તાળી પાડી.

'હા, તમે રાતે ઊંઘમાં યે ગાતા'તા, મનનભૈ !...' ગલૂડિયું તો હસી પડ્યું : હાઉ... હાઉ... કાઉ... કાઉ...

મનનભૈ ઊઠ્યા કે'...સ્કૂલબસનો સમય...મમ્મી બારણામાં આવીને ઊભી રહી અને મનનભૈ ફટ દેતા ઊભા થઈ ગયા. ધડાધડ બ્રશ કર્યું... ફટાફટ સ્નાન કર્યું. ગણવેશ પહેર્યો. સ્કૂલ બેગ ખોલી. બેગમાં ચિત્ર હતું. પણ બસ તો ગાયબ !

'મમ્મી...મમ્મી...મારી સાતમાળની બસ ?'

રમેશ ત્રિવેદી



બ્રિટિશ જમાનાની અતિદુર્લભ ટપાલટિકિટો

દુનિયાની સૌથી વધુ દુર્લભ અને એથી અતિ મૂલ્યવાન પ્રથમ દસ ટપાલ ટિકિટોમાં અહીં દર્શાવેલી બ્રિટિશ ગીઆનાની ટિકિટોની ગણના થાય છે. આમાંની પહેલી અષ્ટકોણાકાર અને એક સેન્ટની ટિકિટ ઈ. ૧૮૫૬માં બહાર પડેલી. એનો એકમાત્ર નમૂનો અસ્તિત્વમાં છે. તેના પર વહાણની આકૃતિ તથા પોસ્ટ માસ્તરની સહી - ઈ. ડી. ડબ્લ્યુ. એવા નામાક્ષરો - છે. ૧૯૮૧માં કોઈ અનામી સંગ્રાહકે ૯ લાખ ૩૫ હજાર ડોલરમાં તે ખરીદી હતી. બીજી ટિકિટ ઈ. ૧૮૫૦માં બહાર પડેલી ૧૨ સેન્ટની ટિકિટ છે. દુર્લભતામાં આવી ૨ સેન્ટની ટિકિટ પાંચમા ક્રમની હોઈ તેની કિંમત ૭૫૦૦ પાઉન્ડ ગણાય છે. અણઘડ ગોળાની વચ્ચે બ્રિટિશ ગીઆનાનું નામ તથા કેન્દ્રમાં તેની ૧૨ સેન્ટ કિંમત દર્શાવી છે. આવી જ ૧, ૨, અને ૪ સેન્ટની ટિકિટો પણ આ દેશે બહાર પાડેલી. આમાંની ૪ સેન્ટની ટિકિટ ૯ હજાર તથા ૧૨ સેન્ટની ટિકિટ ૪ હજાર પાઉન્ડની ગણાય છે. ત્યારબાદ ઈ. ૧૮૫૬માં આ દેશે લંબચોરસ આકારની વચ્ચે વહાણનું આલેખન તથા તેના ઉપર ઈ.ડી.ડબ્લ્યુ નામાક્ષરોની સહીવાળી ૪ સેન્ટની એક ટિકિટ બહાર પાડેલી. આજે દુર્લભતામાં તેનો સાતમો ક્રમ ગણાય છે. રદ્દીકરણની છાપવાળી વપરાએલી આ ટિકિટની કિંમત ૩૦ હજાર પાઉન્ડ અંકાય છે. અહીં દર્શાવેલી ચોથી અને ઊભા લંબચોરસ આકારની આ દેશની ટિકિટ પણ દુર્લભ ગણાય છે. ૧૮૫૧-'૫૨માં એ બહાર પડેલી, જેમાં દેશનું નામ અને કિંમત દર્શાવવા સાથે મધ્યમાં વહાણનું આલેખન છે.

ઈ. ૧૮૫૬ની ૧ સેન્ટની બ્રિટિશ ગીઆનાની આજે દુર્લભતામાં પ્રથમ નંબરની ટિકિટ ભૂલથી ૪ સેન્ટને બદલે ૧ સેન્ટની છપાઈ ગઈ હતી. આ મૂલ્યની ટિકિટનો પૂરવઠો લંડનથી છપાઈને આવતાં ઘણો સમય વીતી જતાં જ્યોર્જ ટાઉનના પોસ્ટ માસ્તરે સ્થાનિક પ્રેસમાં થોડી ટિકિટો છપાવી હતી. આ ટિકિટો ચલણમાં મુકાઈ અને થોડા જ સમયમાં પોસ્ટ ઑફિસના મકાનને આગ લાગતાં તેમાંની વેચાયા વિનાની ટિકિટો પણ બળી ગઈ. આ ટિકિટનો એકમાત્ર નમૂનો વરનોન વૉધન નામના એક વિદ્યાર્થીના હાથમાં ચડી ગયો. તેણે એ ટિકિટ ૨.૫૦ ડોલરમાં વેચી દીધી. આ પછી તેની કિંમત ૮૨૮ ડૉલર થઈ અને ઈ. ૧૯૧૭માં તે ૭૩૨૫ પાઉન્ડમાં વેચાએલી. વળી પાછી ૧૯૪૦માં એક લીલામમાં એ ૪૦,૦૦૦ પાઉન્ડમાં વેચાઈ અને ઈ. ૧૯૯૮માં રેમન્ડ વેઈલ નામના એક ખ્યાતનામ સંગ્રાહકે તે ૩ લાખ ૮૦ હજાર ડૉલરમાં ખરીદી હતી. આ પછી ઈ. ૧૯૮૧માં એક અનામી સંગ્રાહકે તે ૯ લાખ ૩૫ હજાર ડૉલર, એટલે કે આજના મૂલ્યે લગભગ ત્રણ કરોડ રૂપિયા જેટલી કિંમત ચૂકવી તે ખરીદેલી.

મનસુખલાલ એન. સાના

બલા જેવી પરીક્ષા પ્રથાને બદલે કોઈ યોગ્ય નવી પદ્ધતિ ન શોધાય ત્યાં લગી તો, આજે જીવન-સાફલ્યના આધાર રૂપ લેખાતી એ પદ્ધતિમાં વિજય મેળવવાની રીત જાણી લેવી જરૂરી છે.

પરીક્ષા અને ભણવાની કળા

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કેળવણીના પાયા તરીકે સ્વીકારાએલી પરીક્ષાની કપરી કસોટીમાંથી દરેકને વિદ્યાર્થી-જીવનમાં પસાર થવું પડે છે. આ સદીનું લાક્ષણિક ચિહ્ન થઈ પડેલી આ પરીક્ષાની શરૂઆત કંઈ આજકાલની નથી, પણ જૂના યુગની છે. માનવની જંગલી અવસ્થામાં શક્તિની સ્પર્ધામાં થોડા ઘાએ શિકાર પાડનાર માણસ ચાલાક ને વિજયી ગણાતો હશે. મહાભારતમાં ઉલ્લેખ છે કે દ્રોણ ગુરુએ પોતાના વિદ્યાર્થીઓની ધનુર્વિદ્યાની પરીક્ષા ઝાડની ડાળીમાં પક્ષી સંતાડી કરી હતી અને તેમાં ફક્ત અર્જુન જ ફતેહમંદ નીવડ્યો હતો.

મૂળમાં તો વિદ્યાર્થીનાં અધ્યયન, નિરીક્ષણ અને કૌશલ્યનું માપ કાઢવા પરીક્ષા યોજાઈ હશે. પણ હાલની પરીક્ષાની પદ્ધતિથી વિદ્યાર્થીઓની શક્તિનું સાચું માપ નીકળતું નથી. પરીક્ષાની આજની એ પદ્ધતિમાં વિદ્યાર્થીની વિશિષ્ટતા તરફ કશું ધ્યાન અપાતું નથી.

પરીક્ષાના આજના તંત્રથી વિદ્યાર્થી, જ્ઞાનની ઇચ્છા ત્યજીને માત્ર માર્ક મેળવવાનું ધ્યેય રાખી ભણે છે. આથી તેને ખરી માનસિક કેળવણી મળતી નથી. પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થી કેટલીક હકીકતો ગોખણપટ્ટી કરી મગજની સપાટી ઉપર તરતી રાખે છે. પણ પરીક્ષા પછી તે સદાને માટે ભૂલી જાય છે. પ્રોફેસર આઈન્સ્ટાઈન કહે છે કે આજની પરીક્ષાઓમાં વિચારશક્તિ કેળવાતી નથી, પણ સ્મરણશક્તિ જ કેળવાય છે. સ્મરણશક્તિ અને બુદ્ધિને ગાઢ સંબંધ છે એ ખરું, પણ સ્મરણશક્તિ એ જ બુદ્ધિ નથી.

પરીક્ષામાં સહેલાઈથી વિજયી થવા વિદ્યાર્થીને પરીક્ષા પૂરતા જ અભ્યાસક્રમના વર્તુળમાં જકડાઈ રહેવું પડે છે; જ્ઞાનની કુંજોમાં વિહરવાનું અને બીજી પ્રવૃત્તિઓમાં જોડાવાનું તેને માટે નિષિદ્ધ બને છે. વળી, પરીક્ષાની હૈયાહોળીમાં રાતમધરાત દવાના ડોઝ અને ચાના ઉકાળા પીને ઉછીની શક્તિ આણી, માનસિક ઘાણીએ જોડાઈ અથાગ માનસિક તથા શારીરિક પરિશ્રમ પણ ઉઠાવવો પડે છે.

આમ, પરીક્ષા એ બૂરી બલા છે એ વાત તો ખરી; પણ જ્યાં સુધી કેળવણીની પદ્ધતિમાં ફેર ન થાય, અને વિદ્યાર્થીના બુદ્ધિ-માપન માટે કોઈ નવી પદ્ધતિ નક્કી ન થાય, કે ડૉ. બેલાર્ડની આગાહી મુજબ યંત્ર દ્વારા પરીક્ષાઓ ન થાય, ત્યાં સુધી શિથિલ સંકલ્પવાળા વિદ્યાર્થીઓને અભ્યાસરત કરવા પરીક્ષાની જરૂર તો રહેવાની. એટલે જ્યાં સુધી પરીક્ષાના પ્રમાણપત્ર પર જ જીવન સાફલ્યનો આધાર છે, ત્યાં સુધી પરીક્ષામાં વિજય સરળતાથી મળે તે જાણવું જરૂરી છે.

પરીક્ષામાં સફળતા મેળવવા માટે વિદ્યાર્થીએ ભણવાની કળા સિદ્ધ કરવી જોઈએ. એ કળાના મુખ્ય મુદ્દા જોઈએ : પહેલું તો ભાષા. વિચારનું વાહન ભાષા છે, એટલે સૌપ્રથમ તો વિદ્યાર્થીને અભ્યાસની ભાષા સારી રીતે આવડતી હોવી જોઈએ. અશુદ્ધ જોડણી, વ્યાકરણની ભૂલો ને કઢંગી વાક્યરચના અક્ષમ્ય ને દોષપાત્ર લેખાય. શબ્દોના યોગ્ય વપરાશની ખૂબી પણ શીખવી જોઈએ અને વિચારોને સ્પષ્ટ રીતે સમજાવવા માટે લખવાની છટા પણ કેળવવી જોઈએ. આ ઉપરાંત અતિ મહત્ત્વની બાબત સુવાચ્ય લેખનની છે. લખાણની સુઘડતા ને ચોખ્ખાઈનો આદર્શ સૌકોઈએ પોતાનો કરી લેવો જોઈએ.

બીજો મુદ્દો વાચન : વાચન વિષે તો ઘણું કહી શકાય. વિષયને જાણવા, તેને સમજવા અને યોગ્ય રીતે તે યાદ રાખવા વાંચવું જરૂરી છે. પણ વાંચવાનીયે કળા છે, ને તે બહુ થોડાએ કેળવી હોય છે. કોઈ પણ વિષય વાંચવાની શરૂઆત કરતાં પહેલાં તે વિષય પરત્વે આપણે શું અને કેટલું જાણીએ છીએ, તેનો થોડી મિનિટ સુધી મનમાં વિચાર કરવો. વાંચતી વખતે નોંધ લેતા જવું કે મહત્ત્વની જગ્યાએ નિશાનીઓ કરી લેવી એ ખોટું નથી; પણ ઠેર ઠેર એવી લીટીઓ દોરવામાં યે કશો અર્થ નથી. ખરી રીતે તો કોઈ બાબતમાં અનુસંધાન કે પૂર્તિ રૂપે લખાણ હોય ત્યાં લીટીઓ દોરી હાંસિયામાં તેની નોંધ કરવી. વાંચતી વખતે જે નોંધો લીધી હોય તે નોંધોમાં પણ તે વિષયનાં બીજાં પુસ્તકો વાંચીને ઉમેરો કરવો જોઈએ અને તેને માહિતીથી સમૃદ્ધ કરવી જોઈએ. આવી નોંધ પુનર્વાચન અને પરીક્ષા વખતે અમૂલ્ય સાધન થઈ પડે છે.

વાચન દરમ્યાન થોડી થોડી વારે થોભીને, જે વંચાઈ ગયું હોય તે યાદ કરી જવાની ટેવ પાડવી. વળી, બીજા દિવસે તે વિષય આગળ વાંચતાં, પહેલાં પાછલું વાંચેલું અને તેની નોંધ પ્રથમ વાંચી જવાં.

પાઠ્યપુસ્તક ઉપરાંત તે વિષયનાં બીજાં પુસ્તકો વાંચવાં એ અતિ અગત્યનું છે. બીજા પુસ્તકો વાંચવાથી માહિતી, વસ્તુની રજૂઆત અને સમજૂતી વગેરે દ્વારા આપણો વિષય બહુ સરળ બની જાય છે. પ્રથમ તો અભ્યાસના વિષયનું સ્વરૂપ જાણી લેવાં એકવાર પાઠ્યપુસ્તકો પહેલેથી છેલ્લે સુધી આંખ નીચે કાઢી જવાં અને તેને લગતાં બીજાં પુસ્તકો હોય તો તે પણ જોઈ જવાં. આ પછી પાઠ્યપુસ્તકોનું નિયમબદ્ધ અધ્યયન શરૂ કરવું. એ અભ્યાસ દરમ્યાન તેને લગતી માર્ગદર્શિકી કે નોટ્સ અને માસિકો વાંચવાં હિતાવહ છે. આથી વિષય સમજવો સહેલો થાય છે અને અગત્યની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે.

વાંચવા માટે ખાસ વખત કયો સારો તેની સલાહ આપવી યોગ્ય નથી. જેનું ધ્યેય સતત વિદ્યાભ્યાસનું છે તેને તો બધો સમય અનુકૂળ હોય છે. પણ એમ કહી શકાય કે જ્યારે પ્રેરણા જાગે ત્યારે વાંચવું. વાંચવાનો વખત થયો છે માટે ચોપડીમાં માથું ઘાલીને બેસવું તેના કરતાં અભ્યાસ

કરવાની તીવ્ર ઇચ્છા ઉદ્ભવે ત્યારે વાંચવા બેસવું તે ઉત્તમ છે. અને આવે સમયે વાંચવાથી વિષય સહેલાઈથી સમજાય છે અને ઝટ યાદ પણ રહી જાય છે. છતાં મનને ટેવ પાડવા માટે વાચનનો અનુકૂળ કોઈ સમય નિયત કર્યો હોય તો સારું.

વિદ્યાર્થીઓનો મોટો સમૂહ 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી'ની પેઠે રાતના દસથી તે બે-ત્રણ વાગ્યા સુધીનો સમય અભ્યાસ માટે સર કરતો હોય છે. આ સમય અભ્યાસને અનુકૂળ ન લેખી શકાય. ઈરાસમસ કહે છે કે 'રાતના વાંચવાથી મગજ બહેર મારી જાય છે અને હૃદય ઉપર અસર થાય છે.' અને મધરાત પછી વાંચવાનું ચાલુ રાખવું એ તો પોતાની જાતની છેતરપીંડી જેવું છે. જો કે રાતના સુનકારમાં આપણા વિચારોનું વહન ઝડપથી થાય છે; પણ એમાં આપણે 'વાંચતા' વધારે હોઈએ છીએ, પણ 'ભણતા' નથી હોતા, વાંચેલું ગ્રહણ કરી શકાતા નથી હોતા. રાતનો ઉજાગરો વેઠી સવારમાં જાગ્રત થતાં ભારે મગજ તથા શિથિલ અને અસ્વસ્થ મનની ભેટ પામેલો વિદ્યાર્થી આપ્તજનોને કે મિત્રોને ચીડિયાં કરતો કે મોઢું ચડાવી વિહરતો માલૂમ પડે છે.

અધ્યયન માટે તો , છેક વેદકાળથી પ્રાત:કાલનો સમય ઉત્તમ લેખાતો આવ્યો છે. વહેલી પરોઢના એક કલાકનું વાચન એટલું તો લાભદાયક નીવડે છે કે દિવસના બે ત્રણ કલાકનું વાચન તેની તોલે ન આવી શકે. સાંજના જમ્યા બાદ અને ઊંઘતાં પહેલાં થોડું હળવું વાચન શ્રેયસ્કર લેખાય. આખા દિવસના પરિશ્રમથી થાકેલા જ્ઞાનતંતુઓને તો ગાઢ નિદ્રા દ્વારા આરામ મળવો ઉચિત છે. પાંચ વાગ્યે જાગ્રત થતાં મન પ્રફુલ્લ અને મગજ શાંત તથા સ્વસ્થ હોય છે. આ સમયે વાંચવાથી ધ્યાનમગ્નતા જળવાય છે અને વાંચેલું યાદ રહી જાય છે. વળી આપણું વાચન ક્રમબધ્ધ અને નિયમાનુસાર જ હોવું જોઈએ. રોજ થોડું ઘણું તો વંચાવું જોઈએ; અને વળી 'દરરોજ દરેકે દરેક વિષયનાં થોડાં પાનાં વાંચવીની ચીવટ રાખવી જોઈએ.

વાચન, ચર્ચા, વિવાદ, આ બધાં અભ્યાસનાં ઉપયોગી અંગો છે; પણ વિષયને સમજવા, સરળ કરવા અને યાદ કરવા માટે તો લખવાની ટેવ પાડવી બહુ જરૂરી છે. એથી તે વિષય પરત્વે આપણા વિચારો સ્પષ્ટ થાય છે, વિષય આપણી આગળ સરળ બની રહે છે અને યાદદાસ્ત પણ વધે છે.

વાંચેલું યાદ રહે. તે માટે મનની એકાગ્રતા ઉપરાંત વાચનમાં રસ પણ પ્રકટવો જોઈએ. અને વાંચનમાં રસ ઉપજાવવા જે કંઈ કરવું ઘટે તે કરી છૂટવું જોઈએ. શરત, હરીફાઈ વગેરે પણ અજમાવવા જેવાં છે. કોઈવાર સુંદર નવલકથાનું વાચન પણ મગજને પ્રફુલ્લિત કરી, અભ્યાસ પ્રત્યે રસ ઉપજાવે છે. શાંત વાતાવરણ, સ્વચ્છ ને સુઘડ ખંડ, અભ્યાસને અનુકૂળ ઉલ્લાસ અને સ્વસ્થ મન, આ સર્વ અભ્યાસમાં રસ ઉપજાવનારાં બાહ્યાંગો છે. વળી, બેઠાં બેઠાં વાંચવું જ ઉત્તમ છે; પથારીમાં પડ્યાં પડ્યાં વાંચવું નુકસાનકારક છે. વળી મનમાં અને ઝડપી વાંચવાની ટેવ પણ કેળવવી જોઈએ.

વાંચવામાં એક ચેતવણી ભૂલવા જેવી નથી. મિનિટોની મિનિટો પર્યંત સતત વાંચ્યા કરવું ન જોઈએ. આમ કરવાથી વાંચેલું વિચારવાનો સમય મળતો નથી, અને પછી લખતી વેળા વિચારો મેળવવા મુશ્કેલ પડે છે. વાંચતી વખતે ૪૫-૬૦ મિનિટના અંતરે, થોડો વખત શાન્ત પડી રહેવાનો સમય કાઢવો. આમ પડી રહેવાથી આપણું અજાગ્રત મન આપણે વાંચ્યું હોય તેના સંસ્કારો સંઘરી લે છે. કોઈ પણ જ્ઞાનપ્રાપ્તિ માટે અજાગ્રત મનના સંસ્કારો અગત્યનો ભાગ ભજવે છે. મગજની કામગીરી પછીની આવી આરામની વેળામાં અજાગ્રત મન કાર્ય કરે છે. આ સમયે તે વિચારને છણે છે, તેનું પૃથક્કરણ કરે છે અને તેના તથ્યાંશનું ઘટક સંઘરે છે. ગણિતનો કોઈ અટપટો દાખલો કે કોઈ પ્રશ્નનો ઉકેલ રાત સુધી આપણને પજવતો હોય પણ ઊંઘી ઊઠ્યા પછી સવારમાં તેનો ઉકેલ જડી આવે છે એનું રહસ્ય પણ એ જ છે.

મગજની કાર્યદક્ષતા માટે સંપૂર્ણ તંદુરસ્તીની જરૂર પહેલી છે. (જો કે એક બાબત જાણવા જેવી છે કે સાધારણ તપેલા શરીર વખતે વાંચેલો કઠણ વિષય પણ સમજવામાં સરળ થઈ પડે છે ! માંદગીની તીવ્ર વેદના વખતે બાયરન, કીટ્સ, શેલી, સ્ટીવન્સન જેવા કવિઓને બુદ્ધિમત્તાની ઉચ્ચતા દર્શાવતાં કાવ્યો લખ્યાં છે.) શારીરિક શ્રમ અને માદક વસ્તુઓ મગજની કાર્યશક્તિ ઓછી કરે છે, પણ સાધારણ કસરત મગજને પ્રફુલ્લિત કરે છે.

વાંચતી વખતે 'થાક' લાગે તો તે શારીરિક થાક નથી, પણ 'કંટાળો છે. માનસશાસ્ત્રીઓ કહે છે કે મગજ કદી 'થાકતું' નથી. એ તેના દેખીતા 'થાક' પાછળ કોઈ સંવેદન કે ચિંતા કામ કરી રહ્યાં હોય છે. જો પોતાના કામમાં ખરો રસ હોય છે તો તંદુરસ્ત માણસ કલાકો તો શું પણ દિવસો સુધી કાર્યમાં જરા પણ ક્ષતિ આવ્યા વિના માનસિક શ્રમ ઉપાડી શકે છે. વાંચતી વેળા જો આવી 'અરુચિ' ઉત્પન્ન થાય તો તેવે વખતે મનને દબાવી, બરબાર કાબૂમાં રાખી પાંચદસ મિનિટ વાંચવામાં ખેંચી કાઢવામાં આવે, તો થોડા વધારે કલાકો વાંચવામાં ગાળી શકાય છે.

પણ અભ્યાસનો મૂળ પાયો તો 'યાદ રાખવા'માં રહેલો છે. એ સ્મરણશક્તિનું રહસ્ય હજુ અણઉકેલાએલું રહ્યું છે. સ્મરણશક્તિનાં ત્રણ અંગો છે : એક તો વાચનની છાપ કે અસર. આ છાપ વિષય ઉપર અપાએલા ધ્યાન પર અવલંબે છે. વિષયમાં ધ્યાનમગ્ન બન્યા વિના તેને યાદ રાખવો મુશ્કેલ છે. બાબતને મગજનાં કેન્દ્રોમાં પકડવા માટે એકાગ્રતાની ખાસ જરૂર છે.

સ્મરણશકતિનું બીજું મહત્વનું અંગ તે ગ્રહણ કરેલી છાપને કાયમ રાખવી તે છે. આ કાયમ રાખવાની શક્તિ માણસે માણસે જુદી જુદી હોય છે. વિલિયમ જેમ્સ ખે તે કે 'કેટલાક માણસોના મનમાં પૂર્વાપર સંબંધ વિનાની વસ્તુઓ ભૂંસાઈ જાય છે, ત્યારે કેટલાકમાં તેનું સ્મરણ એવું તો 'સૂક્ષ્મ' હોય છે કે જરા જેટલી સંવેદના પામતાં તે પ્રકટી ઊઠે છે.' જે વ્યક્તિઓ નામ, સરનામાં, બનાવો, સાલવારી, ગપ્પાં, કાવ્યો, કહેવતો ને એવી ઘણી ઘણી બાબતો વગર મહેનતે યાદ રાખી શકે છે તેમની યાદદાસ્ત મોટે ભાગે અવ્યવસ્થિત અને અપ્રમાણ હોય છે. આથી યાદદાસ્તનું કાયમીપણું રહે તે માટે યાદ રાખવા જેવી બાબતો પસંદ કરી લેવી જોઈએ. એટલે શું યાદ રાખવા જેવી બાબતો પસંદ કરી લેવી જોઈએ. એટલે જ યાદ રાખવાના જેટલો જ ઉમદા ગુણ વિસમૃતિનો પણ છે. એટલે શું યાદ રાખવું અને શું ભૂલી જવું તે નક્કી કરવું જોઈએ.

યાદદાસ્તને તાજી કરવી તે સ્મરણશક્તિનું ત્રીજું અંગ છે. આ માટે યાદગાર બાબતોના પૂર્વાપર સંબંધના સંસ્કાર મદદકર્તા નીવડે છે. તે સારુ કેટલીક સંજ્ઞાઓ, મિતાક્ષરો વગેરે ઉપયોગી નીવડે છે.

યાદદાસ્તીની શક્તિ વિષે ઘણા પ્રયોગો થયા છે. તેથી જાણવા મળ્યું છે કે શીખેલી કે વાંચેલી હકીકતોમાંથી ૫૦ ટકા તો એક કલાકમાં ભુલાઈ જાય છે. બાકીનામાંથી ૧૬ ટકા દિવસના અંત સુધીમાં અને પછી બીજા ૧૪ ટકા મહીના સુધીમાં સ્મરણપટ પરથી વિલીન થઈ જાય છે. આ ઉપરથી

સાબિત થાય છે કે 'થોડા દિવસ અગાઉ વાંચેલા કરતાં થોડા કલાક પહેલાં વાંચેલું આપણને બહુ ફાયદાકારક નથી નીવડતું. એટલે પરીક્ષાના છેલ્લા કલાક સુધી વાંચવાંચ કરવાથી વધારે લાભ થાય તેમ નથી.'

માનસશાસ્ત્રીઓનું કહેવું છે કે આપણામાંનો દરેકે દરેક જણ કલ્પનામાં પણ ન આવે એવા યાદશક્તિના પ્રયોગો કરી શકે તેમ છે. સામાન્ય કોટિનો વિદ્યાર્થી પ્રસંગો, લખાણો, મહત્ત્વનાં નામો અને આંકડા યાદ રાખી 'શકતો' નથી હોતો, કારણ કે ખરી રીતે તે યાદ રાખવા તેણે મુદ્દલે પ્રયાસ જ કર્યો નથી હોતો. વળી, તેની વાંચવાની પદ્ધતિ પણ ખામીભરેલી હોય છે.

વિષયને મગજના સ્મૃતિપટ પર અંકિત કરવા માટે બે સાધનોની ઉપયોગિતા છે. એક તો મગજ રૂપી કેમેરા, ને બીજું એ કેમેરાના લેન્સ રૂપે કામ કરતી બે આંખો. મગજનું સ્મૃતિકેન્દ્ર ફિલ્મનું કાર્ય કરતું હોય છે. ફોટો પાડતી વખતે જેમ શરીર સ્થિર રાખી કેમેરાની ચાંપ દબાવવી અતિ મહત્ત્વની છે, તેમ વાંચતી વખતે પણ આંખ અને મગજને કાર્યવંતાં રાખવાં જરૂરનાં છે.

ધીમેધીમે વાંચવાની સાથે સમજીને વાંચવું જોઈએ. વળી પાછલા ફકરાના વિચારો પકડી રાખી આગળ વાંચતા રહેવું જોઈએ ને વિષય પૂરો થયા બાદ તેમાં શું કહેવામાં આવ્યું છે તે મગજમાં પકડી રાખવું જોઈએ. આવું અભ્યાસયુક્ત વાચન જલદી યાદ રહી જાય છે.

માનસશાસ્ત્રીઓએ પ્રયોગો બાદ સિદ્ધાંત તારવ્યો છે કે યાદ રાખવાનો વિષય સૂતાં અગાઉ વાંચી જવો. સૂતાં અગાઉ બે કલાક પહેલાં વાંચ્યું હોય તો તે પણ નકામું છે. વાંચીને તરત સૂઈ જવામાં આવે તો વાંચેલું મગજમાં ઠસી જાય છે.

કવિતા ગોખવાની હોય તો તેની કડીઓ ટુકડાબંધ ના ગોખો. તેને પહેલેથી છેવટ સુધી વાંચી જવી. આવી રીતે જેટલી વાર વંચાય તેટલી વાર વાંચી જવી, પણ 'ગોખવી' નહિ. એકી પલાંઠીએ કવિતા પંદર વાર વાંચી જવી, પણ 'ગોખવી' નહિ. એકી પલાંઠીએ કવિતા પંદર વાર વાંચવાં કરતાં અઠવાડિયા સુધી સૂતા પહેલાં બે વખત તેને બોલી જવામાં આવે તો તે સહેલાઈથી યાદ રહી જાય છે.

માનસશાસ્ત્રીઓએ પ્રયોગો બાદ યાદશક્તિ કેળવવા માટે કેટલાક સિદ્ધાંતો તારવ્યા છે. તે મુજબ કોઈ વિષય શીખવા માટે ખૂબ મહેનત ન કરો. આમ કરવાથી મગજના કોષો ખૂબ ઉત્તેજિત થવાથી યાદ રહેવાની ક્રિયા મંદ પડી જાય છે. વળી, તમારી સ્મરણશક્તિ માટે માન ધરાવો. 'મારું મગજ તો ચાળણી જેવું છે' એમ કહેનાર 'ચાળણી' જેવા એ મગજમાં વધારે કાણાં પાડતો હોય છે! યાદશક્તિ અમુક જણાનો જ હક્ક છે તે માન્યતા ખોટી છે.

વૈજ્ઞાનિક રીતે પરીક્ષાના સમય પહેલાં અભ્યાસનું પુનર્વાચન કરી જવું જરૂરી છે. આ વખતે પાઠ્ય પુસ્તકો વાંચવા કરતાં, અગાઉ જે 'નોટ્સ' લીધી હોય તેનું વાચન કરી જવું પૂરતું છે. કોઈ અસ્પષ્ટ બાબત કે શંકાના નિવારણ માટે પાઠ્ય પુસ્તકો જોવાં એ ઠીક છે. પરીક્ષા અગાઉ દરેક વિષયનું ત્રણથી ચાર વાર પુનર્વાચન થઈ જવું જોઈએ. પુનર્વાચન વખતે સાથીઓ જોડે ચર્ચા કે પ્રશ્નોતરી પણ ફાયદાકારક નીવડે છે, તેમજ અગાઉની પરીક્ષાઓના પ્રશ્નપત્રોના ઉકેલ પાછળ થોડા કલાક ગાળવા પણ લાભદાયી થઈ પડે.

પરીક્ષાને છેલ્લે દિવસે અભ્યાસમગ્ન રહેવામાં કશો અર્થ નથી એ આપણે જોઈ ગયા. કેટલાક તો પરીક્ષાના દિવસ પહેલાં આઠ દિવસ અગાઉથી વાંચવાનું બંધ કરી દેવાની સલાહ આપે છે! પણ સામાન્ય વિદ્યાર્થીઓ માટે એ સલાહ ઉચિત ન લેખાય. પણ તેમને માટે યે ચોવીસ કલાક અગાઉથી વાંચવાનું બંધ કરવું ઇષ્ટ છે. પરીક્ષાના અઠવાડિયા અગાઉ રાતના દસ વાગ્યા પછી સૂઈ જ જવું અને અજાગ્રત મનને અધ્યયનની છાપને સંસ્કારવાની તક આપવી જોઈએ, એ કદી વિસરવા જેવું નથી.

પરીક્ષામાં વિદ્યાર્થી કેટલું જાણે છે તેની કિંમત નથી અંકાતી પણ તે કેવી રીતે લખે છે તેનું મૂલ્યાંકન થાય છે.

પ્રશ્નપત્ર મળે કે તરત લખવા મંડી ન પડવું. પ્રથમ તો પ્રશ્નપત્રને ધીરજથી વાંચી જવો. તે પછી ફરી વાર વાંચી જવામાં યે થોડો વધારે વખત વિતાવવો પડે તો વાંધો નહિ, પણ પ્રશ્નોને બરાબર સમજી લેવા જોઈએ. પ્રશ્નને પૂરા સમજ્યા વિના ગમે તેટલું ભારેખમ લખ્યું હોય તો યે અર્થહીન જ નીવડવાનું. પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયત્ન કરવો જોઈએ. પ્રશ્નોનો થોડોકે ઉત્તર આપ્યો હોય તો તેના થોડા ગુણ પણ મળવાના જ; અને આ રીતે મેળવેલા થોડા ગુણ પણ માર્કની કુલ સંખ્યામાં વધારો કરવાના જ.

મૌખિક પરીક્ષામાં મોં ઉપર ઉત્સાહ અને મનમાં વિશ્વાસ રાખવાં જરૂરનાં છે. કદાચ પ્રશ્નના ઉત્તર જાણતા હોઈએ તો પણ થોડી પળ વિચારશીલ દશામાં ગાળવાથી પરીક્ષક ઉપર સારી અસર થાય છે. પરીક્ષકની ધૂન પ્રમાણે જવાબ આપવામાં પણ ઘણો લાભ થાય છે.

જો કે પરીક્ષામાં અકસ્માતને ઘણો અવકાશ છે. માર્ક આપવામાં કોઈ પ્રમાણભૂત ધોરણ ન હોવાથી કે પ્રશ્નોના ઉત્તર આપવામાં આદર્શ ઉત્તર કયો તેનું ધોરણ નહિ હોવાથી પરીક્ષકો માર્ક આપવામાં ઘણા અચોક્કસ હોય છે. એક જ ઉત્તરના એક વખતે થોડા માર્ક આપવામાં આવ્યા હોય તો વળી થોડા દિવસ બાદ તેના જ વધારે માર્ક મળે એવું બનવું બહુ સંભવિત છે. સર ફિલિપ હરટોગ અને ઇ. સી. હોડ્ઝે ઇ.સ. ૧૯૩૫માં 'પરીક્ષાની પરીક્ષા' નામના રીપોર્ટમાં, વિદ્યાર્થીઓના એકના એક ઉત્તરપત્ર ઉપર અનુભવી પરીક્ષકોને હાથે અપાએલા માર્કોના ભારે તફાવતનું પૃથક્કરણ કરી, માર્ક આપવાની પદ્ધતિની પોકળતા, તેમાં વિદ્યાર્થીઓને સમાયેલા ગંભીર અન્યાય અને અકસ્માતના અવકાશનું રહસ્યપૂર્ણ નિરૂપણ રજૂ કર્યું છે. માટે, કદાચ પરીક્ષામાં નિષ્ફળતા મળે તો કદી નાસિપાસ ન થવું, કે પોતાની બુદ્ધિ માટે ઓછો આંક ન માંડવો, યા પોતાની શક્તિ માટે લઘુતાગ્રંથીવાળા થઈ નીચા વિચારોથી પીડાવું નહિ; પણ સદા પ્રયત્નશીલ રહેવું, અભ્યાસની રીત બદલવી અને પુનઃ વિશ્વાસ તથા શ્રદ્ધા સાથે નસીબ અજમાવવા કટિબદ્ધ થવું.

અંતમાં એક અતિ અગત્યની બાબત ઉપર ધ્યાન દોરવું જરૂરી છે. અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીએ પાઠ્ય પુસ્તકોના કિલ્લામાં જ ઘેરાઈ રહેવું ખોટું છે. કદાચ પરીક્ષાના ત્રાસથી વિદ્યાર્થીઓ સાહિત્યવિમુખ રહેતા હોય, પણ જીવનની સર્વાંગી કેળવણી ખાતર આપણે જગતસાહિત્યની શિષ્ટ, સંસ્કારપ્રેરક અને પ્રેરણાદાયક સામગ્રી - કાવ્ય, ઇતિહાસ, કથાનકો અને મુખ્યતઃ જીવનકથા ને આત્મકથા વગેરે સામગ્રીનો રસાસ્વાદ માણવો જોઈએ. આથી નૈસર્ગિક બુદ્ધિનો વિકાસ થાય છે અને જ્ઞાન વિશદ થાય છે; ભાષા ઉપર કાબૂ આવે છે અને લખાણમાં સચોટતા આવે છે. પરીક્ષાની કૂંચી ઉપર જ મંડી રહેલા પણ સાહિત્ય પરત્વે પરાઙ્મુખતા કેળવેલા તેજસ્વી વિદ્યાર્થીની જીવન-કારકિર્દી નિસ્તેજ નીવડે છે. આપણે આ જગતના વાસી તરીકે સમસ્ત જગતની સંસ્કૃતિના વારસ છીએ એમ સમજી અભ્યાસ દરમ્યાન સાહિત્યના સતત સંપર્કમાં રહેવું ઇષ્ટ છે.

(સળંગ અંક ૩૦૨માંથી)

સાહિત્યસંપર્ક

રમણલાલ સોનીને એવૉર્ડ

આ વર્ષે દિલ્હી સાહિત્ય અકાદમીનો અનુવાદ માટેનો એવૉર્ડ આપણા સિદ્ધ અને પ્રસિદ્ધ અનુવાદક રમણલાલ સોનીને મળે છે તે આનંદના સમાચાર છે. તેમણે બંગાળીમાંથી શરદબાબુ, રવીન્દ્રનાથ આદિના શ્રદ્ધેય અને સુવાચ્ય અનુવાદો આપ્યા છે. ૧૯૮૮માં રવીન્દ્રનાથ ટાગોરની ૮૬ ટૂંકી વાર્તાઓના એમણે 'કાબુલીવાલા', 'અતિથિ' અને 'ચંદનતિલક' એ ગ્રંથત્રયીમાં આસ્વાદ્ય અનુવાદો આપ્યા છે, જેને લક્ષમાં રાખીને ઉક્ત એવૉર્ડ એમને અપાયો છે.

શ્રી રમણલાલ પીતાંબરદાસ સોનીનો જન્મ ૧૯૦૮ના જાન્યુઆરીની ૨૫મીએ મોડાસા તાલુકાના કોકાપુર ગામે થયેલો, પણ એમણે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મોડાસામાં પૂરું કરી ઈ. ૧૯૪૦માં આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ. તેમજ ૧૯૪૫માં શિક્ષણની બી.ટી.ની ડિગ્રીઓ મેળવી મોડાસાની જ હાઈ સ્કૂલમાં આચાર્યપદ પ્રાપ્ત કરેલું. પરંતુ મહાત્મા ગાંધીના રંગે રંગાઈ એમણે સત્યાગ્રહની લડતમાં સક્રિય ભાગ લીધો અને કારાવાસ પણ ભોગવ્યો. એમણે શિક્ષકની નોકરીનો સ્વેચ્છાએ ત્યાગ કરી સાહિત્યની આરાધના અને સમાજસેવામાં ઝંપલાવ્યું. એમનું હીર ત્યાં ઝળહળી ઊઠ્યું. કૃષિકારો અને હરિજનોના ઉદ્ધારની અનેક પ્રવૃત્તિઓનું ગાંધીમાર્ગે એમણે સફળ સંચાલન કરી બતાવ્યું. ઈ.૧૯૫૨ થી ૧૯૫૭ સુધી એઓ મુંબઈ ધારાસભાના સભ્ય પણ રહેલા.



પરંતુ એમની સર્જકપ્રતિભાએ બાળકો માટેના સાહિત્યસર્જનમાં અને બંગાળની પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદોમાં સારું કાઠું કાઢ્યું. 'શિશુકથા' (૧૯૩૫), 'શિશુસંસ્કારમાળા' (૧૯૪૬) 'શિશુભારતી ગ્રંથમાળા' (૧૯૫૦) આદિમાં એમની એક સાચ્ચા બાલસહિત્યકાર તરીકેની સર્જકતા અને સજજતા ઊભરી રહે છે. એમના બાલસાહિત્યમાં કલ્પના-વૈભવ અને સહજ નિરૂપણરીતિ ધ્યાનાર્હ બને છે. એમણે બાલકાવ્યો અને બાલનાટકો પણ આપ્યાં છે, જે 'રમણ સોનીનાં બાળનાટકો' તથા 'રમણ સોનીનાં બાળકાવ્યો (૧૯૭૯)માં સંપાદિત થયાં છે.

૧૯૩૪માં એમણે શરદબાબુની 'સ્વામી' નવલકથાનો અનુવાદ કર્યો અને તે વિદ્વદજનોની પ્રશંસા પામ્યો. એમના બંગાળી અનુવાદોમાં 'શ્રીકાન્ત' (૧૯૩૭), 'સંન્યાસિની' (૧૯૪૭), 'ચોખેરવાલી' (૧૯૪૬), 'ગોરા-ભાગ ૧-૨' (૧૯૪૬), 'પથેરદાબી' (૧૯૫૭), 'વિરાજવહુ' (૧૯૫૭), 'બડી દીદી' (૧૯૫૭) વગેરે મહત્ત્વની કૃતિઓ છે.

જેલવાસ દરમિયાન શ્રી નગીનદાસ પારેખ પાસે બંગાળી શીખી એમણે એ શોખનો પૂરો હિસાબ આપ્યો છે. આજ ૮૪ વર્ષની વયે પણ એમનો આ અનુવાદરસ સુકાયો નથી એ ઓછા સદ્ભાગ્યની વાદ નથી. એમના જેવા સંનિષ્ઠ અનુવાદકની આ કદરદાનીથી સહુ ગુજરાતીઓને આનંદ થશે.

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

તત્સમ-તદ્ભવ બેઉ પ્રકારના શબ્દોની જોડણી માટેના સામાન્ય નિયમો

આ વિભાગમાં આપણે જોડણીના કેટલાક સામાન્ય નિયમો જોઈશું. આ નિયમો તત્સમ શબ્દો માટે તથા તદ્ભવ શબ્દોને લાગુ પડે છે.આથી તેને તત્સમ કે તદ્ભાવ શબ્દોના નિયમો હેઠળ મૂકવાને બદલે અલાયદા તારવ્યા છે અને પ્રથમ આપ્યા છે.

આમાં નોંધપાત્ર ગણી ન શકાય તેવા ઓછા મહત્ત્વના નિયમ કે નોંધ પણ છે. કહેવાતો નિયમ ખરેખર નિયમ છે કે માત્ર નોંધ યા સૂચનાર્થ વિધાન એવો સવાલ પણ ઉદ્ભવી શકે તેમ છે. અર્થાત્ આ સામાન્ય નિયમો બીજા અર્થમાં પણ સામાન્ય છે. આવા સામાન્ય નિયમ તદ્ભાવ શબ્દોના તથા તત્સમ શબ્દોના જોડણી-નિયમોમાં પણ છે. આપણે સ્વીકારેલ માળખાનું આ સ્વાભાવિક પરિણામ ગણાય. આવા સામાન્ય નિયમો ૧૧ છે.

નિયમ ૧: ગુજરાતી ભાષામાં લખાતા કોઈપણ શબ્દનો વિશિષ્ટ ઉચ્ચાર દર્શાવવા કોઈ ચિહ્ન વાપરવું નહીં.

દાખલા: કહો, ગોળ, ચોરો, ઝેર ; ખિડકી, દોલત, નજર, બાવરો ; ખિદમત, મુનાસિબ, હેસિયત ; ગેરફાયદો, ગેરહાજર, બહારવટિયો વગેરે.

નોંધ: (ક) ઉપરના શબ્દો દર્શાવ્યા મુજબ જ લખવા. તેને બદલે અનુક્રમે કૉ : ગૉળ, ચૉરો, ઝૅર ; ખિડકી, દૉલત, નજર, બાૅવરો; ખિદ્મત, મુનાસિબ, હૅસિયત ; ગૅરફાયદો, ગૅરહાજર ; બા(બહા)રવટિયો એ રીતે લખવું નહીં.

(ખ) ઍક્ટર, પૅનલ, ઑફિસ, કૉલોની, હૉસ્ટેલ વગેરે અંગ્રેજી તત્સમ શબ્દોમાં પહોળા ઉચ્ચાર દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ જરૂરી ગણાયો છે. તેને અહીં અપવાદ કહેવાને બદલે પાછળ અંગ્રેજી તત્સમ શબ્દો માટેનો નિયમ ગણ્યો છે. આમ વિવૃત્ત ઍ, ઑ, અંગ્રેજી તત્સમ શબ્દો સિવાય બીજા કોઈ શબ્દોમાં વપરાય નહીં એવું આપણું વર્તમાન જોડણી-બંધારણ છે!

નિયમ ૨: રવાનુકારી શબ્દો જોડણીના વ્યવસ્થાકીય નિયમોથી પર છે. અવાજને વધુ સારી રીતે અભિવ્યક્ત કરી શકાય એ રીતે તે લખાય છે.

દાખલા: થૂ, ધૂ, છીં, ખૂં, ટ્રૂં, ફૂં, એં, ઊંહ, ઊંઊં, ઊંહું, કિર્ર, ખૂંખૂં, ચૂચાં, ચૂંચૂં, ડ્રાઉં, ભુસ્કો, મ્યાઉં, સૂસૂ ; ઓઈ(-હિ)યાં, ઓત્તારી, ઓળોળો, કિચૂડ, ખડંગ, ખાણણ, ટહુકો, ધડિંગ, પિપૂડી, બડૂકો, હુડુડુ, હુરિયો; કટકટ, કિલકિલ, કીવીકીવી, ખચાખચ, ખડખડ, ખ(ડ)ખડાટ, ખિલખિલ,

ટચકારી, ટિટિપારો, ઢચુપચુ, બચકારો, બણબણ, રૂમઝૂમ, હુતુતુતુ; કકડભૂસ, કિલકિલાટ, ફૂકડફૂક, ખદ્દુક ખદ્દુક વગેરે.

નોંધ : નિયમ ૧ની નોંધ (ખ) મુજબ વિવૃત્ત એ, ઓ દર્શાવવાની છૂટ ફક્ત અંગ્રેજી તત્સમ શબ્દોને જ મળી હોઈ અન્ય શબ્દો, રવાનુકારી હોય તો પણ એ લાભથી વંચિત છે. રવાનુકારી તદ્ભવ શબ્દો હેં, ફેડમાં વિવૃત્ત એ હોવા છતાં તે હેં, ફેડ એમ લખી શકાતા નથી. આ કારણે, જોડણી કોશે આપેલ, ગૉટપીટ શબ્દ પણ બરાબર ન ગણાય. એ રવાનુકારી તદ્ભવ શબ્દ હોઈ ગોટપીટ કરવો જોઈએ.

વિશેષ નોંધ : નિયમ ૨ની નોંધ મુજબ, જ્યાં બે નિયમો એક સાથે લાગુ પડતા જણાય ત્યાં અગાઉના ક્રમનો નિયમ લાગુ પડે તેવી યોજના આ નિયમાવલીમાં અપનાવી છે.

નિયમ ૩ : શબ્દના ઉચ્ચારણમાં જો અઈનો ભાસ થાય તો 'ઐ' અને અઉનો ભાસ થાય તો 'ઔ' લખવું.

દાખલા : પૈડું, પૈસો, ભૈયો, મૈયા, સૈકો, તૈયાર, રવૈયો, ઘડવૈયા, લડવૈયા, વૈજ્ઞાનિક, ઐતિહાસિક, ઔંસ, કૌંસ, ચૌટું, ચૌદ, કૌતુક, ભૌતિક, પૌરાણિક, ઔપચારિક વગેરે.

વિકલ્પ : કૈં-કંઈ, થૈ-થઈ.

અપવાદ : સઈ, જંઈ, ગઈ; ઊડઈ, ઊધઈ, જઈફ.

નોંધ : (ક) પાઈ, ભાઈ જેવામાં અઈ નથી, આઈ છે છતાં વિકલ્પે પૈ માન્ય છે જ્યારે ભૈ ફક્ત કવિતામાં જ પ્રાસાપેક્ષાએ પ્રયોજાય છે. બોલચાલમાં પણ આ વપરાય છે.

(ખ) અંગ્રેજી શબ્દ પાઉન્ડનું પૌંડ ન કરાય.

(ગ) આપણા ગદ્યસ્વામી સ્વામી આનંદ તૈયારને બદલે તઈયાર, મૌલિકને બદલે મઉલિક એમ પ્રયોજી આ નિયમનો અસ્વીકાર કરતા. 'બેવડી માત્રા' છાપનાં સહુથી વધુ ઊડી જતી હોવાને કારણે એમણે આવો પ્રયોગ કર્યો હતો. પ્રયોગવીરો, શૈલીકારો આવી સહેતુક છૂટ લઈ શકે પણ સામાન્ય વ્યવહારમાં તો નિયમને જ વળગી રહેવું હિતાવહ છે.

નિયમ ૪ : શિષ્ટ ભાષામાં તદ્ભવ તથા તત્સમ બંને રૂપો પ્રચલિત હોય તો બેઉ સ્વીકાર્ય ગણવા.

દાખલા : કળા-કલા, કાફી-કૉફી, કામ-કર્મ, કૂવો-કૂપ, નહીં-નહિ, રાત-રાત્રિ(ત્રી), ફરસ-ફર્શ, પ્રગટ-પ્રકટ, ફિલમ-ફિલ્મ, ભગત-ભક્ત, દિવાળી-દીપાવલિ(લી), ધીરજ-ધૈર્ય, પોલાદ-સ્ટીલ, ઈનકાર-ઇન્કાર, કારતક-કાર્તિક, નિરધાર-નિર્ધાર(-ણ), આબેહૂબ-હૂબહૂ, પારસલ-પાર્સલ, પ્રમાણિક-પ્રામાણિક, તાત્કાળિક-તાત્કાલિક, માંગળિક-માંગલિક, વકીલાત-વકાલત, દરમ્યાન-દરમિયાન, ઊજળું-ઉજ્જવળ વગેરે.

નોંધ : (ક) એક અર્થના વિભિન્ન ભાષી શબ્દો પણ સ્વીકાર્ય છે. જેમ કે, એસિડ-તેજાબ, ટેબલ-મેજ, મૅજિસ્ટ્રેટ-ન્યાયાધીશ; મિનિસ્ટર-વજીર-પ્રધાન, ઑફિસ-કચેરી-કાર્યાલય.

(ખ) એક અર્થના તદ્ભવ શબ્દોનાં વધુ રૂપ પણ માન્ય છે. જેમકે આમલી-આંબલી, લીમડો-લીંબડો, ડામવું-ડાંભવું, પૂમડું-પૂંભડું, ચાંલ્લો-ચાંદલો, સાલ્લો-સાડલો, તૂમડું-તું(તૂં)બડું.

(ગ) ગુલાબજળ, બ્રિજપુલ, ઑફિસ કાર્યાલય, ટેસ્ટપરીક્ષા, કસોટી-પરીક્ષા, મુદ્રિકાપ્રેસ, વિદ્યાલય-હાઈસ્કૂલ જેવા ભાષાભેદે પુનરાવૃત્ત શબ્દપ્રયોગો બરાબર નથી. ઑફિસ એટલે જ કાર્યાલય, ટેસ્ટ એટલે જ કસોટી!

(ઘ) આ જ રીતે પિન નંબર પણ બરાબર ન ગણાય. કેમ કે પિન (pin)માં નંબર આવી જાય છે.

નિયમ ૫ : વિભક્તિ અને વચનના પ્રત્યયો લગાડતાં તથા સમાસ બનાવતાં મૂળ શબ્દની જોડણી બદલાતી નથી.

દાખલા : નાળી-નાળીથી, નાળીઓ; નદી-નદીમાં, નદીએ, નદીઓ; બારી-બારીએ, બારીઓ; છોડી-છોડીને, છોડીઓ; ચોપડી-ચોપડીમાં, ચોપડીઓ; સદી-સદીઓથી; ચીપીચીપીને... ભૂદાન, કૂદાકૂદ, ખાદીહાટ, ખેતીવાડી, ખોડીબારું, ગાંધીમેળો, છૂટાછેડા, દાંડીકૂચ, ધૂપસળી, નદીકૂવો, નીલકંઠ, પીતાંબર, પૂરીશાક, બીજવર, ભૂલચૂક, મીઠાબોલું, મીણબત્તી વગેરે.

નોંધ : (ક) હિંદી ભાષામાં વિભક્તિના પ્રત્યયો વિકલ્પે જુદા શબ્દ રૂપે લખવાની છૂટ છે, પરંતુ ગુજરાતી ભાષામાં તો વિભક્તિ અને વચનના પ્રત્યયો શબ્દ ભેગા જ લખવામાં આવે છે અને ત્યારે મૂળ શબ્દની જોડણી યથાવત રહે છે.

(ખ) આ નિયમન પૂર્વ-પ્રત્યયો કે પર-પ્રત્યયો માટે નથી તેથી નિર્દય, નિષ્ફળ, દુરાત્મા, ઐતિહાસિક વગેરે શબ્દો જુદા પડે છે.

(ગ) ભાણીનું બહુવચન ભાણીઓ થાય જ્યારે ભાણિયો એટલે ભાણો. ભાણીઓ-ભાણિયોની જેમ કડીઓ- કડિયો, સળિઓ-સળિયો, સાથીઓ- સાથિયોના અર્થ ભિન્ન છે. ભાણોનું બહુવચન ભાણા થાય. ભાણાનું બહુવચન ભાણાં થાય. છોકરું-છોકરાં, છોકરો-છોકરા, ચોપડો-ચોપડા, દાયકો-દાયકા, સિક્કો-સિક્કા આ પ્રયોગો બરાબર છે.તેમાં 'ઓ' ઉમેરવાની જરૂર નથી. બહુવચન માટે છાપાંઓ, પગલાંઓ, સુધારાઓ, નબક્કાઓ જેવા શબ્દો કરતાં છાપાં, પગલાં, સુધારા, નબક્કા શબ્દો વધુ ઉચિત છે.

(ઘ) અંગ્રેજી તત્સમ શબ્દો સારું ગુજરાતીમાં પણ સ, ઝ, ઈઝ, જોડવામાં આવે છે તે બરાબર નથી. ટિકિટ કે ટિકિટો માટે ટિકિટ્સ ન કરાય, સ્કૂલો ખરું, સ્કૂલ્સ ખોટું, રેકર્ડ ખરું, રેકર્ડ્ઝ ખોટું, કોચ ખરું, કોચીઝ ખોટું, સ્ટોર ખરું, સ્ટોર્સ ખોટું. ફ્લેટ કે ફ્લેટો ખરું, ફ્લેટ્સ ખોટું. અર્થાત્ અંગ્રેજી તત્સમ શબ્દ પણ એક વચનવાળો જ લેવો ને તેનું બહુવચન કરવું હોય તો ગુજરાતી ઢબે જ કરવું.

(ડ) 'કોડિયું', 'સુધા', 'દષ્ટિ' જેવાં સામયિકોના સંદર્ભમાં 'કોડિયું' માંને બદલે કોડિયામાં, 'કોડિયું'ઓને બદલે 'કોડિયાં' ન કરાય; 'સુધા' આવ્યું પુછાય,. સુધા આવી ન કરાય; 'દષ્ટિ' આવ્યું પુછાય, દષ્ટિ આવી ન કરાય.

(ચ) આપણે ત્યાં 'રાત્રે' શબ્દ પ્રચલિત થયો છે તે આ નિયમ જોતાં બરાબર નથી. ત્યાં ખરી રીતે 'રાતે' યા 'રાત્રિ(ત્રી)એ' એમ જોઈએ.

નિયમ ૬ : કેટલાક શબ્દોમાં મધ્યે લઘુ-પ્રયત્ન 'અ' હોય એટલે કે બોલવામાં 'અ' વગરનો વ્યંજન ભાસતો હોય, તેવા શબ્દોમાં 'અ' અધ્યાહાર સમજીને લખતીવેળા તે વ્યક્ત કરવો.

દાખલા : અરબી શબ્દો : કબજો, કસબો, મરજી, મુનશી, હબશી(સી); અખતરો, અખબાર,ઈલકાલ, ખિદમત, તકરાર, તરકીબ, તસવીર, નફરત, બરકત, બિલકુલ, મરતબો, મિલકત, મુકાબલો, મુફલિસ, મુમકિન, રુખસત(દ), શરબત, સુલતાન, હજરત, હરકત;

ફારસી શબ્દો : આબરૂ, ચરબી, દરજી, નુસખો, મસકો, આફરીન, આબકારી, કારકુન, કારવાઈ, જાનવર, તલવાર, દરબાર, બાદશાહ, રવાનગી, સરકાર, શબનમ;

અંગ્રેજી શબ્દો : રેલવે, સર્કસ, ઓપરેશન, કમિશનર, ફેડરેશન, થરમૉમિટર;

તદ્ભવ શબ્દો : આરતી, આમલી, ઊલટું, કાતરો, કાંસકો, ખાતરી, ચમચો, ચરખો, ચસકો, ચાસકો, જલદી, જુલફું, પાતરાં, ફટકો, બકરી, બરફી, માનતા, મામલો, સાબદું, વલખો, હપ(ફ)તો, હલકું; આવરદા, ઉદ(ધ)માત, કરતૂક(ત), કરવત, કાવતરું, કિરતાર, કિરપાણ, ગણતરી, ધરખમ, ધબકારો, નસકોરું, બળતરા, બારકસ, બિસમાર, મસલત, મળસકું, માતબર, મારફત, માલકોશ, માવતર, મુલતવી, રુશવત, શેતરંજી, સાગરીત(દ), સુપરત, હડતાલ(ળ), આડકતરું, ગભ-રામણ, ગિરફતાર, છુપછુપામણા વગેરે.

વિકલ્પ : ફારસી શબ્દ બલકે- બલ્કે, અરબી શબ્દ નિસબત-નિસ્બત, ફારસી દસકત-તદ્ભવ દસ્તક, તદ્ભવ નિરધાર-સંસ્કૃત નિર્ધાર, તદ્ભવ શબ્દો પેશવા પેશ્વા, ખાતરી-ખાત્રી, જપતી-જપ્તી, કંકોતરી-કંકોત્રી, કાળોતરી-કાળોત્રી, ચકરાવો-ચક્રાવો.

નોંધ : (ક) વિશેષનામો પણ નિયમાનુસારી રહે તે ઉચિત છે. આ દષ્ટિએ ઊમતા, થામણા, બીલખા, મોરબી, વેડછી, અલવર, ઉપલેટા, ઉમરેઠ, ચાસનાળા, ડાંગરવા, નવસારી, રાજકોટ, વડોદરા, સાણોસરા, અમદાવાદ, સાબરમતી, ગોમતી, શામજી, ચુડાસમા, મોરારજી, જગજીવન - આવા શબ્દો પણ દર્શાવ્યા મુજબ અ સહિત લખવા : વચ્ચે માત્ર વ્યંજન ન રાખવો.

(ખ) અરબી કિસ્મત, સંસ્કૃત પર્વત, મુક્તિ, તદ્ભવ છત્રી, જત્રી, પત્રક જેવા શબ્દોમાં વચ્ચે 'અ' બિલકુલ નથી. આ દષ્ટિએ નિયમની શરૂઆતનો 'કેટલાક' શબ્દ ધ્યાનમાં રાખવો.

(ગ) કર્ફ્યુ, ફર્નિચર, યુનિવર્સિટી, હાર્મોનિયમ જેવા કેટલાક અંગ્રેજી શબ્દોમાં વચ્ચે 'ર' નથી, રેફ છે, અર્થાત્ ર્ સાથે અ નથી. □

શબ્દકથા

પાદર

વિકસતી જતી નગર સંસ્કૃતિની નવી પેઢીને 'પાદર' કદાચ શબ્દકોશમાં જ જોવા મળે તો ના નહિ! આ એક વિશિષ્ટ અર્થદ્યોતક પ્રાચીન શબ્દ છે. તેના વિભિન્ન અર્થ નોંધીએ :

(૧) ધરસેન બીજાના એક તામ્રપત્રમાં આનો સામૂહિક સ્વામિત્વ અર્થ થતો હોવાનું માની ડૉ. ફ્લીટ તેનો 'સાર્વજનિક ભૂમિ' એવો અર્થ સૂચવે છે.[1]

(૨) એક અન્ય વિદ્વાનના મતાનુસાર 'ગ્રામ-ગામ પાસેની સાર્વજનિક ભૂમિ' એવો તેનો અર્થ થાય છે.

(૩) ડૉ. એચ. ડી. સાંકળિયા 'પદ્ર' - 'પદ્દર'-પાદર' શબ્દનો અર્થ 'ગામનો એક ભાગ હિસ્સો' થતો હોવાનો મત દર્શાવે છે. ઈ. સ. ૧૮૧ ના એક ક્ષત્રપ અભિલેખમાં 'રસોપદ્રગ્રામ'ની ચર્ચા હોવાનું પણ તેમણે જણાવ્યું છે. આ ઉપરાંત પરવર્તી ત્રૈકુટક, કલચૂરી, મૈત્રક તેમજ અન્ય અભિલેખોમાં આ શબ્દ ગામ સાથે પ્રયોજાયેલ છે.[2]

(૪) એક અન્ય અર્થ પ્રમાણે 'પાદર'નો 'સપાટ-ભૂમિ-જમીન' એવો અર્થ પણ થાય છે. સરખાવો 'પડીને પાદર થવું' લોકોક્તિ.

(૫) કેટલાંક ગામના નામાન્તે 'પાદર' - 'પદર' શબ્દ પણ લાગે છે. જેમ કે, લાખાપાદર, માયાપાદર. આ પ્રકારના નામાન્ત શબ્દો માત્ર કાઠિયાવાડમાં મળતા હોવાનું ડૉ. ભોગીલાલ સાંડેસરાનું તારણ કૈંક અંશે યથાર્થ લાગે છે.[3]

હસમુખ વ્યાસ

સંદર્ભ : (૧) ફ્લૉન ફ્લીટ 'કૉમર્સ ઇન્સ. ઇન્ડિકેરમ'-૩, ક્રમ ૩૮, પૃ. ૨૨-૨૬ (૨) ડૉ. સાંકળિયા એચ. ડી. 'સ્ટડીઝ ઇન ધ હિસ્ટોરિકલ ઍન્ડ કલ્ચરલ જ્યૉગ્રોફી ઍન્ડ ઇથનોલૉજી ઑફ ગુજરાત' પૃ.૫૧ (૩) ડૉ. ભોગીલાલ સાંડેસરા. 'ઇતિહાસની કેડી' પૃ. ૧૧૫



આતમ, અંતરપટ ખોલો
કે પંચમી આવી વસંતની

ચેતના આ આવી ખખડાવે છે બારણાં,
હેતે વધાવી એને લો રે ઓવારણાં.
ઝૂલે શો સૃષ્ટિનો હિંડાળો !
કે પંચમી આવી વસંતની

(ઉમાશંકર જોશી)

જે. આર. ડી. ટાટા
'ભારતરત્ન'

આપણા દેશના ઉદ્યોગપતિ અને દેશમાં નાગરિક ઉડ્ડયન સેવાનો પ્રારંભ કરનાર ૮૮ વર્ષના આયુમાં લગભગ સાડા છ દાયકા સુધી ઔદ્યોગિક અને અન્ય ક્ષેત્રોમાં કાર્યશીલ રહેલા જે. આર. ડી. - જમશેદજી રતનજી દાદાભોય ટાટાને આ વર્ષે ભારત સરકારે ભારતરત્નનું દેશનું સર્વોચ્ચ માન આપ્યું છે. રાજકારણની બહાર રહી આ માન પામનાર તેઓ દેશના પ્રથમ મહાનુભાવ છે.

ઈ. ૧૯૦૪ની ૨૯ જુલાઈએ પારીસમાં એમનો જન્મ. પિતા રતનજી દાદાભાઈએ પારીસમાં ઝવેરાતનો વ્યવસાય શરૂ કરેલો ત્યારે એમને ફ્રેંચ શીખવતા મહિલાના પુત્રી સુમીન સાથે એમણે લગ્ન કરેલું. જમશેદજી એમના પુત્ર. ફ્રાંસ અને ભારતમાં એમણે શાળાકીય શિક્ષણ લીધેલું, પણ ઉચ્ચ અભ્યાસ છોડીને એમને ટાટા સ્ટીલમાં જોડાવું પડ્યું અને તેના ચેરમૅન દોરાબજી ટાટાના દેહાવસાન પછી તેઓ એ સ્થાન પર આવ્યા. પછી તો ટાટા જૂથનાં અનેકવિધ ઔદ્યોગિક સાહસો તથા અન્ય અનેક દિશાના એવાં સાહસોમાં ઉચ્ચ પદો પર આવતા રહી એમણે ટાટા જૂથનું દેશનું મોટું ઔદ્યોગિક સામ્રાજ્ય વિકસાવ્યું.



ઈ. ૧૯૨૯માં જમશેદજીએ પાઈલોટનું લાયસન્સ મેળવ્યું. ૧૯૨૯ના ફેબ્રુઆરીમાં એમને ફેડરેશન ઍરોનૉટિક ઈન્ટરનેશનલ વતી એરો ક્લબ ઑફ ઈન્ડિયા એન્ડ બર્માનું એવીએટર્સ સર્ટિફિકેટ મળ્યું. ૧૯૩૦માં ઈંગ્લેન્ડ અને હિંદુસ્તાન વચ્ચે વિમાનમાં એકલ ઉડ્ડયન કરવાની આગાખાન પારિતોષિક સ્પર્ધામાં ભાગ લીધો પરંતુ તેમાં અસ્પી એન્જીનીઅર સામે તેઓ હારી ગએલા.

આમ તો આ દરમિયાન હિંદુસ્તાનમાં ઈ. ૧૯૨૦ની ૨૩ જાન્યુઆરીથી વિમાન ઉડ્ડયનોનો વ્યાવસાયિત આરંભ થએલો. એ વખતે બે આર. એ. એફ. વિમાનો દ્વારા કરાંચીથી કલકત્તા ટપાલ લઈ જવાની અજમાએશ આરંભાઈ હતી. ત્યારે હવાઈટપાલનો દર કેવળ આઠ આના (આજના ૫૦ પૈસા) હતો, પણ પૂરતો પ્રતિભાવ ન મળતાં સાનેક સપ્તાહમાં એ સેવા બંધ થઈ ગઈ. ૧૯૨૭ની ૨૧ મેએ કલકત્તા અને બાગડોગ (સિલિગુરી) વચ્ચે બેંગાલ એર ટ્રાન્સપોર્ટ માલસામનની હેરફેર માટે હવાઈ સેવા શરૂ કરી

દાદુરની દુનિયા

સાંકડા મોઢાવાળો દેડકો



આ જાતિના દેડકાનું માથું નાનું અને શંકુ આકારનું હોય છે. શીર્ષ ઉપર ચામડીની ગડી હોય છે તેના જે આંખની પાછળના ભાગ સુધી લંબાયેલી હોય છે. ચામડીનો રંગ ઘેરો હોય છે કે ચામડી ઉપર જુદા જુદા રંગનાં ટપકાં આવેલાં હોય છે. તેની નીચેની (જમીન તરફની) બાજુ ફીકી હોય છે. આ નિશાચર દેડકાનો અવાજ ઝીણો હોય છે. ઘણુંખરું તે લાકડાના ટુકડા અને ખડકો નીચે સંતાઈને રહે છે. આમાંની એક જાતિ 'શીપ' (sheep) દેડકા તરીકે જાણીતી છે. તેમનું પણ માથું સાંકડું હોય છે. પરંતુ ચામડી ઢીલી અને ઘેરા રંગની હોય છે. તેની પીઠ ઉપર મધ્યમાં શીર્ષથી શરૂ થઈ છેક પાછળના ભાગ સુધી લંબાયેલી પીળી કે નારંગી રંગની સળંગ પટ્ટી હોય છે. તેમનામાં પ્રજનન માર્ચથી સપ્ટેમ્બર દરમિયાન થાય છે. તે પોતાનાં ઈંડાં છીછરાં તળાવમાં કે વરસાદનાં પાણીના ખાબોચિયામાં મૂકે છે. આ જાતિ પશ્ચિમ અમેરિકામાં જોવા મળે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

પરંતુ એ પણ એક જ અઠવાડિયામાં બંધ કરવી પડી હતી ત્યારબાદ ૧૯૨૯ના એપ્રિલમાં ઇમ્પીરિઅલ એરવેઝની લંડનથી કેરો (કાહીરો)ની વિમાન સેવા કરાંચી સુધી લંબાવાઈ હતી. તે પછી ડિસેમ્બરમાં કરાંચીથી સિંધ હૈદ્રાબાદ અને જયપુર થઈને દિલ્હી સુધીની હવાઈ સર્વિસ ચાલુ થએલી જે આપણે ત્યાંની પ્રથમ આંતરિક પ્રવાસી સર્વીસ હતી. ઈન્ડિયન સ્ટેટ એર સર્વિસિઝ નામે ઓળખાતી એ વિમાન સેવા હિંદ સરકારની માલિકીની હતી.

આ પછી ટાટાએ આ ક્ષેત્રમાં ઝુકાવ્યું. ૧૯૩૨ની ૧૫મી ઓક્ટોબરે જમશેદજી એકલાએ કરાંચીથી મુંબઈ સુધી એક સીટવાળા પુસ મોથ વિમાનમાં ઉડ્ડયન કરીને 'ટાટા એરલાઈન્સ'ની સેવાનો આરંભ કર્યો. દેશમાં નાગરિક ઉડ્ડયનસેવાની આ ઐતિહાસિક ઘટનાની સુવર્ણજયંતી નિમિત્તે ૧૯૮૨માં જમશેદજીએ આ સાહસનું પુનરાવર્તન કરવા વિચાર્યું. પરંતુ એમની હૃદયની બિમારીને કારણે ડૉક્ટરોએ આ સાહસ ન કરવા જણાવ્યું. છતાંય એમણે મક્કમતાપૂર્વક આ સાહસ કરવાનો નિર્ધાર કર્યો. એટલું જ નહિ, પણ ૭૮ વર્ષની મોટી વયે એમણે આ સાહસ સફળતાપૂર્વક પાર પણ પાડ્યું. આગળ જતાં ટાટા એરલાઈન્સનું એર ઈન્ડિયામાં અને બે વર્ષ પછી ૧૯૪૮માં એર ઈન્ડિયા ઇન્ટરનેશનલમાં રૂપાંતર થયું. ત્યારે યે જમશેદજી તેના ચેરમેન બનેલા. ૧૯૭૯માં ભારત સરકારે એમને આ પદ પરથી તથા એટમિક એનર્જી કમિશનમાંથી મુક્ત કરેલા.

રાજકારણથી એ અલિપ્ત રહે છે. તમામ પ્રકારના અંકુશો અને વેપાર- ઉદ્યોગોમાં સરકારી હસ્તક્ષેપના પણ એ વિરોધી રહ્યા છે.

ટાટ સન્સ લિ.માં સહાયક તરીકે જોડાઈને એમણે કારકિર્દીનો આરંભ કર્યો અને પછી ઉત્તરોત્તર તેઓ તેના ડિરેક્ટર ને ચેરમેન બન્યા. આ ઉપરાંત ટાટા બરોઝ લિ., ટાટા કેમિકલ્સ લિ., ઈન્ડિયન હોટેલ્સ કં. લિ., ટાટા લિ., ટાટા ઇન્કોર્પોરેટેડ, ટાટા એ. જી., ટાટા મેનેજિંગ કાઉન્સિલ ઓફ નેશનલ સેન્ટર ફોર ધ પર્ફોર્મિન્ગ આર્ટ્સ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ, જે. એન. ટાટા એન્ડોવમેન્ટ ફોર હાયર એડ્યુકેશન ઓફ ઈન્ડિયન્સ, ફેમિલી પ્લાનિંગ ફાઉન્ડેશન, ટાટા એનર્જી રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સર દોરાબજી ટાટા ટ્રસ્ટ, લેડી ટાટા મેમોરીઅલ ટ્રસ્ટ, સર જમશેદજી ટાટા ટ્રસ્ટ, ટાટા ઇન્ડસ્ટ્રીઝ લિ., ધ ટાટા ઓઇલ મિલ્સ કં. લિ., ટાટા કેમિકલ્સ લિ., ટાટા સ્પોર્ટ્સ ક્લબ, એરો ક્લબ ઓફ ઈન્ડિયા, ટાટ એન્જિ. એન્ડ લોકોમોટિવ કં. લિ., એર ઇન્ડિયા, સેન્ટ્રલ એડવાઇઝરી કાઉન્સિલ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઇકો. રીસર્ચ, કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ સોસાયટી, એટમિક એનર્જી કમિશન, નેશનલ ઈન્ટિગ્રેશન કાઉન્સીલ, સંયુક્ત રાષ્ટ્રોની જનરલ એસેમ્બ્લીમાં પ્રતિનિધિત્વ, વગેરે અનેકવિધ ઔદ્યોગિક સાહસો, સંસ્થાઓ ઇત્યાદિમાં એમણે ચેરમેન કે પ્રમુખપદે કામ કર્યું છે.

એમની આ બધી બહુવિધ કામગીરી બદલ અલ્લાહબાદ યુનિ. એ એમને ડી.એસસી.ની માનદ્ ઉપાધિ આપી છે. આ જ રીતે બોમ્બે યુનિ.એ ડૉક્ટર ઓફ લીઝ, મિલ્વૂકીના નેશનલ એસોસીએશન ઓફ ફોરમેને ઈન્ટ. મેનેજમેન્ટ મેન, ઑફિસર ઓફ લીજીઅન ઓફ ઓનર, નાઇટ કમાન્ડર ઓફ સેન્ટ ગ્રેગરી ધ ગ્રેટ, દુર્ગાપ્રસાદ ખેતાન મેમોરીઅલ ગોલ્ડ મેડલ, ઈન્ડિયન એરફોર્સના માનદ્ એર વાઈસ માર્શલ, અગત્સ્ય એવોર્ડ, નાઈટ કમાન્ડર્સ ક્રોસ ઓફ ઓર્ડર, મેરિટ ઓફ એફ. આર. જી., ટોની જેનસ એવોર્ડ, વગેરે વગેરે અનેક માનસમ્માનોથી એ વિભૂષિત છે. ભારત સરકારે પણ 'પદ્મ-વિભૂષણ'ના માનથી નવાજ્યા પછી હવે એમને 'ભારતરત્ન' બનાવ્યા છે.

ઈ. ૧૯૯૧માં એમણે સ્વેચ્છાએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી તે ઘટના રોમાંચક અને સતત વ્યવસાયમાં રચ્યાપચ્યા રહેનાર માટે અનુકરણીય છે. એમણે પોતાની કંપનીમાં સહુની સાથે સદ્ભાવપૂર્ણ અને માનવતાભર્યું વલણ અપનાવ્યું હતું તે તેમની વ્યાવસાયિક સફળતાની ચાવી છે.

પક્ષીય રાજનીતિ છોડી આ વર્ષે પ્રથમ વાર આમ ભારતના બિનરાજકીય મહાનુભાવને આ રીતે સમ્માનવાનો આ જે આરંભ કર્યો છે એ પણ પ્રશંસનીય વળાંક છે.

સંતાનોનો કર્તવ્યધર્મ

આ દુનિયામાં જેટલા પર્વત છે, એ જેમ મેરુગિરિ નથી હોતા; જેટલાં કંકર છે, એ શંકર નથી હોતા; જેટલાં વન છે, એટલાં ચંદનવન નથી હોતાં; એમ જેટલા માનવ છે, એટલા ઉત્તમ નથી હોતા! કરોડો માનવોનો મોટો ભાગ તો પશુ જેવો હોય છે, એમાંથી થોડાઘણા અધમ હોય છે, એમાંથી ઘણો થોડો ભાગ જ વિમધ્યમ હોય છે અને એ વિમધ્યમોમાંથી પણ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ ઉત્તમ જડી આવે છે.

આકારે માનવ સરખો હોવા છતા અના.મા આવો ભેદ પ્રકારના કારણે પડે છે.આ પ્રકાર પણ અનેક જાતના છે, છતાં એક સુભાષિતે જે પ્રકારને માધ્યમ બનાવીને માનવોના આવા વિભાગ પાડ્યા છે, એ પ્રકાર જાણવા જેવો છે. સુભાષિતનું કહેવું છે કે માતા જેવી પોતાની માતાને જે સ્તનપાન સુધી જ સેવે, એ તો પશુ છે. પત્નીનો સથવારો મળતા જે તરછોડી દે, એ નરાધમ છે અને જયાં સુધી ઘરકામ કરી શકવા સમર્થ હોય, ત્યાં સુધી જે માતાને સાચવે, એ વિમધ્યમ છે. ઉત્તમની કક્ષા પામી શકે, એવો એ જ છે, જે માતાની મૃત્યુ પર્યંત એક તીર્થની જેમ સેવા કરે!

માતા સાથે માતા તરીકેનો સંબંધ પશુઓમાં પ્રાય: ત્યાં સુધી જ જળવાતો હોય છે, જ્યાં સુધી નવજાત એ શિશુને સ્તનપાનની આવશ્યકતા રહેતી હોય છે. સ્તનપાન વિના જ્યાં એ જીવતું થઈ જાય છે ત્યાં જ માને તરછોડી દેતું હોય છે. આ દુનિયામાં માનવનો આકાર ધરાવતાં આવાં પશુઓની સંખ્યા ઠીક ઠીક મોટી છે. આવા લોકો બાળક મટીને જ્યાં કિશોર બને છે, થોડુંક અક્ષરજ્ઞાન જેટલામાં એ મેળવી લે છે, તેટલામાં જ મા સાથેના મા તરીકેના પૂજ્યત્વના સંબંધોનો એ અંત આણી દેતા હોય છે. આવી પશુકક્ષા ધરાવતા માણસોને 'અધમાધમ' તરીકે ઓળખાવી શકાય.

અધમાધમ પછી આના કરતા થોડીક ઓછી ખરાબ કક્ષા 'અધમ'ની છે. કેટલાક માણસો બાળકમાંથી યુવાન બને છે, ત્યાં સુધી તો માને ઠીક ઠીક સાચવે છે, પણ જયાં એમનું લગ્ન થતું હોય છે, ત્યાં જ એઓ કાં તો મા-બાપને ઘર છોડવાની ફરજ પાડતા હોય છે, કાં તો મા-બાપને તરછોડી

દઈને એઓ પોતાનો અલગ માળો રચી લેતા હોય છે. આવા માણસોને અધમ તરીકે ઓળખાવી શકાય.

અધમ પછીની જરાક ઓછી ખરાબ કક્ષા છે વિમધ્યમની! કેટલાક માણસો મા-બાપનો પૂરેપૂરો કસ કાઢી લેતા હોય છે. જ્યાં સુધી એમના હાથપગમાં ઘરનું કાર્ય કરવાનું જોર હોય છે ત્યાં સુધી તો એઓ મા-બાપને સાચવે છે, પણ આ જાતનું જોર ખતમ થઈ જતાં, કેરીના ગોટલાની જેમ નિરસ-નિઃસત્ત્વ બની ગયેલાં મા-બાપને એઓ ફેંકી દેતા હોય છે.

અધમાધમ તો સાવ ખરાબ ગણાય, અધમ એથી જરાક ઓછો ખરાબ ગણાય, વિમધ્યમ એના કરતા ઠીક ઠીક ઓછો ખરાબ ગણાય, જ્યારે ઉત્તમની કક્ષા શોભાવતા પુરુષો તો અત્યંત શ્રેષ્ઠ ગણાય. કેટલાક માનવો મૃત્યુ પર્યંત પોતાની માતાના સેવક બનીને રહેતા હોય છે. માતાને એઓ એક તીર્થની જેમ પવિત્ર માનીને આરાધતા હોય છે. આવા માણસો 'ઉત્તમ'ની કક્ષાને શોભાવનારા ગણાય છે.

સભ્યતા, સંપત્તિ અને સુખ-સગવડોનો આજના જેવો વિકાસ નહોતો થયો, એ પણ એક યુગ હતો ! જ્યારે લગભગ ઘરે ઘરે માતા-પિતાનું સ્થાન કોઈ તીર્થ જેવું આરાધ્ય હતું. ત્યારે મા-બાપના સેવક તરીકે પોતાની જાતને ઓળખાવતા પુત્રો ગૌરવ અનુભવતા હતા અને આ પણ એક આજનો જમાનો છે, જ્યારે માતા-પિતાના સેવક તો નહિ, પણ પાલક બનવાનીય ઘણા ઓછાની તૈયારી છે. અરે ! ઘણી જમાત તો એવા કુજાત છે કે જે મા-બાપને પોતાના ચાકર તરીકે ઓળખાવવાની ધિઠ્ઠાઈ પણ હસતે હૈયે કરતી હોય!

આ જમાનાનું સૌથી મોટામાં મોટું આશ્ચર્ય તો એ છે કે જે મા-બાપે એકલપંડે પાંચ પુત્રોને ઉછેર્યા હોય અને ભણાવી-ગણાવીને પગભર કર્યાં હોય, એ પાંચ પુત્રો ભેગા મળીનેય અને પાંચ પત્નીઓનો સથવારો લઈનેય એક મા-બાપને જાળવી જાણવાની પરીક્ષામાં નાપાસ જાહેર થતા હોય છે. આ કંઈ જેવું તેવું આશ્ચર્ય નથી ! આજે સ્થપાતાં ' ઘરડાં-ઘરો'ને ભલે સૌ તાળીઓના ગડગડાટથી વધાવી લેતાં હોય, પણ ખરી રીતે ભારતની નવી પેઢીએ કર્તવ્યના ક્ષેત્રે કાઢેલા દેવાળાનું આ વરવું પ્રતીક છે. આજે વધતી હોસ્પિટલો જેમ કથળતા આરોગ્યનો અને જેલો જેમ વધતી ગુનાખોરીનો નાદર નમૂનો પૂરો પાડી જાય છે તેમ ' ઘરડાં-ઘરો' આજે ધોવાણ પામી રહેલા કર્તવ્ય-ધર્મની ચાડી ખાય છે. આ સત્ય આજના સંસારને સમજાશે ખરું ? અને સમજાયા પછી ગળેથી અંદર ઊતરીને પેટમાં ટકશે ખરું ?

- આચાર્યશ્રી પૂર્ણચંદ્રસૂરિજી

('પ્રબુદ્ધ જીવન'ં ૧૬-૧-૯૧ના અંકમાંથી સાભાર)

અમેરિકાના ભૂતપર્વ પ્રમુખો વિષે

ઈ. ૧૭૩૨ની ૨૨ ફેબ્રુઆરીએ જયોર્જ વૉશિંગ્ટનનો જન્મ. જયારે એ અમેરિકાના સંયુકત રાજ્યોના પ્રથમ પ્રમુખ ચૂંટાયા ત્યારે સેનેટ કમિટીએ એમને માટે 'હિઝ હાઈનેસ, ધ પ્રેસિડન્ટ ઑફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા એન્ડ પ્રોટેકટર ઑફ ધેર લિબર્ટીઝ' એવું પદ-નામ (ખિતાબ) આપવાનું વિચાર્યું. જોકે એનો કદી ઉપયોગ થયો ન હતો.

પોતાના આ પદગ્રહણ સમારંભમાં પહોંચવા એમણે ૬૦૦ ડૉલર લેવા પડ્યા હતા, અને જ્યારે એમનું અવસાન થયું ત્યારે ૫,૩૦,૦૦૦ ડૉલરની જાગીર મૂકતા ગયા હતા. છવ્વીસમા પ્રેસિડન્ટ થીઓડૉર રૂઝવેલ્ટ પોતાની પાછળ ૮,૧૧,૦૦૦ ડૉલરની જાગીર અને બત્રીસમા પ્રેસિડન્ટ ફ્રૅંકલિન ડી. રૂઝવેલ્ટ પોતાની પાછળ ૧૦,૮૫,૫૦૦ ડૉલરની મિલકત છોડતા ગએલા.

આથી ઊલટું પાંચમા પ્રમુખ મનરો, નવમા વિલિયમ એચ. હેરિસન અને અઢારમા ગ્રાંટ પોતાની પાછળ ખાસ કંઈ છોડી ગયા નહોતા, જ્યારે ત્રીજા પ્રમુખ જેફરસન તો ૪૦,૦૦૦ ડૉલરનું દેવું છોડતા ગએલા. આ દેવું ભરપાઈ કરવા એક જાહેર લૉટરી કાઢવાનું પણ વિચારાએલું પણ એમના મિત્રોએ ૧૬,૦૦૦ ડૉલર અંદરોઅંદર એકઠા કરતાં લૉટરીનો ખયાલ પડતો મુકાએલો. પ્રેસિડન્ટ ગ્રાંટ પ્રમુખ તરીકે નિવૃત્ત થયા ત્યારે મિત્રોએ એમના માટે ધંધાની વ્યવસ્થા કરેલી. પણ એમનું અવસાન કૅન્સરમાં અને નિર્ધન જેવી અવસ્થામાં થએલું. એમણે પોતાનાં સંસ્મરણો લખેલાં જેમાંથી એમનાં વિધવા પત્નીને ૫,૦૦,૦૦૦ ડૉલર મળ્યા હતા.

અતિ ઝડપી જર્મન ટ્રેન

ફેડરલ જર્મન રેલવેએ એક અત્યંત ઝડપી નવી ટ્રેન વ્યવહારમાં મૂકી છે. હેમબર્ગને સ્ટટગાર્ડ અને મ્યુનિખ સાથે સાંકળતી આ ગાડી 'ઈન્ટર સિટી એકસ્પ્રેસ' (ICE-આઈસ) નામે ઓળખાય છે. આગળ અને પાછળ ઍંજિન સહિત ૧૪ ડબાવાળી ૪૦૦ મીટર લાંબી આ ગાડી સરેરાશ એક કલાકમાં ૨૫૦ કિ.મી. જેટલું અંતર કાપે છે. વૈભવી ઓપવાળી ડાઈનિંગ-કાર સહિત આ ગાડીમાં ટેલિફોન, ટેલિફેકસ અને ઝેરોક્સની પણ સગવડ છે.

આ ગાડીઓ એકબીજીની બાજુમાંથી પસાર થાય ત્યારે તેના અતિશય વેગને કારણે હવાના દબાણથી ઊભી થતી આડઅસરો ટાળવા અંગે પણ વિચારણા કરવામાં આવી છે. પૂર્ણ ક્ષમતાએ દોડતી હોય ત્યારે આ ગાડીને બ્રેક લગાડ્યા પછી પાંચ કિલોમીટરના અંતરે એ ઊભી રહે છે.

આ ગાડી દ્વારા સ્ટટગાર્ડથી મ્યુનિખ પહોંચવામાં વિમાન દ્વારા જવા જેટલો જ સમય લાગે છે. કારણ વિમાનમથકો શહેરથી બહુ દૂર હોય અને ત્યાં જવા-આવવાનો સમય પણ ગણવામાં આવે તો આવી ગાડીની સફર ઓછા વખતમાં આટોપી શકાય છે. આવી લગભગ ૬૦ ગાડીઓ વ્યવહારમાં મુકાવાનો સંભવ છે. (વૃત્ત શકુન)

ભુલસુધાર

ગયા અંકમાં જયન્ત પાઠકના કાવ્યમાં બીજી પંક્તિમાં 'ચોકડું', ગીતા પરીખના કાવ્યમાં ચોથી પંક્તિમાં 'અહીંયાં' અને પાંચમી પંક્તિમાં 'ક્યાંય' તથા ધીરુ પરીખના મુક્તમાં છેલ્લે 'મનમોકળી' વાંચવું.

માધુકરીમાં 'રામુ પંડિતનું નિધન' નોંધમાં પહેલી પંક્તિમાં ૧૯૧૯ને બદલે ૧૯૯૧ વાંચવું.

OO OO OO

ઉત્તમ સૌથી આબરુ સજ્જન કેરો સાથ,
લજ્જા ગઈ જો લાખની ફરી ન આવે હાથ.

OO OO OO

પ્રભુદાસ ગાંધીએ યરવડા જેલનો એક પ્રસંગ નોંધ્યો છે. ત્યારે ત્યાં ટટ્ટી-પેશાબનાં કૂંડાં નીચી વરણના કેદી પાસે સાફ કરાવાતાં હતાં. પણ અનેક કેદીઓ વચ્ચે એક સવર્ણ કેદી એવો નીકળ્યો કે એણે જેલની રસમને તોડવા જાતે કૂંડાં સાફ કરવાનો આગ્રહ સેવ્યો અને જેલરે ના પાડતાં એ કેદી ઉપવાસ પર ઊતર્યો. ગાંધીજી પણ ત્યારે યરવડા જેલમાં હતા. એ પણ પેલા સવર્ણ કેદીના ઉપવાસમાં જોડાયા. આખરે સરકારે એ બ્રાહ્મણ કેદીને ટટ્ટી-પેશાબનાં કૂંડાં જાતે સાફ કરવાની છૂટ આપવી પડી. કોઈ કામ નાનું કે મોટું, ઊંચું કે નીચું નથી એવો દાખલો બેસાડનાર આ સવર્ણ કેદી તે અપ્પાસાહેબ પટવર્ધન.

¤

ગયા વર્ષે ઓસ્ટ્રેલિઆના પહેલવાન ડેવિડ હક્સલીએ ત્યાંના એક વિમાનની ઉડ્ડયન પટ્ટી પર લગભગ ૨૫ મીટર સુધી ૩૮ ટન વજન ધરાવતું જમ્બો જેટ વિમાન ખેંચીને પોતાના શરીરની તાકાતનો પરચો બતાવ્યો હતો.

¤

ઈ. ૧૬૫૪માં શાહજહાંએ બહાર પડેલો બસો મહોરનો સુવર્ણ-સિક્કો અત્યાર સુધીના સોનાના સિક્કાઓમાં સૌથી મોટો ગણાયો છે.

¤

બર્નાડો પુટેરી નામનો એક રસોઈઓ ૧૮૭૨માં પ્રશાન્ત મહાસાગરમાં આવેલા ગેમ્બિયર ટાપુનો રાજા બની શક્યો હતો, કારણ કે એની પાસે ફ્રેન્ચ લશ્કરી અધિકારીનો કાઢી નાંખેલો ગણવેશ હતો. આ જ એની લાયકાત બની રહી હતી.

¤

સામાન્ય માન્યતા એવી છે કે રણમાં ઊંટ દિવસો સુધી પાણી વગર ચલાવી શકે, કારણકે એની ખૂંધમાં તે ભર્યું હોય છે! પણ આનું વૈજ્ઞાનિક કારણ એવું મનાય છે કે એની ખૂંધમાં જે ચરબીનો જથ્થો હોય છે તેમાંથી હાઈડ્રોજન છૂટો પડી શ્વાસમાં લેવાય ત્યારે તે ઓક્સિજન સાથે ભળતાં પાણીરૂપ બને છે.

¤

વાટેલી હિંગનો લેપ દૂંટીની આસપાસ કરવાથી અને થોડી હિંગ દૂંટીમાં ભરવાથી ગેસને કારણે થતા પેટના દુખાવામાં રાહત થાય છે.

¤

સમાનાર્થી કહેવતો

આતાભાઈએ આશા આપી, આંટા ખૂબ ખવરાવ્યા;
આજકાલ કરીને આખર,ગોળને પાણીએ નવરાવ્યા.

વાયદાનો વિશ્વાસ નહિ કરવા વિષે આવાં જોડકણાં સહિત અનેક કહેવતો આપણામાં પ્રચલિત છે. એમાંથી થોડીક જોઈએ :

દીકાર મોટો થા, પરણાવીશું.
સોમવતી અમાસ અને શુક્રવાર
વાયદો હોળીદિવાળી વચ્ચે તે ખૂટે જ નહિ.
વાયદે ગયું તે વાએ ગયું.
વાયદા ઉપર વાયદો તેમાં કોણ કાઢે ફાયદો ?
તાળવે ગોળ ચોંટાડવો.
દાસ જીનકુ કહે કાલ, ઉનકે કોણ હવાલ ?
બાવા મરેંગે તબ બેલ બાટેંગે.
પલકકા પખવાડિયાં, ઘડી કે ખટ માસ.
દિવસનો ક્યાં દુકાળ છે ?
અબી કહેતાં દિન આઠ, તબી કહેતાં દિન વીશ;
હોય કાલનો વાયદો, તો જાણે જગદીશ.

¤

ફેબ્રુઆરી ૧૭૪૧માં અમેરિકા એટલે કે યુ.એસ.માં સૌપ્રથમ સામયિક પ્રકટ થયું. ફિલાડેલ્ફિઆમાં એન્ડ્રયુ બ્રેડફોર્ડે એ શરૂ કરેલું, જે 'ધી અમેરિકન મૅગેઝીન' કે 'એ મન્થલી વ્યૂ ઓફ પોલિટિકલ સ્ટેટ ઑફ ધ બ્રિટિશ કોલોનીઝ' નામે ઓળખાતું હતું.

¤

ચીનના કબજા તળેના ૩૭,૫૫૫ ચોરસ કિ.મી. સાથે ગણાતાં જમ્મુ-કાશ્મીરનો લડાખ જિલ્લો ભારતમાં સૌથી મોટો (૮૨,૬૬૫ ચો. કિ.મી.) જિલ્લો છે. એના પછી ગુજરાતનો કચ્છ જિલ્લો ૪૫,૬૫૨ ચોરસ કિ.મી.નો વિસ્તાર ધરાવે છે. જ્યારે પૉંડિચેરીનો માહે જિલ્લો માત્ર ૯ કિ.મી.નો હોઈ નાનામાં નાનો જિલ્લો છે.

¤

જાણો છો ? તમિળનાડુના સ્વ. મુખ્યપ્રધાન એમ.જી. રામચંદ્રનના નામે મદ્રાસમાં ૧૯૯૦ની ૫મી ફેબ્રુઆરીએ એક મંદિર ખુલ્લું મુકાયું છે, જેમાં કાળા ચશ્મા, માથાની વિગ તથા ફૂમતાંવાળી ટોપી સહિતની રામચંદ્રનની પ્રતિમા સ્થાપી એમના અનુયાયીઓ એમને દેવ બનાવીને ત્યાં નિયમિતપણે એમની પૂજા-અર્ચના કરે છે.

¤

विद्या ददाति विनयं
विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति
धनाद्धर्मस्ततः सुखम् ॥

(વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા આવે છે; પાત્રતાથી ધન પ્રાપ્ત થાય છે. ધનથી ધર્મ અને પછી સુખ.)

બેહરિન, બ્રુનેઈ, કુવૈત અને કાતારમાં લોકોને પોતાની આવક ઉપર કંઈ જ વેરો ભરવો પડતો નથી. આપણે ત્યાં ?

¤


ગણિતગમ્મત

૧ થી ૨૪ સુધીના આંકડાને નીચે પ્રમાણે અનુક્રમમાં ચાર હારમાં ગોઠવવાથી પ્રત્યેક ઊભી હારનો સરવાળો એકસરખો જ આવશે.


૧	૨	૩	૪	૫	૬
૧૨	૧૧	૧૦	૯	૮	૭
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯

¤

કલાકણિકા



ઈ.સ. પૂર્વેના એક સહસ્રાબ્દના અરસાની જપાનમાં મળી આવેલી માટીની એક પ્રાચીન માતૃકામૂર્તિ.



ચૌલુક્ય મહારાજા કુમારપાલના એક દાન વિષયક તામ્રપત્રનો અંતિમ ભાગ
જેમાં છેલ્લે કુમારપાલનો નામોલ્લેખ વંચાય છે.

'કુમાર', ફેબ્રુઆરી ૧૯૯૨ • સળંગ અંક ૭૬૯ • છૂટક નકલની કિં. રૂ. ૮ KUMAR Regd. No.GAMC 925

આવરણ • નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ • અમદાવાદ